CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ મહા વદ -૨ — મંગળવાર, તા.૦૩-૦૨-૨૦૨૬ — અંક : ૧૭૯ વર્ષ : ૨૧ — email :rajkot@aaspassindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

# ભારત યુએસ પાસેથી ૫૦૦ બિલિયન ડોલરની ખરીદી કરશે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન પ્રમુખ ટ્રમ્પ વચ્ચે વાતચીત બાદ બન્ને નેતાઓએ વેપાર કરાર પર સહમતિ થઈ હોવાની જાહેરાત કરી

નવી દિલ્હી,

લાંબી વાટાઘાટો બાદ ભારત અને યુએસ વચ્ચે વેપાર કરાર થયો છે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈ કાલે સોમવારે કરારની જાહેરાત કરી હતી. ભારતે પણ આ કરારની પુષ્ટિ કરી છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક જાહેર નિવેદનમાં આ પગલાનું સ્વાગત કર્યું છે.



કરાર મુજબ યુએસ ભારત લગાવેલો ૨૫ ટકા રેસિપ્રોકલ ટેરીફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે, બદલમાં ભારતની બજારમાં યુએસની પહોંચને સરળ બનાવવામાં આવી છે. ટ્રમ્પના જણાવ્યા મુજબ ભારત રશિયન પેટ્રોલીયમની ખરીદી બંધ કરવા તૈયાર થયું છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે ભારત યુએસના ઉત્પાદનોઓ પર ટેરિફ ઘટાડવા અને નોન-ટેરિફ અવરોધોને સપૂર્ણ પણે દુર કરવા તૈયાર છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, વડા પ્રધાન મોદીએ કહ્યું કે ટ્રમ્પ સાથેની વાતચીત "અદ્ભુત" ગણાવી અને યુએસમાં આયાત થતા ભારતના ઉત્પાદનો રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવા બદલ તેમનો આભાર માન્યો. જોકે, ભારત સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં રશિયન પેટ્રોલિયમની ખરીદી બંધ કરવા અંગે કોઈ ઉલ્લેખ નથી.

વેપાર કરાર અંગે અત્યાર સુધી મળેલી માહિતી:યુએસમાં ભારતીય ઉત્પાદનો પર રેસિપ્રોકલ ટેરિફ ૨૫% થી ઘટાડીને ૧૮% થશે યુએસ-ભારત વેપાર કરાર તાત્કાલિક અમલમાં આવશે ભારત યુએસ ૫૦૦ બિલિયન ડોલરથી વધુનો માલ ખરીદશેટ્રમ્પનાં દાવા મુજબ ભારત યુએસના ઉત્પાદનો પર ટેરિફ ઘટાડશે અને નોન-ટેરિફ અવરોધોને સંપૂર્ણ દુર કરશે

### અમેરિકાએ ટેક્સ ઘટાડી ૧૮ ટકા કર્યો

અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે. આ સિવાય તેમણે બીજો એક દાવો એવો પણ કર્યો કે ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફમાં ધરખમ ઘટાડો કરાશે. એનર્જી, ટેકનિક, કૃષિ સહિતના સેક્ટરમાં અમેરિકાની વસ્તુઓ માટે ભારતના માર્કેટના દરવાજા ખોલવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે અમેરિકાની ૫૦૦ અબજ ડોલરની વસ્તુઓ ભારતમાં વેચાશે. ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદીએ પણ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી. જોકે તેમણે તેમના નિવેદનમાં ક્યાંય ભારત રશિયાથી ઓઈલ નહીં ખરીદે તેવી કોઈ પુષ્ટિ કરી નથી. કૃષિ પ્રોડક્ટ્સને લઈને પણ તેમણે કોઈ પુષ્ટિ નથી કરી.

### શેરબજાર અને સોના ચાંદીના બજારમાં તેજી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પરના ટેરિફમાં ૧૮ ટકા ઘટાડો કરવાની જાહેરાત કરી, જેના પરિણામે ભારતીય બજારમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો. આજે શેરબજાર ખુલતા જ સેન્સેક્સ ૨,૫૪૬ પોઈન્ટથી વધુ વધ્યો, જ્યારે નિફ્ટી ઈન્ડેક્સ પણ ૭૨૪ પોઈન્ટ ઉછળ્યો.આ ઉપરાંત સોના ચાંદીના બજારમાં પણ તેજી જોવા મળી છે.આજે ચાંદીના ભાવમાં રૂ.૧૮૦૦૦ અને સોનાના ભાવમાં રૂ.૬૦૦૦ નો ઉછાળો જોવા મળ્યો હતો.

મહિનાઓ સુધી વાટાઘાટો બાદ આખરે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ છે. ગઈકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેલિફોનિક વાતચીત કરી. જે બાદ બંને નેતાઓએ સોશિયલ મીડિયા પર ટ્રેડ ડીલ અંગે જાહેરાત કરી. અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે. બીજી તરફ તેમણે બીજો એક દાવો એવો પણ કર્યો કે ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફમાં ધરખમ ઘટાડો કરાશે. એનર્જી, ટેકનિક, કૃષિ સહિતના સેક્ટરમાં અમેરિકાની વસ્તુઓ માટે ભારતના માર્કેટના દરવાજા ખોલવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે અમેરિકાની ૫૦૦ અબજ ડોલરની વસ્તુઓ ભારતમાં વેચાશે. ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદીએ પણ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી. જોકે તેમણે તેમના નિવેદનમાં ક્યાંય ભારત રશિયાથી ઓઈલ નહીં ખરીદે તેવી કોઈ પુષ્ટિ કરી નથી. કૃષિ પ્રોડક્ટ્સને લઈને પણ તેમણે કોઈ પુષ્ટિ નથી કરી.

# વસતી ગણતરીમાં જ્ઞાતિ અંગેના પુરાવા આપવા જરૂરી ? સુપ્રીમ કોર્ટનો સરકારને સવાલ

## વસ્તીગણતરી મામલે થયેલી જાહેર હિતની અરજી પર વિચાર કરવા સુપ્રીમનો ઈનકાર

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકાર અને ભારતના રજિસ્ટ્રાર જનરલ તથા વસ્તીગણતરી કમિશનરને એ સૂચન પર વિચાર કરવા જણાવ્યું છે, જેમાં ૨૦૨૭ની વસ્તીગણતરીમાં જાતિની ગણતરી માત્ર 'સ્વ-ઘોષણા'ને બદલે એક ચોક્કસ પ્રણાલીના આધારે કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. વસ્તીગણતરીમાં નાગરિકોની જાતિ સંબંધિત વિગતો નોંધવા, વર્ગીકૃત કરવા અને તેને ચકાસવા માટે અપનાવવામાં આવતી પ્રક્રિયા પર સવાલ ઉઠાવતી જાહેર હિતની અરજી પર વિચાર કરવાનો ઈનકાર કરતા સુપ્રીમ કોર્ટે આ નિર્દેશ આપ્યો છે.

CJI સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની ખંડપીઠે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરતા કહ્યું કે, "આમાં એક સુસંગત મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે, તેથી સક્ષમ સત્તાધિકારીઓએ વસ્તીગણતરી અધિનિયમ ૧૯૫૮ હેઠળ આ સૂચનો પર વિચાર કરવો જોઈએ." ખંડપીઠે અરજદાર અને શિક્ષણવિદ આકાશ ગોયલને જણાવ્યું હતું કે, જાતિ સંબંધિત આંકડાઓની ઓળખ માટે અગાઉથી નક્કી કરેલો કોઈ ડેટા નથી.

ખંડપીઠે વધુમાં જણાવ્યું કે, વસ્તીગણતરીની પ્રક્રિયા વસ્તીગણતરી અધિનિયમ, ૧૯૫૮ અને તે હેઠળ ૧૯૯૦માં બનાવવામાં આવેલા નિયમો મુજબ ચાલે છે. આ કાયદો પ્રતિવાદી સત્તાધિકારીઓને વસ્તીગણતરી કરવાની વિગતો અને પદ્ધતિઓ નક્કી કરવાની સત્તા આપે છે. કોર્ટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રજિસ્ટ્રાર જનરલ અને વસ્તીગણતરી કમિશનરની કચેરી કોઈપણ ભૂલ ટાળવા માટે નિષ્ણાતોની મદદથી એક મજબૂત વ્યવસ્થા વિકસાવી ચૂકી હશે.

ભારતની ૧૬મી રાષ્ટ્રીય વસ્તીગણતરી છે. તેની મુખ્ય વિશેષતાઓ અનુસાર ૧૯૩૧ પછી આ પ્રથમ વખત હશે જ્યારે વ્યાપક સ્તરે જાતિગત ગણતરીનો સમાવેશ કરવામાં આવશે. આ દેશની પ્રથમ સંપૂર્ણ ડિજિટલ વસ્તીગણતરી હશે. સુપ્રીમ કોર્ટે આ તમામ સૂચનો પર વિચાર કરવાના આદેશ સાથે અરજીનો નિકાલ કર્યો છે

# તિબેટીયન આધ્યાત્મિક નેતા દલાઈ લામાને ગ્રેમી એવોર્ડ મળવાથી ચીન ગુસ્સે

નવીદિલ્હી,

ચીને સોમવારે દલાઈ લામાને આપવામાં આવેલા ગ્રેમી એવોર્ડની નિંદા કરી. ચીનના વિદેશ મંત્રાલય દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. ચીને જણાવ્યું હતું કે તે તિબેટીયન આધ્યાત્મિક નેતાને "ચીન વિરોધી પ્રવૃત્તિઓ" માટે આપવામાં આવેલા આ સન્માનનો સખત વિરોધ કરે છે.લોસ એન્જલસમાં ૬૮મા વાર્ષિક ગ્રેમી એવોર્ડ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. દલાઈ લામા, તેનઝિન ગ્યાત્સોને સમારોહમાં ગ્રેમી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેનઝિન ગ્યાત્સોએ ગ્રેમી એવોર્ડ સમારોહમાં તેમના સ્પોકન-વર્ડ આલ્બમ, મેડિટેશન્સઃ ધ રિફ્લેક્શન્સ ઓફ હિઝ હોલિનેસ ધ દલાઈ લામા માટે બેસ્ટ ઓડિયો બુક, નેરેટર અને સ્ટોરીટેલિંગ રેકોર્ડિંગ કેટેગરીમાં તેમનો પહેલો ગ્રેમી એવોર્ડ જીત્યો હતો. દલાઈ લામાને એવોર્ડ પ્રાપ્ત થયા બાદ પ્રતિક્રિયા આપતા, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને ચીનના આરોપને પુનરાવર્તિત કર્યો કે ૯૦ વર્ષીય આધ્યાત્મિક નેતા ધર્મના નામે અલગતાવાદી પ્રવૃત્તિઓમાં સામેલ છે.

# દિલ્હીમાં વિસ્ફોટ થાય છે ત્યારે પોલીસ ક્યાં હોય છે ? અમે આવીએ છીએ ત્યારે દિલ્હી ગભરાઈ જાય છેઃ મમતા

## દિલ્હીમાં મમતા બેનર્જીની ગર્જના, બંગા ભવન તેમના લોકો અને એસઆઈઆર પ્રક્રિયાના પીડિતોને મળવા આવ્યા હતા, પરંતુ તેઓ તેમને મળવા દેતા ન હતા

નવીદિલ્હી,

દિલ્હીના બંગા ભવન પહોંચ્યા પછી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું, "દિલ્હી પોલીસ શું કરી રહી છે તે જુઓ. અમે તેમની ટીકા નહીં કરીએ કારણ કે તે તેમની ભૂલ નથી.

દિલ્હી પોલીસની બસ અહીં લાવવામાં આવી છે. અમારી ચૂંટણી પંચમાં એક બેઠક છે. અમે અહીં સત્તાવાર નિમણૂક સાથે આવ્યા છીએ." તેમણે કહ્યું કે ૧૫૦ લોકો મૃત્યુ પામ્યા છે. ઘણા પરિવારો અહીં આવ્યા છે જેમને મતદાર યાદીમાંથી દૂર કરવા અને તેમના અધિકારો છીનવી લેવા માટે મૃત બતાવવામાં આવ્યા હતા.

તેમણે પૂછ્યું, "જ્યારે દિલ્હીમાં વિસ્ફોટ થાય છે, ત્યારે દિલ્હી પોલીસ ક્યાં છે?" તેમણે કહ્યું, "જ્યારે અમે આવીએ છીએ, ત્યારે દિલ્હી ગભરાઈ જાય છે. જો અમે ઈચ્છતા હોત, તો અમે લાખો લોકોને લાવી શક્યા હોત. અમે જીંઈમાં મૃત જાહેર કરાયેલા ૫૦ લોકોને અહીં લાવ્યા છીએ. દિલ્હી પોલીસ કોઈનું રક્ષણ કરી શકતી નથી. દિલ્હીમાં હજુ પણ સામંતશાહી વ્યવસ્થા કાર્યરત છે.મમતાએ કહ્યું કે તે બંગા ભવનમાં પોતાના લોકોને મળવા અને દિલ્હી પોલીસના અત્યાચારો જોવા માટે આવી હતી. તેમણે કહ્યું કે જ્યારે ગૃહમંત્રી બંગાળ આવે છે, ત્યારે અમે તેમને રેડ કાર્પેટ આપીએ છીએ. પરંતુ જ્યારે અમે દિલ્હી આવીએ છીએ, ત્યારે તમે અમને બ્લેક કાર્પેટ આપો. તેમણે પૂછ્યું, "કૃપા કરીને બંગાળના લોકો પર થઈ રહેલા અત્યાચારોથી દૂર રહો જેમણે પોતાનો જીવ ગુમાવ્યો છે."

મમતાએ કહ્યું કે જો આ દેશમાં કોઈ લડશે નહીં, તો હું લડીશ, અમારી પાર્ટી લડશે. તેમણે કહ્યું કે બંગા ભવનમાં એક પ્રેસ કોન્ફરન્સ છે, શું દિલ્હીના લોકોને ખબર નથી કે બંગાળમાં શું થઈ રહ્યું છે? મને હમણાં જ માહિતી મળી છે અને મેં મારા કપડાં પણ બદલ્યા નથી.

# ઉત્તર પ્રદેશઃ યોગી સરકારે સંપત્તિ જાહેર કરવામાં નિષ્ફળ રહેલા ૬૮,૨૩૬ રાજ્ય કર્મચારીઓના પગાર રોકી દીધા

લખનૌ,

ઉત્તર પ્રદેશમાં યોગી સરકારે ૬૮,૨૩૬ રાજ્ય કર્મચારીઓના જાન્યુઆરી ૨૦૨૬ના પગાર રોકવામાં આવ્યા છે. રોકવાનું કારણ એ છે કે આ કર્મચારીઓએ તેમની સંપત્તિની વિગતો આપી નથી. ઉત્તર પ્રદેશમાં ૮૬૬,૨૬૧ રાજ્ય કર્મચારીઓ છે.

યોગી સરકારે રાજ્યના તમામ કર્મચારીઓને ૩૧ જાન્યુઆરી સુધીમાં તેમની સ્થાવર અને જંગમ સંપત્તિની વિગતો આપવાનો આદેશ આપ્યો હતો. કર્મચારીઓને ૩૧ જાન્યુઆરી સુધીમાં માનવ સંવિધ પોર્ટલ પર આ વિગતો અપલોડ કરવાની ફરજ પાડવામાં આવી હતી, પરંતુ ૬૮,૨૩૬ કર્મચારીઓએ તેમની સંપત્તિની વિગતો આપવામાં નિષ્ફળ રહ્યા હતા, જેના કારણે તેમના પગાર રોકી દેવામાં આવ્યા હતા.

તેમની સંપત્તિ જાહેર કરવામાં નિષ્ફળ રહેલા કર્મચારીઓમાં સૌથી વધુ ૩૪,૯૨૬ કર્મચારીઓ વર્ગ -૩ના છે. આમાંથી ૨૨,૬૨૪ વર્ગ -૨ના કર્મચારીઓ, ૭૨૪ વર્ગ-૧ ના કર્મચારીઓ અને ૨,૬૨૮ વર્ગ ના કર્મચારીઓ છે. યોગી સરકારનો સંદેશ સ્પષ્ટ છેઃ જ્યાં સુધી રાજ્યના કર્મચારીઓ તેમની સંપત્તિની વિગતો પ્રદાન નહીં કરે, ત્યાં સુધી તેમના પગાર જાહેર કરવામાં આવશે નહીં. યોગી સરકારના આ નિર્ણયથી રાજ્યના કર્મચારીઓમાં ખળભળાટ મચી ગયો છે.

નિષ્ણાતો એમ પણ કહે છે કે પગાર રોકવો એ સરકાર દ્વારા અંતિમ પગલું નથી. જો રાજ્યના કર્મચારીઓ ટૂંક સમયમાં સરકારને તેમની મિલકતની વિગતો નહીં આપે તો તેમની સામે વિભાગીય કાર્યવાહી કરવામાં આવશે.



# ટેનિસ કોચે તેના સ્ટુડન્ટના ઘરેથી ૧૨.૨૦ લાખના દાગીના ચોર્યા

## સાયન્સ સિટીમાંથી ચોરીને ૧૦ લાખમાં શિવરંજનીના જ્વેલર્સને વેચી દીધા



અમદાવાદ,
અમદાવાદના સાયન્સ સિટી રોડ પરના એક મકાનમાંથી ટેનિસ કોચે લાખો રૂપિયાના દાગીનાની ચોરી કરી છે. ટેનિસ કોચ મકાન માલિકના દીકરાને ટેનિસ શીખવાડવા આવતો હતો. કોચ રાબેતા મુજબ આવ્યો હતો. કોચે મોકો મળતા ૧૨.૨૦ લાખના દાગીના ચોરી કરી મિત્ર મારફતે શિવરંજનીના જ્વેલર્સને ૧૦ લાખમાં વેચી દીધા હતા.આ અંગે સોલા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

સાયન્સ સિટી ખાતે ગ્રીન વ્યુ એપાર્ટમેન્ટમાં ગૌરવ દિક્ષિત તેમના બે બાળકો અને પત્ની સાથે રહે છે. ગૌરવભાઈ સિક્યુરિટી એજન્સી ચલાવે છે. ગૌરવભાઈનો દીકરી ટેનિસ રમે છે. દીકરાને ટેનિસ કોચિંગ માટે ક્યારેક તેમના પત્ની મૂકવા જાય છે તો ક્યારેક કોચ વેદિક લેવા આવે છે. ૧૯ ડિસેમ્બરે પણ વેદિક ગૌરવભાઈના દીકરાને લેવા આવ્યો હતો. આ દરમિયાન વેદિક લાબા સમય સુધી ઘરમાં રહ્યો હતો.ગૌરવભાઈનો દીકરી બીમાર હોવાથી તે દિવસે કોચિંગ માટે ગયો ન્હોતો, પરંતુ વેદિકે બાથરૂમ જવાનું કહીને એક રૂમમાં ગયો હતો. જે બાદ વેદિક ફોન આવ્યો કહીને ઝડપથી જતો રહ્યો હતો. ૨૩ ડિસેમ્બરના રોજ ગૌરવભાઈ રૂમમાં ગયા ત્યારે રૂમમાંથી ૧૨ લાખના સોનાનાં અને ૨૦ હજારના ચાંદીના દાગીના ચોરી થયા હતાં. આ દિવસની વેદિક આવ્યો હોવાથી તેમને વેદિક પર જ શંકા હતી. ગૌરવભાઈએ વેદિકને ફોન કરતા વેદિકનો ફોન સ્વીચ ઓફ આવતો હતો.

ગૌરવભાઈ વેદિકની સાથે કામ કરતા નેમ શાહને મળ્યા હતા ત્યારે નેમ શાહે જણાવ્યું હતું કે, વેદિક દાગીના આપીને ગયો હતો અને કહ્યું છે કે દહીં વેચી દેજે માર પત્નીના છે,મારે પૈસાની જરૂર છે જેથી દાગીના વેચીને પૈસા મને આપજે. નેમ શાહે શિવરંજની બી.જી જ્વેલર્સમાં ચોરીના દાગીના વેચી દીધા હતા. આ દાગીનાના ૧૦.૦૯ લાખ આવ્યા હતા જે વેદિકને આપ્યા હતાં. આ અંગે ગૌરવભાઈએ વેદિક સામે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.સોલા પોલીસ દ્વારા ચોરીના દાગીના બી.જી જ્વેલર્સમાંથી રીકવર કરવામાં આવશે. પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે કે નેમને ચોરીના દાગીના હોવાની જાણ હતી કે કેમ. શિવરંજનીના બી.જી જ્વેલર્સમાં પણ તપાસ કરવામાં આવશે કે જ્વેલર્સ ક્યાં આધાર પર દાગીના ખરીદીને ૧૦ લાખ રૂપિયા આપ્યા હતા. જો ચોરીના દાગીના કોઈ આધાર પુરાવા વિના ખરીધ્યા હશે તો જ્વેલર્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવી શકે છે.

# વડોદરા એસઓજીના એએસઆઈની ડ્રગ્સ પેડલર સાથેની સંડોવણી બદલ ધરપકડ

## કોર્ટે આરોપી એએસઆઈના ૫ ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા

વડોદરા,
સંસ્કારી નગરી વડોદરામાં ખાખીને દાગ લગાડતો કિસ્સો સામે આવ્યો છે. શહેર એસઓજી બ્રાન્ચમાં ફરજ બજાવતા એએસઆઈ લક્ષ્મીકાંત દેસાઈની ડ્રગ્સ પેડલર સાથેની સંડોવણી બદલ સત્તાવાર રીતે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. વડોદરા રેલવે સ્ટેશન પરથી ઝડપાયેલા ૪૮ લાખના હેરોઈન કેસમાં સંડોવણી ખુલ્યા બાદ કોર્ટે આરોપી એએસઆઈના ૫ ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ગત ૯ જાન્યુઆરીના રોજ સ્ટેટ મોનિટરિંગ સેલએ વડોદરા રેલવે સ્ટેશન પરથી આશરે ૨૪૦ ગ્રામ હેરોઈન સાથે ડ્રગ પેડલર અમરીકસિંઘ ઉર્ફે સોનુ મલ્હીની ધરપકડ કરી હતી. આ કેસની તપાસ દરમિયાન આરોપીના મોબાઈલ ડેટા અને કોલ ડિટેઈલ્સમાંથી ચોંકાવનારી વિગતો સામે આવી હતી. જેમાં એસઓજીના એએસઆઈ લક્ષ્મીકાંત દેસાઈ પેડલર સાથે સીધા સંપર્કમાં હોવાના પુરાવા મળ્યા હતા.

એસએમસીની ટીમે ૩૧ જાન્યુઆરીના રોજ ધરપકડ કરેલા એએસઆઈ લક્ષ્મીકાંત દેસાઈને આજે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા માંગવામાં આવેલા ૧૪ દિવસના રિમાન્ડ સામે કોર્ટે ૫ ફેબ્રુઆરી સુધીના એટલે કે ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ રિમાન્ડ દરમિયાન પોલીસ એ તપાસ કરશે કે આરોપી કેટલા સમયથી ડ્રગ પેડલરોના સંપર્કમાં હતો, ડ્રગ્સનો આ જથ્થો ક્યાંથી મંગાવવામાં આવતો હતો અને આ સમગ્ર રેકેટમાં પોલીસ વિભાગના અન્ય કોઈ કર્મચારી કે અધિકારી સામેલ છે કે કેમ.

આરોપી એએસઆઈ લક્ષ્મીકાંત દેસાઈ અગાઉ વડોદરા ડીસીબીમાં ફરજ બજાવતા હતા ત્યારે પણ અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવણીના આરોપસર તેમની સામે વિભાગીય તપાસ થઈ હતી અને તેમને કચ્છ-ગાંધીધામ ખાતે બદલી પણ કરવામાં આવી હતી.

# સુરતમાં કુરિયર બોયને ચપ્પુ બતાવી કારમાં ઉઠાવી ગયા: ટોળું આવીને શખસ પર તૂટી પડ્યું

**ફિલ્મી ઢબે અપહરણ કરતાં વિસ્તારમાં ફફડાટ**

સુરત,
સુરત શહેરના પર્વત પાટિયા વિસ્તારમાં ધોળા દિવસે એક શખસના અપહરણની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પૂર્વ અદાવતમાં આકાશ રાજપૂત અને તેના સાથીઓએ મળીને એક કુરિયર બોયનું તેની ઓફિસ પાસેથી અપહરણ કરી તેને ચપ્પુની અણીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં આરોપીઓ શખસને માર મારતાં અને ગાડીમાં બેસાડતાં નજરે પડે છે. ફરિયાદી પ્રદીપસિંહ રાજેશ્વરસિંહ રાજપૂત (ઉં.વ. એ૦), જેઓ ડિંડોલી વિસ્તારમાં રહે છે અને કુરિયર બોય તરીકે નોકરી કરે છે, તેમણે પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટના ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧:૩૦ વાગ્યે પર્વત પાટિયા ચાર રસ્તા પાસે, ડી.જી.પોઈન્ટ એપાર્ટમેન્ટની સામે બની હતી. પ્રદીપસિંહ જયારે કુરિયરની ડિલિવરી આપીને નીચે ઊતર્યા ત્યારે આકાશ રાજપૂત, ગોપાલ અને અન્ય છ જેટલા શખસોએ તેમને ઘેરી લીધા હતા.

આરોપીઓએ તેમને ગાળો આપી, ઢીંકામુક્કીનો માર માર્યો અને બળજબરીપૂર્વક બ્લૂ કલરની સુઝુકી ફોર-વ્હીલ ગાડીમાં બેસાડી દીધા હતા. ગાડીમાં બે ઈસમોએ પ્રદીપસિંહની કમર પર ચપ્પુ રાખી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અપહરણકારો તેમને મહારાણા પ્રતાપ ચોક, પૂર્વાંચલ રેસ્ટોરન્ટ અને ડિંડોલી બ્રિજ નીચે ફેરવી અંતે કેસર ભવાની સોસાયટી પાસે ઉતારીને ફરાર થઈ ગયા હતા પોલીસ ફરિયાદ મુજબ, આ ઘટના પાછળ ૧૪ જાન્યુઆરીના રોજ થયેલી એક માથાકૂટ જવાબદાર છે. પૂર્વાંચલ રેસ્ટોરન્ટમાં બેસવા જેવી નજીવી બાબતે પ્રદીપસિંહ અને આરોપી આકાશના પિતરાઈ ભાઈ અભિષેક રાજપૂત વચ્ચે બોલાચાલી થઈ હતી, જેમાં પ્રદીપસિંહે અભિષેકને માર માર્યો હતો. આ અદાવત રાખીને આકાશે તેના મિત્રો સાથે મળીને આ અપહરણનું કાવતરું ઘડ્યું હોવાનું મનાય છે. ફરિયાદી કુરિયર બોય અગાઉ અન્ય એક ગુનામાં જેલમાં હતો. પીડિત ડરી ગયો હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો, જોકે તે યુવકે હિંમત કરી ફરિયાદ નોંધાવતાં પુણા પોલીસે આરોપીઓ વિરુદ્ધ રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સીસીટીવી ફૂટેજમાં દેખાતાં દશ્યોના આધારે પોલીસ હવે આ અજાણ્યા છ શખસની ઓળખ કરવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

# વિદ્યાર્થિનીને લાફો મારનાર શિક્ષિકાને ૩ વર્ષની જેલ

## એન. સોલંકી કન્યા વિદ્યાલયમાં હોમવર્ક ન કરવા બદલ લાફો મારી કાનનો પડદો ફાડી નાખ્યો હતો

ગાંધીનગર,
ગાંધીનગર જિલ્લાના દહેગામની એક સ્કૂલમાં શિસ્તના નામે માનવતા ભૂલેલી શિક્ષિકા સામે કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. હોમવર્ક ન કરવા જેવી સામાન્ય બાબતે ૧૪ વર્ષની દીકરીને બેરહેમીથી માર મારી કાનનો પડદો ફાડી નાખનાર વિજ્ઞાનના શિક્ષિકાને ગાંધીનગર કોર્ટે ૩ વર્ષ અને ૩ મહિનાની જેલની સજા ફટકારી અન્ય સ્કૂલો અને શિક્ષકો માટે એક દાખલો બેસાડ્યો છે.

આ કેસની વિગતો મુજબ, ગાંધીનગરની દહેગામ તાલુકાના લેકવાડા ગામના રમેશભાઈની ૧૪ વર્ષીય દીકરી એન. સોલંકી કન્યા વિદ્યાલયમાં ધોરણ ૯માં અભ્યાસ કરતી હતી. ૧ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સ્કૂલમાં વિજ્ઞાનના પિરિયડ દરમિયાન શિક્ષિકા પારૂલબેન




પટેલે હોમવર્ક વિશે પૂછપરછ કરી હતી. જોકે બાળકીએ હોમવર્ક નથી કર્યું તેમ કહેતા જ શિક્ષિકા ઉશ્કેરાઈ ગયા હતા. આ વાતે આરોપી શિક્ષિકાએ બાળકીને ડાબા કાન પર જોરદાર લાફો ઝીંકી દીધો હતો, જેથી બાળકી દર્દથી કણસતી હતી અને કાન પર હાથ રાખ્યો હતો. આ છતાં શિક્ષિકાનો ગુસ્સો શાંત થયો નહોતો અને તેમણે બાળકીનો હાથ હટાવી બીજો લાફો મારીને વર્ગખંડની બહાર ઊભા રહેવાની સજા આપી હતી. ત્યારે વિજ્ઞાનના બે પિરિયડ સુધી બાળકી રઝળપાટ કરતી રહી હતી. બાળકી અસહ્ય પીડા સાથે બે પિરિયડ સુધી ક્લાસની બહાર ઉભી રહેવાથી બેભાન જેવી થઈ ગઈ હતી. આ દરમિયાન સ્કૂલના આચાર્ય ત્યાંથી પસાર થયા હતા. ત્યારે બાળકીએ પિતાને ફોન કરવા વિનંતી કરી હોવા છતાં આચાર્યએ કોઈ ધ્યાન આપ્યું નહીં અને તેને પીડાતી હાલતમાં છોડી દીધી હતી. સ્કૂલ છૂટ્યા બાદ જ્યારે પિતા તેને હોસ્પિટલ લઈ ગયા ત્યારે નિદાન થયું કે, મારને કારણે બાળકીના કાનના પડદામાં કાણું પડી ગયું છે. આ ઘટનાને પગલે વિદ્યાર્થિનીના પિતાએ હિંમત દાખવી દહેગામ પોલીસ સ્ટેશનમાં જુવેનાઈલ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

આ કેસ ગાંધીનગરના ત્રીજા એડિશનલ ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ સમક્ષ ચાલ્યો હતો, જેમાં સરકારી વકીલની દલીલો અને તબીબી પુરાવાઓને ગ્રાહ્ય રાખીને કોર્ટે નોંધ્યું કે શિક્ષકનું કાર્ય બાળકોનું ઘડતર કરવાનું છે, તેમને શારીરિક અપંગતા તરફ ધકેલવાનું નહીં. કોર્ટે આરોપી શિક્ષિકા પારૂલબેન રજનીકાંત પટેલને (રહે. આણંદ) દોષિત ઠેરવી ત્રણ વર્ષની કેદ અને ૨૫ હજારનો દંડ ભોગવવાનો હુકમ કરી અન્ય સ્કૂલો અને શિક્ષકો માટે એક દાખલો બેસાડ્યો છે.

# બેફામ કાર ચલાવી ત્રણ મહિલાને ટક્કર માર્યા બાદ યુવકને છરી મારી

## દસાડાના ખેરવામાં બુટલેગરની દાદાગીરી : મધરાતે ગ્રામજનો પોલીસ મથકે દોડ્યા



સુરેન્દ્રનગર,
સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના ખેરવા ગામમાં એક માથાભારે બુટલેગરે આતંક મચાવ્યાની ઘટના સામે આવી છે. બુટલેગરે મોડી રાત્રે બાઈક અને કાર વડે ત્રણ લોકો ટક્કર મારીને આખુ ગામ માથે લીધું હતું. બાદમાં છરી વડે એક યુવક પર જીવલેણ હુમલો કરતા મધરાતે ગ્રામજનો પોલીસ મથકે દોડી ગયા હતા.આ ઘટના અંગે મળતી માહિતી મુજબ ખેરવા ગામનો આબીદ ખલીફા ગામમાં દારૂ વેચતો હોવાનો અને વારંવાર રોફ જમાવી મારામારી કરતો હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. જેણે ગત રાત્રે અગાઉ કોઇ મહિલા સાથેની છેડતી મામલે ગામમાં આતંક મચાવ્યો હતો.આબીદ ખલીફાએ પહેલા બાઈક અને બાદમાં ગાડી વડે ટક્કર મારતાં ત્રણ મહિલાઓને ઈજા પહોંચી હતી. જે બાદ એક યુવક પર છરી વડે હુમલો કરતા તેના હાથમાં ગંભીર ઈજા થઈ હતી. ગ્રામજનોએ ઘટનાની જાણ કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.પોલીસે ઘાયલ થયેલા તમામ લોકોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા પાટડીની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. જોકે, બુટલેગર ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. જેની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

આબીદ ખલીફા વારંવાર ગામમાં તોફાન કરી દાદાગીરી કરતો હોવાથી મોડી રાત્રે ખેરવા ગામના આશરે ૧૫૦ ગ્રામજનો અને ઘાયલોના પરિવારજનો માલવણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમણે બુટલેગર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી સુરેન્દ્રનગરના પોલીસ અધિક્ષક (SP)ને પણ આ અંગે જાણ કરી હતી.ગ્રામજનોએ જણાવ્યું કે, આબીદ ખલીફા વારંવાર ગામ માથો લે છે. છેલ્લા ૧૫ દિવસમાં એના પર ત્રીજી ફરિયાદ નોંધાઇ છે. દારૂનો ધંધો કરે છે અને છરીઓ લઈને ગામમાં ફરે છે, અમારા છોકરા મારી નાંખે તો અમારે શું કરવું? પોલીસ આ આ શખ્સ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરે એવી અમારી માંગ છે. જો કાર્યવાહી નહીં થાય તો અમે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા સાથે આંદોલન પણ કરીશું. ખેરવા ગામના સરપંચ જીગ્નેશ રાઠોડે જણાવ્યું કે, આ શખ્સે અઠવાડીયા અગાઉ અનુસૂચિત જાતિ વિસ્તારમાં દંગલ મચાવતા પોલીસે ગામમાં એનો વરઘોડો કાઢચો હતો. પાણ પાછો જામીન પર છૂટી ગયો છે. આ વ્યક્તિનો ગામમાં ઘણા સમયથી ખુબ જ ત્રાસ છે.

# ૫૦ કોલેજના ૩૨૨ વિદ્યાર્થીઓએ માત્ર ૨૪ કલાકમાં ઉકેલ શોધ્યા

## GCET કોલેજમાં 'Odoo x GCET હેકાથોન’ સફળતાપૂર્વક સંપન્ન

આણંદ,
વલ્લભ વિદ્યાનગર સ્થિત જી. એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (GCET) ખાતે 'Odoo x GCET હેકાથોન’૨૬’સફળતાપૂર્વક સંપન્ન થઈ. કમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગ અને Odoo India Private Limited ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ રાષ્ટ્રીય સ્તરની ૨૪ કલાકની હેકાથોનમાં દેશભરની ૫૦ કોલેજના ૩૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ હેકાથોન ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ હતી. તેમાં વિદ્યાર્થીઓનેસ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને ઉદ્યોગ જગતની વાસ્તવિક સમસ્યાઓ પર કામ કરવાનો અનુભવ મળ્યો. સમગ્ર દેશમાંથી ૧૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી આકરી પસંદગી પ્રક્રિયા બાદ ૯૦ ટીમોના ૩૨૨ વિદ્યાર્થીઓ ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચ્યા હતા.સ્પર્ધામાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોની ૧૫ સહિત કુલ ૫૦ કોલેજોના યુવા પ્રતિભાઓએ પોતાની તકનીકી કુશળતાનું પ્રદર્શન કર્યું. અંતિમ તબક્કે વિદ્યાર્થીઓને તાત્કાલિક પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ આપી આધુનિક ટેક્નોલોજી, છઁ અને ડેટાબેઝના આધારે ઈનોવેટિવ સોલ્યુશન્સ વિકસાવવા પડકાર ફેંકાયો હતો. આ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ ઉદ્યોગ જગતના ૧૬ નિષ્ણાતોએ કર્યું હતું. સ્પર્ધામાં વિજેતા બનેલી ટીમને રૂ. ૪૫,૦૦૦, પ્રથમ રનર-અપને રૂ. ૩૫,૦૦૦ અને દ્વિતીય રનર-અપને રૂ. ૨૫,૦૦૦ના રોકડ પુરસ્કાર સાથે પ્રમાણપત્રો એનાયત કરાયા. આ ઉપરાંત, ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ માટે Odoo India દ્વારા આકર્ષક પેકેજ સાથે નોકરીની તકોના દ્વાર પણ ખુલ્યા છે.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે CVM યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડૉ. ઈન્દ્રજીત પટેલ અને Odoo Indiaના કોર્પોરેટ ઈવેન્ટ મેનેજર શાર્દૂલ દવે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

# ઓનલાઈન એસ્કોર્ટ સર્વિસ પર તવાઈ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૧૨૦ ડોમેઈન સામે કેસ દાખલ કર્યા

## ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર ખોટી આઈડી બનાવી એસ્કોર્ટ સર્વિસના નામે નાગરિકોને આકર્ષતા હતા

અમદાવાદ,
અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઓનલાઈન એસ્કોર્ટ સર્વિસના નામે ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિ સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. આ કાર્યવાહી અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચે ગેરકાયદે એસ્કોર્ટ સર્વિસ ચલાવતા ૧૨૦ ડોમેઈન સામે ગુનો દાખલ કર્યો છે.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ દ્વારા ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર ખોટી આઈડી બનાવી એસ્કોર્ટ સર્વિસના નામે નાગરિકોને આકર્ષતા હતા. સોશિયલ મીડિયા પર આકર્ષક પોસ્ટ્સ અને જાહેરાતો મૂકીને લોકો સાથે ફ્રોડ કરવામાં આવતો હતો. આ ડોમેઈન સાથે સંકળાયેલી વેબસાઈટ્સ પર મહિલાઓના એડિટ કરેલા તથા છઁ દ્વારા બનાવેલા ફોટા મૂકવામાં આવતા હતા. આ ફોટાઓનો ઉપયોગ કરીને ગ્રાહકોને દેહવિક્રયની સર્વિસ ઉપલબ્ધ હોવાનો ભ્રમ ઉભો કરવામાં આવતો હતો.

આરોપીઓ ગ્રાહકોને સર્વિસ બુકિંગના નામે યુપીઆઇ આઇડી દ્વારા રૂપિયા ચૂકવવા માટે મજબૂર કરતા હતા. એકવાર પૈસા ચૂકવ્યા બાદ ન તો કોઈ સર્વિસ આપવામાં આવતી હતી અને ન તો સંપર્ક શક્ય બનતો હતો.

# કેન્દ્રીય બજેટ સાચી દિશામાં એક મજબૂત કદમ સામાન : જગદીશ વિશ્વકર્મા

## નાણામંત્રી નિર્મલા સિતારામને રજૂ કરેલ કેન્દ્રીય બજેટ અંગે પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજાઈ

અમદાવાદ,
ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ગઈકાલે કેન્દ્રિય નાણાંમંત્રી મતી નિર્મલા સીતારમણજીએ પ્રસ્તુત કરેલા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટ સંદર્ભે આજરોજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઇ વિશ્વકર્માએ પ્રદેશ ભાજપા કાર્યાલય ‘કમલમ‘, કોબા, ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું.

પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઇ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રિફોર્મ,પરફોર્મ અને ટ્રાન્સફોર્મ એ ‘મોદી સરકારની‘ ઓળખ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતની રીફોર્મ એક્સપ્રેસને રજૂ કરતું તેમજ ‘વિકસિત ભારત ૨૦૪૭‘ ની બ્લુ પ્રિન્ટ અને આગામી ૨૫ વર્ષના રોડમેપને પ્રતિબિંબિત કરતું રૂ. ૫૩.૫ લાખ કરોડનું સર્વસ્પર્શી, સર્વ સમાવેશી અને યુવાશક્તિ ડ્રિવન બજેટ આપવા માટે કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારમણજીને ગુજરાત ભાજપા પરિવાર વતી જગદીશભાઈ વિશ્વકર્માએ અભિનંદન પાઠવ્યા હતાં. તેમણે કહ્યું કે, મોદીજીના નેતૃત્વમાં ભારતની રીફોર્મ એક્સપ્રેસ સતત ગતિ પકડી રહી છે. આ બજેટ ભારતના ‘સ્ટ્રોંગ સ્ટેપ ફોર રાઈટ ડિરેક્શન‘ના અભિગમને દર્શાવે છે.

જગદીશભાઇ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, મતી નિર્મલા સીતારમણજીનું ૯ મું બજેટ એ કર્તવ્ય ભવનમાં પ્રસ્તુત થયેલ પ્રથમ બજેટ છે. આ બજેટ ત્રણ કર્તવ્યો દેશના આર્થિક વિકાસને ઉત્તેજન, નાગરિકોની આશા આકાંક્ષાઓની પૂર્ણતા અને સૌના સાથ, સૌના વિકાસના ભાવ સાથે વિકાસના લાભો સમાજના પ્રત્યેક વર્ગ સુધી પહોંચાડવાના સ્તંભ પર આધારિત છે. આ બજેટ દેશની યુવાશક્તિ, નારીશક્તિ, કિસાન શક્તિ, શ્રમિક શક્તિ તેમજ ઉદ્યમી શક્તિ ને કેન્દ્રમાં રાખતું બજેટ છે.

જગદીશભાઇ વિશ્વકર્માએ ગુજરાત સંદર્ભે વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત એક પ્રકારે સ્જીસ્ઈ ઉદ્યોગોનું હબ છે. બજેટમાં સ્જીસ્ઈ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે થયેલી જાહેરાતો અને ટેક્સટાઈલ ક્ષેત્રે છ યોજનાઓના લાભથી ગુજરાતના ઉદ્યોગો બુસ્ટ અપ થશે જેનાથી રોજગારની નવી તકો સર્જાશે. ૫ લાખથી વધુ વસ્તી ધરાવતા ટીયર ૨ અને ૩ શહેરોને સિટી ઈકોનોમિક રીઝન બનાવવાની જાહેરાતથી રાજયના આ કેટેગરીમાં આવતા શહેરોનો વિકાસને વેગ મળશે.

# વડોદરામાં ખાખીની આબરુ પર કલંક પીએસઆઈ લાંચ લેતો વીડિયો વાયરલ

## લોકોની રક્ષા કરતી પોલીસ જ પૈસાનો તોડ કરશે તો લોકો કોને જઈને ફરિયાદ કરશે

વડોદરા,
લોકોની રક્ષા કરતી પોલીસ પર જ લાંચ લીધી હોવાનો આરોપ લાગ્યો છે. એકવાર ફરી પોલીસની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે. કારણ કે, પોલીસ અધિકારી ખુદ લાંચ લેતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.પીએસઆઇ એન.એન. ઝવેરીનો વીડિયો વાયરલ થતા ચકચાર મચી ગઈ છે.

પોલીસ આમતો લોકોની રક્ષા માટે હોય છે પરંતુ વડોદરામાં કંઈક પોલીસનું અલગ જ રૂપ સામે આવ્યું છે. પોલીસ લાંચ લેતી હોવાનો વીડિયો વાયરલ થતા ચકચાર મચી ગઈ છે. વીડિયોમાં પીએસઆઇ દ્વારાકુલ ૪૦ હજાર માંગવાની વાતચીત સ્પષ્ટ પણે સાંભળી શકાય છે. જો લોકોની રક્ષા કરતી પોલીસ જ પૈસાનો તોડ કરશે તો લોકો કોને જઈને ફરિયાદ કરશે તે સવાલ થઈ રહ્યો છે. જો કે, આ મામલે શહેર પોલીસ કમિશનરે ગંભીરતા દાખવી તપાસના આદેશ આપ્યા છે. અને જો ગુન્હો સાબિત થશે તો આરોપી સામે કડકમાં કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યા છે.

પીએસઆઇ દ્વારા કુલ ૪૦ હજારની લાંચ માંગવામાં આવે છે. જેમાં જોવા મળે છે કે, પીએસઆઈ કથિત રીતે ૨૦ હજાર રૂપિયા સ્વીકાર કરી રહ્યા છે.

# અંતે હેરીટેજ લાખાજીરાજ માર્કેટના જીર્ણોધ્ધારનું ટેન્ડર જાહેર



રાજકોટ:રજવાડા સમયના રાજકોટની અને હેરીટેજમાં સામેલ થયેલી ઐતિહાસિક લાખાજીરાજ શાક માર્કેટનું નવીનીકરણ કરવા અંતે ટેન્ડર પ્રસિધ્ધ થયા છે. ધર્મેન્દ્ર રોડ પરની આ વિશાળ શાકમાર્કેટની જગ્યાએ નવી માર્કેટ બનાવવાનું બજેટમાં રહેલું કામ બહાર આવતા હવે થોડા સમયમાં આ કામ શરુ થાય એટલે માર્કેટની કાયાપલટ થશે.

કોર્પો. દ્વારા અલગ અલગ વિસ્તારોમાં નવી શાક માર્કેટ બનાવવા, જ્યુબિલી શાક માર્કેટનું નવીનીકરણ કરવા તથા ધર્મેન્દ્ર રોડ પર આવેલી લાખાજીરાજ માર્કેટમાં નવી ફૂટ માર્કેટ અને હોકર્સઝોન બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.હવે લાખાજીરાજ માર્કેટનો જીર્ણોધ્ધાર કરવાનો નિર્ણય લીધો છે અને ૮ કરોડના ટેન્ડર બહાર પાડ્યા છે. બજેટમાં સેન્ટ્રલ ઝોનમાં રેલનગર વિસ્તારમાં વેસ્ટઝોનમાં લક્ષ્મીનગર વિસ્તારમાં અને ઈસ્ટઝોનમાં વોર્ડ નં.૪માં સેટેલાઈટ ચોક પાસે રૂ. ૫.૬૩ કરોડના ખર્ચે નવી શાક માર્કેટ બનાવવા, શહેરની મધ્યમાં આવેલી જ્યુબિલી શાક માર્કેટનું નવીનીકરણ અને ધર્મેન્દ્ર રોડ પર આવેલી રાજાશાહી વખતની લાખાજીરાજ શાક માર્કેટમાં રૂ. ૫.૬૩ કરોડના ખર્ચે નવી ફૂટ માર્કેટ અને નવા હોકર્સઝોન બનાવવાની જાહેરાત કરાઇ હતી. થોડા સમય પહેલા આ અસલામત શાક માર્કેટ ખાલી કરાવી તેની સીલ મારવામાં આવ્યા હતા. તાજેતરમાં જ્યુબિલી શાક માર્કેટના નવીનીકરણ માટે રૂ. ૨૨ કરોડનું ટેન્ડર પ્રસિધ્ધ કરાયું હતું.

હવે લાખાજીરાજ રોડ જર્જરીત બન્યું હોય આ માર્કેટ ખાલી કરાવવાનો અભિપ્રાય વચ્ચે થડાધારકો, દુકાનદારો અને ગોડાઉનધારકો દ્વારા માર્કેટ ખાલી કરવામાં આવતી નહતી. લાંબા સમયની સમજાવટ અને મહેનતબાદ આખરે માર્કેટ ખાલી કરી ધંધાર્થીઓને હંગામી ધોરણે જ્યુબેલી માર્કેટમાં ખસેડવામાં આવ્યા છે. હવે આ માર્કેટના નવીનીકરણ માટે કન્સલ્ટન્ટની નિમણુંક કરવામાં આવી હતી.કન્સલ્ટન્ટ દ્વારા લાખાજીરાજ માર્કેટના ભાગનું સ્ટ્રકચર મજબૂત હોવાનું જણાવી વેપારીઓના થડાં દુકાનો અને ગોડાઉનો સહિત શાક માર્કેટના કેટલાંક જર્જરિત ભાગનો જીર્ણોધ્ધાર કરવાની જરૂર હોવાનો રિપોર્ટ આપ્યો હતો.આ જીર્ણોધ્ધાર માટે કન્સલ્ટન્ટ દ્વારા આઠ કરોડના ખર્ચનો અંદાજ મુકવામા આવ્યો છે. હવે બાંધકામ શાખા દ્વારા શાક માર્કેટના જીર્ણોધ્ધાર માટેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે. અને ૫.૬૩ કરોડના ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. બીડ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સ્ટે. કમિટીમાં દરખાસ્ત જશે. જે મંજૂર થયે આ ઐતિહાસિક માર્કેટના નવીનીકરણનો પ્રારંભ થશે.જૂના રાજકોટના ધર્મેન્દ્ર રોડ પર આવેલી લાખાજીરાજ રોડ શાક માર્કેટના નવીનીકરણ માટે અંતે ટેન્ડર બહાર પડી ગયા છે. જે હાલ બંધ રહેલી શાક માર્કેટ જોવા મળે છે.

# રાજકોટ કલેકટર કચેરી અને નવી સેશન્સ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની વધુ એકવાર ધમકી

## ડોગ-બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ, એસઓજી સહિતના પોલીસ અધિકારીઓના કાફલાની તપાસના અંતે કોઇ શંકાસ્પદ ચીજવસ્તુઓ નહીં મળતા તંત્રએ લીધો રાહતનો શ્ર્વાસ




રાજકોટ:રાજકોટ સહિત રાજ્યભરની સરકારી કચેરીઓને બોમ્બથી ઉડાવી દેવાની અવારનવાર ધમકીઓ મળી રહી છે. જેમાં રાજકોટ કલેકટર કચેરી અને નવી સેશન્સ કોર્ટને આજે વધુ એકવાર બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈમેઈલ મળ્યો હતો જેના પગલે દોડધામ સાથે ખળભળાટ મચી જવા પામેલ હતો.જિલ્લા કલેકટર કચેરી અને નવી સેશન્સ કોર્ટના સત્તાવાર મેઈલ એડ્રેસ પર આ ધમકીભર્યો મેઈલ આજે ઉઘડતી કચેરીએ ઉતરતા આ અંગેની જાણ તાબડતોબ પોલીસ કમિશ્નરને કરવામાં આવતા કલેકટર કચેરી અને ઘંટેશ્વરની નવી સેશન્સ કોર્ટમાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ-ડોગ સ્કવોર્ડ, એસઓજી તેમજ પોલીસ કર્મચારીઓ-અધિકારીઓનો કાફલો ઉતરી પડયો હતો.સુત્રોએ જણાવ્યું હતું કે, આ ધમકીભર્યો મેઈલ તામીલનાડુના ટીટીવી દીનાકરણ નામના ઈમેઈલ એડ્રેસ પરથી આવેલ છે. જેમાં બપોરના બે વાગ્યે બોમ્બ ધડાકો થશે, બહાર નીકળી જજો તેવી ધમકી આપવામાં આવી હતી.

આ ધમકીભર્યા મેઈલના પગલે ઉતરી પડેલા પોલીસ અધિકારીઓના કાફલા તેમજ બોમ્બ સ્કવોર્ડ અને ડોગ સ્કવોર્ડના જવાનો દ્વારા કલેકટર કચેરીના તમામ ફલોર ઉપરાંત ઘંટેશ્વરની નવી સેશન્સ કોર્ટની ઈમારતના ખુણેખુણાની મેટલ ડીટેકટર અને બી.ડી.ડી.એસથી તપાસણી કરવામાં આવી હતી. પરંતુ કશુ શંકાસ્પદ-વાંધાજનક ચીજવસ્તુઓ આ તપાસણી દરમિયાન નહીં મળતા વહીવટતંત્ર તેમજ અધિકારીઓ અને કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. દરમ્યાન આ અંગે જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશનો સંપર્ક કરાતા તેઓએ 'સાંજ સમાચાર' સાથે કરેલી વાતચીતમાં જણાવ્યું હતું કે, આ ધમકીભર્યો મેઈલ ટીટીવી દીનાકરણ નામના મેઈલ એડ્રેસ પરથી કલેકટર કચેરીને મળ્યો હતો. આથી તેઓ દ્વારા તાબડતોબ પોલીસને જાણ કરવામાં આવી હતી. જેમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ ડોગ સ્કવોર્ડ અને બોમ્બ સ્કવોર્ડની તપાસણી દરમ્યાન કશું વાંધાજનક મળી આવેલ નથી. આ ધમકીભર્યા મેઈલને પગલે કલેકટર કચેરીને પોલીસ અધિકારીઓના કાફલાથી ઘેરી લઇ તલસ્પર્શી તપાસ કરવામાં આવી હતી.

રાજકોટ કલેકટર કચેરીને મળેલા બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા મેઇલના પગલે કલેકટર કચેરીના તમામ વિભાગોની પોલીસ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ તપાસની સાથે જન સેવા કેન્દ્રના બારણા બંધ કરી તેની પણ જરૂરી તપાસ કરવામાં આવી હતી.જન સેવા કેન્દ્રના બારણા અર્ધો કલાક સુધી બંધ રહેતા અરજદારોને કચેરીની બહાર જ ઉભુ રહેવું પડયું હતું. કલેકટર કચેરી અને જન સેવા કેન્દ્રની તલસ્પર્શી તપાસ બાદ કશું શંકાસ્પદ હાથ નહીં લાગતા અંતે જન સેવા કેન્દ્રના બારણા અરજદારો માટે ખોલવામાં આવેલ હતા.

રાજકોટ કલેકટર કચેરી અને ઘંટેશ્વરની નવી સેશન્સ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેઈલ મળતા જ ડોગ સ્કવોર્ડ-બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ, એઓજી સહિતના પોલીસ અધિકારીઓના કાફલાએ તાબડતોબ કલેકટર કચેરી અને નવી સેશન્સ કોર્ટ ખાતે દોડી જઇ આ બંને ઈમારતોના તમામ વિભાગોના ખુણેખુણાની તલસ્પર્શી તપાસ કરવામાં આવી હતી. પરંતુ કલકેટર કચેરી અને સેશન્સ કોર્ટના બિલ્ડીગમાંથી કશું વાંધાજનક ચીજવસ્તુઓ કે શંકાસ્પદ પદાર્થ મળી આવેલ ન હતો

# રાજકોટમાં ૨૪ કલાકમાં ૬ લોકોનો આપઘાત:અરેરાટી

## પ્રેમિકાના પરિવારે લગ્નની ના પાડતા ૧૯ વર્ષના યુવક, પત્ની ચાલી જતા ૩૩ વર્ષીય પતિ, ગુમસુમ રહેતા પ્રૌઢાએ જીવન દોરી ટૂંકાવી

રાજકોટ:રાજકોટમાં ૨૪ કલાકમાં યુવક, પરિણિતા, પ્રૌઢા સહિત ૬ લોકોએ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રેમિકાના પરિવારે લગ્નની ના પાડતા ૧૯ વર્ષના યુવક, પત્ની ચાલી જતા ૩૩ વર્ષીય પતિ, ગુમસુમ રહેતા પ્રૌઢાએ જીવન દોરી ટૂંકાવી હતી. મવડીની શિવધારા સોસાયટીમાં ૯ અને ૭ વર્ષના બે સંતાનોની માતાએ પેટે ઈંટો બાંધી ટાંકામાં પડતું મુકી જીંદગીનો કણ અંત આણ્યો હતો.મળતી માહિતી અનુસાર, રામજી અશ્વીનભાઈ વનાણી (ઉંમર વર્ષ ૧૯,કુવાડવા, વાંકાનેર રોડ, મેરી ગોલ્ડ કંપનીમાં) ગઈકાલે રાત્રે ૭.૩૦ વાગ્યાં આસપાસ મેરી ગોલ્ડ કંપનીમાં હતો ત્યારે ગળાફાંસો ખાઈ લીધો હતો. તેના મૃતદેહને પીએમ માટે કુવાડવા સરકારી દવાખાને ખસેડાયો હતો. કુવાડવા રોડ પોલીસે તપાસ કરતા જાણવા મળેલ કે, મૃતક યુવક મૂળ વાંકાનેર પંથકનો હતો.તેને એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. આ યુવતીના પરિવારને પ્રેમ સંબંધ મંજુર નહોતો એટલે લગ્નની ના પાડી દીધી હતી. જેથી યુવકે કંપનીમાં જે રૂમમાં રહેતો હતો ત્યાં હુકમાં દોરી બાંધી પગલું ભરી લીધું હતું. ૧૦૮ના ઈએમટી ગોપાલ ઓતરાદીએ સ્થળ પર મૃત જાહેર કરેલ. યુવક ૪ ભાઈમાં મોટો હતો. તેના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.

બીજા એક બનાવમાં વર્ષાબેન નંદરામભાઈ મેસવાણી (ઉંમર વર્ષ ૫૫, રહે.સેટેલાઈટ ચોક, મોરબી રોડ, રાજકોટ) તેઓ આજે પોતાના ઘરે હતા ત્યારે ગળાફાંસો ખાઈ જતા તેમનું મોત નીપજયું હતું. વર્ષાબેનને સંતાનમાં ૧ દીકરો છે. તેના પતિ હયાત નથી. થોડા દિવસથી તેઓ ગુમશુમ રહેતા હતા. આપઘાત અંગે કોઈ કારણ જાણવા ન મળતા બી. ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ત્રીજા બનાવમાં સુજલભાઈ અરવિંદ પરમાર (ઉંમર વર્ષ ૨૮, રહે.વિરડા વાજડી, તા. રાજકોટ) આજે પોતાના ઘરે લોખંડના એન્ગલમાં પેન્ટ બાંધી પેન્ટના પાઈચાને ગળામાં વિંટાળી ગળાફાંસો ખાઈ લીધો હતો. આપઘાતના પગલે યુનિવર્સીટી પોલીસ દોડી ગઈ હતી. મૃતદેહ પીએમ. માટે ખસેડ્યો હતો. મૃતક ૨ ભાઈ અને ૧ બેનમાં નાનો અને કુંવારો હતો. તે સ્કૂલ વાન ચલાવતો હતો. ક્યાં કારણે આ પગલું ભર્યું તે અંગે પોલીસ વધુ તપાસ કરશે.

ચોથા બનાવમાં ચંદનભાઈ રામવિજય શાહ (ઉંમર વર્ષ ૩૩, રહે. કોઠારીયા સોલવન્ટ, શીતળા ધાર, ૨૫ વારીયા શેરી નંબર ૩૪) આજે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા આજીડેમ પોલીસની ટીમ દોડી ગઈ હતી.મૃતદેહ પીએમ માટે ખસેડી તપાસ કરતા જાણવા મળેલ કે, ચંદનભાઈ મૂળ બિહારના વતની હતા. અત્રે મજૂરી કરતા. પણ બે મહિનાથી કંઈ કામ ધંધો કરતા નહી. નશાની ટેવ હતી. પત્ની સાથે અણબનાવ બનતા પત્ની ગઈ કાલે ક્યાંક ચાલી ગઈ હતી. જે પછી ચંદને ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો. મૃતકને સંતાનમાં ૧ દીકરો છે. પોલીસે પત્નીને શોધવા તજવીજ કરી હતી.

પાંચમા બનાવમાં વિશાલ ગોંવિદભાઈ ભડેલીયા (ઉંમર વર્ષ ૨૮, રહે.સર્વોદય સોસાયટી, શેરી નંબર ૫,વિરાણી હાઈસ્કુલ પાછળ, રાજકોટ) આજે પોતાના ઘરે ઉપરના માળે પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતા એ. ડિવિઝન પોલીસની ટીમ દોડી ગઈ હતી. મૃતકને આનંદ બંગલા ચોકમાં કાચની દુકાન છે. દોઢેક વર્ષ પહેલાં તેના છૂટાછેડા થઈ ગયા હતા. આપઘાતનું કારણ સ્પષ્ટ ન થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

છઠ્ઠા બનાવમાં ચંદ્રિકાબેન રવિભાઈ કપુરીયા (ઉંમર વર્ષ ૩૫,રહે.શિવધારા સોસાયટી, શેરી નં. ૨, ૮૦ ફુટ રોડ, તપોવન સ્કુલ વાળી શેરી, મવડી)એ પોતાના પેટ પર ચૂંદડી વડે મોટી ઈંટો બાંધી હતી અને ઘરના ફળિયામાં પાણીના ટાંકામાં પડતું મૂક્યું હતું. આ અંગે કોઈને જાણ નહોતી. ડૂબી જતા મોત નીપજ્યું હતું. પરિવારે પહેલા ચંદ્રિકાબેનને શોધ્યા પણ મળ્યાં નહીં.પછી તપાસ કરતા ટાંકામાંથી મૃતદેહ મળી આવેલ હતો. જેથી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ અજાગીયા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.



તપાસમાં જાણવા મળેલ કે, મૃતકના લગ્નને ૧૦ વર્ષ થયા હતા. તેમને બે સંતાનમાં દીકરી પ્રિષા (ઉંમર વર્ષ ૯) અને પુત્ર તૃષાત (ઉંમર વર્ષ ૭) છે. બે માસૂમ મા વિહોણા થતા કલ્પાંત છવાયો હતો. આપઘાતનું કારણ સ્પષ્ટ થયું નહોતું. તેથી પોલીસે તપાસ આગળ વધારી હતી.

# રૂડા દ્વારા ૪૯મા સ્થાપના દિવસની ઉજવણી

## મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ૨૦ આવાસોની ફાળવણી




રાજકોટ:રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) દ્વારા તા. ૦૧-૦૨-૨૦૨૬ના રોજ સત્તામંડળના ૪૯મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ચેરમેનશ્રી તુષાર સુમેરા તથા કલેકટરશ્રી ડૉ. ઓમ પ્રકાશના વરદ હસ્તે મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ૈંૈં પ્રકારના ખાલી રહેલ કુલ ૨૦ આવાસોની ડ્રો પદ્ધતિથી લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવી હતી. ઉપરાંત, આ કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત થનાર કર્મચારીશ્રીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચેરમેનશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તુષાર સુમેરા, કલેકટરશ્રી ડો. ઓમ પ્રકાશ, રૂડાના સી.ઈ.ઓ. શ્રી જી.વી. મિયાણી, નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સમીર ધડુક, રાજકોટ મહાનગરપાલિકાના સિટી એન્જિનિયર શ્રી કે.કે. મહેતા તેમજ રૂડા કચેરીના અધિકારીશ્રીઓ અને કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# રેલવે યુનિયનના રાજેશભાઈ મહેતા દ્વારા જીલ્લા ભાજપના ઉપપ્રમુખ જયેશ ત્રિવેદીનુ સન્માન

રાજકોટ:રાજકોટ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ પદે જયેશભાઈ ત્રિવેદીની ગત તા.૩૧-૧-૨૦૨૬ના રોજ વરણી થઈ હતી. આ તકે વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયનના રાજેશભાઈ વી.મહેતા દ્વારા તેઓની વરણી બદલ ફુલહાર અને ખેસ પહેરાવી બહુમાન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ઉપલેટા શહેરના નગરસેવક જયેશભાઈ ત્રિવેદી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જયેશભાઈ ત્રિવેદીને શુભેચ્છા પાઠવતા તેઓ પોતાના પદ પર રહી લોકસેવાના કાર્યો નિરંતર કરતા રહે અને તેઓની ભાજપ સંગઠનમાં ઉતરોતર પ્રગતી થતી રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.



# કેકેવી હોલ પાસે કાર ધડાકાભેર રેલિંગ સાથે અથડાઈ, કોઈ જાનહાનિ નહીં



રાજકોટ:કેકેવી હોલ પાસે કાર ચાલકે અકસ્માત સર્જતા થોડીવાર અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જો કે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. પ્રાપ્ત વિગત મુજબ, કાલાવડ રોડ પર કેકેવી હોલ નજીક મોડી રાતના સમયે પુરપાટ ઝડપે આવેલ એક સ્વીફ્ટ કારના ચાલકે કાર પરનો કાબુ ગુમાવતાં કાર ધડાકાભેર રેલિંગ સાથે અથડાઈ હતી. કારમાં મોટું નુકસાન પણ થયું હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો પણ દોડી આવ્યો હતો. જો કે, મોડી રાતનો સમય હોવાથી કોઈ જાનહાનિ ન થતાં પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો.

# ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નોંધાવ્યો

## ઐતિહાસિક બજેટ ફાળવણી, આધુનિક સ્ટેશનો અને વિશ્વસ્તરીય ટ્રેન સેવાઓથી રેલવેના પરિદ્રશ્યમાં રૂપાંતર

રાજકોટ:ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ અંદાજપત્ર સહાય અને ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સાથે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જેનાથી રાજ્યમાં સુરક્ષિત, આધુનિક અને યાત્રી-કેન્દ્રીત રેલવે પરિવહનના નવા યુગની શરૂઆત થઈ રહી છે.

ગુજરાત માટે સરેરાશ વાર્ષિક રેલવે બજેટની ફાળવણી વર્ષ ૨૦૦૯-૧૪ દરમિયાન ?૫૮૯ કરોડ હતી, જે વધીને ૨૦૨૬-૨૭ના સમયગાળામાં ?૧૭,૩૬૬ કરોડ થઈ છે. આ લગભગ ૨૯ ગણો વધારો છે, જે રાજ્યમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી મજબૂત કરવા માટે સરકારની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

**માળખાગત સુવિધાઓને વધુ પ્રાધાન્ય**

ગુજરાતમાં હાલમાં ?૧,૨૮,૭૪૮ કરોડની કિંમતના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પ્રગતિમાં છે. આ કાર્યોમાં ટ્રેક નિર્માણ, સ્ટેશન પુનઃવિકાસ અને સુરક્ષામાં મોટા સુધારાઓનો સમાવેશ થાય છે, જે સમગ્ર નેટવર્કમાં લાંબા ગાળાની ક્ષમતા વૃદ્ધિ અને ઓપરેશનલ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે.

**અમૃત સ્ટેશન યોજના: સ્ટેશનોનું રૂપાંતરણ**

અમૃત સ્ટેશન યોજના હેઠળ, ગુજરાતના ૮૭ રેલવે સ્ટેશનોને ?૬,૦૫૮ કરોડના કુલ રોકાણ સાથે વ્યાપક પુનઃવિકાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. ડાકોર, હાપા,




જામ જોધપુર, મોરબી, ઓખા, પાલીતાણા અને પોરબંદર સહિત ૧૯ સ્ટેશનો પર પુનઃવિકાસનું કામ પહેલેથી જ પૂર્ણ થઈ ગયું છે, જેનાથી યાત્રીઓની સુવિધાઓ અને સ્ટેશનની સુંદરતામાં નોંધપાત્ર સુધારો થયો છે

**પ્રીમિયમ ટ્રેનો સાથે ઉન્નત કનેક્ટિવિટી**

ગુજરાતમાં આધુનિક ટ્રેન સેવાઓની શરૂઆત સાથે યાત્રીઓની સુવિધા અને યાત્રા ક્ષમતામાં બહોળો વધારો થયો છે. હાલમાં, રાજ્યમાં નીચે મુજબની સેવાઓ ઉપલબ્ધ છે:

- ૫ જોડી વંદે ભારત એક્સપ્રેસ
- ૧ જોડી અમૃત ભારત એક્સપ્રેસ
- ૧ જોડી નમો ભારત એક્સપ્રેસ

આ સેવાઓ યાત્રીઓને ઝડપી, સુરક્ષિત અને વધુ આરામદાયક યાત્રાનાના વિકલ્પો ઉપલબ્ધ કરાવે છે.

**નેટવર્ક વિસ્તરણ અને ૧૦૦% વિદ્યુતીકરણ**

વર્ષ ૨૦૧૪ થી, ગુજરાતના રેલવે નેટવર્કનો આશરે ૨,૯૦૦ કિમીના નવા રેલવે ટ્રેકના નિર્માણ સાથે ઝડપથી વિસ્તાર થયો છે, જે ઘણા યુરોપિયન દેશોના કુલ રેલવે નેટવર્ક કરતા પણ વધુ છે. રાજ્યએ ૧૦૦% વિદ્યુતીકરણ પણ હાંસલ કર્યું છે, જેમાં ૪,૦૦૫ કિમી રેલ લાઇનનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે, જે પર્યાવરણને અનુકૂળ અને ઉર્જા-કાર્યક્ષમ કામગીરીમાં મદદરૂપ થાય છે.

ઉપરાંતમાં, લેવલ ક્રોસિંગ દૂર કરવા અને માર્ગ-રેલવે અવરજવરને સરળ બનાવવા માટે રાજ્યભરમાં ૧,૧૭૭ ફ્લાયઓવર અને અંડરપાસ બનાવવામાં આવ્યા છે.

**'કવચ' દ્વારા રેલવે સુરક્ષાનું મજબૂતીકરણ**

પોતાની 'સુરક્ષા-પ્રથમ' નીતિના ભાગરૂપે, ભારતીય રેલવેએ ગુજરાતમાં સ્વદેશી 'કવચ' ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ લાગુ કરી છે. કુલ મંજૂર ૧,૮૪૨ રૂટ કિલોમીટર લંબાઈમાંથી, ૯૬ રૂટ કિલોમીટર પર કવચ તૈનાત કરવામાં આવ્યું છે, જ્યારે ૧,૬૭૪ રૂટ કિલોમીટર માટે કામ અથવા ટેન્ડર પ્રક્રિયા દ્વારા રેલવે સુરક્ષા ધોરણોમાં નોંધપાત્ર હરણફાળ ભરી છે.

વિક્રમજનક રોકાણ, આધુનિક સ્ટેશનો, પ્રીમિયમ ટ્રેનો, સંપૂર્ણ વિદ્યુતીકરણ અને અદ્યતન સુરક્ષા પ્રણાલીઓ સાથે, ભારતીય રેલવે ગુજરાતના માળખાગત અને સામાજિક-આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

# સરકારી પોલિટેકનિક ખાતે સ્ટુડન્ટ વેલનેસ સેલ ખુલ્લો મુકાયો

## 'સારથી' પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન,સ્ટાફ માટે વિશેષ વાર્તાલાપ યોજાયો




પોલિટેકનિક, રાજકોટના આઇ.સી.ટી. વિભાગ ખાતે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સર્વાંગી સુખાકારી માટે પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. જેના ભાગરૂપે સંસ્થા ખાતે નવનિર્મિત સ્ટુડન્ટ વેલનેસ સેલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

વધુમાં ગત તા. ૩૦ અને ૩૧ જાન્યુઆરી – ૨૦૨૬ ના રોજ બે દિવસીય 'સારથી' : 'સ્ટુડન્ટ વેલનેસ અને કાઉન્સેલિંગ પ્રોગ્રામ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રથમ દિવસે મુખ્ય નિષ્ણાત અને તજજ્ઞ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના મનોવિજ્ઞાન વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ધારા દોશી અને તેમની ટીમે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. સાથોસાથ વિવિધ મનોવૈજ્ઞાનિક કસોટી અને પોસ્ટર દ્વારા તેમને મુંજાવતા પ્રશ્નોના નિરાકરણ કરવામાં મદદ કરી હતી.

બીજા દિવસે ડૉ. ધારા દોશીએ અત્રેની સંસ્થાના ફેકલ્ટી સાથે વિદ્યાર્થીઓના મનોવૈજ્ઞાનિક પ્રશ્નોની ઓળખ અને તેનું સંચાલન વિષય પર 'વન-ટુ-વન' ચર્ચા કરી હતી. જેમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને સુધારવા માટે શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સંસ્થાના આચાર્ય શ્રી ડો. એ.એસ.પંડ્યાના નેતૃત્વમાં તેમજ ઈ.સી. આઈ.સી.ટી. વિભાગના ઈન્ચાર્જ એચ.ઓ.ડી. શ્રી એચ.કે.પ્રજાપતિની આગેવાનીમાં કોર્ડીનેટર વ્યાખ્યાતા શ્રી પી.એન.કરગટિયા, કો- કોર્ડીનેટર વ્યાખ્યાતા શ્રી એ.આર.નગરીયા તથા વ્યાખ્યાતા શ્રી એસ.એસ. પ્રજાપતિ દ્વારા આ બે દિવસીય કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીટેકનિકના ઈન્ચાર્જ આચાર્ય શ્રી આર.એલ.પટેલ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાના તમામ ફેકલ્ટી સ્ટાફને ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## એ આઈ કરતા ભારતીય શિક્ષણ પ્રણાલી સર્વોત્તમ

આજના એઆઈ અને ડિજિટલ યુગમાં, જ્યાં ટેક્નોલોજી આધારિત શિક્ષણ ઝડપથી ફેલાઈ રહ્યું છે, ત્યા પરંપરાગત ભારતીય શિક્ષણ પદ્ધતિ વિશ્વકક્ષાએ પ્રશંસા પાત્ર બની છે માત્ર મોબાઇલ અને સ્ક્રીન આધારિત શિક્ષણમાં બાળકો ધીમે ધીમે ટેક્નોલોજીના ગુલામ બની જાય છે અને અનેક દૂષણો તેમના કુમળા માનસમાં પ્રવેશ કરે છે. હજારો વર્ષ પહેલાની તપોવન સંસ્કૃતિના ભાગરૂપ શિક્ષણ પદ્ધતિ ધીમે ધીમે નવો અવતાર લઈ રહી છે

ભાવનગરની ધરતી પર જન્મેલા ગીજુભાઈ બધેકા, હરભાઈ ત્રિવેદી અને શિશુવિહારના સ્થાપક માનભાઈ ભટ્ટ જેવા એકથી એક ચડિયાતા કેળવણીકારોએ વર્ષો પહેલાં જ આ સત્ય પર ભાર મૂક્યો હતો કે બાળકને ભણાવવું હોય તો તેને સહજ ભાવથી, આનંદ સાથે શીખવવું જોઈએ. ભણતર બાળક પર લાદવાનું નહીં, પરંતુ તેની અંદરથી વિકસવા દેવાનું હોયલઆ વિચારધારાને તેમણે જીવનભર સાબિત કરી બતાવી.આ કેળવણીકારોની વિચારસરણી માત્ર પુસ્તકોમાં સીમિત રહી નથી. આજે પણ શિશુવિહારમાં એ જ વિચારધારા સાથે શૈક્ષણિક પ્રવૃત્તિઓ અવિરત ચાલી રહી છે, જે આપણાં માટે ગૌરવની વાત છે. રમતો, સંવાદ, અનુભવ અને જીવનલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા બાળકના સર્વાંગી વિકાસ પર ભાર મૂકાતો રહ્યો છે, જેને ખરેખર અસરકારક શિક્ષણ કહી શકાય.ભાવનગર મા સ્મોલ વંડર દ્વારા શેરી રમતોને પ્રોત્સાહન આપવા સ્ટ્રીટ જલસો નામનો જબરો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો તેમાં એક સાથે હજારો બાળકો યુવાનો અને વાલીઓએ ભાગ લીધો હતો આ એક નવો પ્રારંભ છે એક નવો કોન્સેપ્ટ છે જે સૌ કોઈ અપનાવે તો શિક્ષણ જગતમાં ક્રાંતિ થઈ શકે.એની સાથે ગીજુભાઈની વિચારધારાથી પ્રેરિત જીવનલક્ષી શિક્ષણ બાળકને વિચારશીલ, સંવેદનશીલ અને સ્વતંત્ર બનાવે છે. આજના સમયમાં આ પદ્ધતિ સો ટકા સફળ પુરવાર થઈ છેલકારણ કે તે બાળકને ફક્ત ભણાવતી નથી, પરંતુ જીવન જીવવાનું પણ શીખવાડે છે.વર્લ્ડ બેન્કે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે દુનિયાની સર્વોત્તમ અને ખર્ચ અસરકારક શિક્ષણ પદ્ધતિ આજે ભારતમાં વિકસી છે અને આખી દુનિયા તેમાંથી શીખી શકે છે. આ કોઈ ભાવનાત્મક દાવો નથી, પરંતુ સંશોધન, આંકડા અને આંતરરાષ્ટ્રીય મૂલ્યાંકન પરથી નીકળેલો નિષ્કર્ષ છે. ભારતનું ‘બાલસખી મોડેલ’ એ સાબિત કરી રહ્યું છે કે શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે અઢળક ખર્ચ જરૂરી નથી, પરંતુ યોગ્ય અભિગમ, સ્થાનિક જોડાણ અને બાળકકેન્દ્રિત વિચારધારા જરૂરી છે.ભારતમાં પ્રાથમિક શિક્ષણની સૌથી મોટી સમસ્યા એ હતી કે ઘણા બાળકો શાળામાં તો આવતા હતા, પરંતુ વાચન, લેખન અને ગણિતની મૂળભૂત સમજમાં પાછળ રહી જતા હતા. આ ખામી દૂર કરવા માટે ‘ટીચિંગ એટ ધ રાઇટ લેવલ’ એટલે કે ્છઇન પદ્ધતિ વિકસાવવામાં આવી. આ પદ્ધતિમાં બાળકને તેની ઉંમર મુજબ નહીં, પરંતુ તેની ક્ષમતા મુજબ ભણાવવામાં આવે છે. ‘બાલસખી મોડેલ’ આ વિચારધારાનું સૌથી સફળ સ્વરૂપ બન્યું છે.બાલસખી એટલે સ્થાનિક સ્તરે પસંદ કરેલી અને પ્રશિક્ષિત યુવતીઓ, જે રોજના બે કલાક પાછળ રહી ગયેલા બાળકો સાથે કામ કરે છે. ભણતર રમતો, વાતચીત, વાર્તાઓ અને સરળ કસરતો દ્વારા આપવામાં આવે છે. પરિણામે બાળકો પર શાળાનો ભાર નહીં પડે અને તેઓ ભણતર સાથે સહજ રીતે જોડાઈ જાય છે. આ મોડેલમાં શિક્ષણ ભય નહીં, પરંતુ આનંદ બની જાય છે.વર્લ્ડ બેન્કના બે વર્ષના અભ્યાસ મુજબ પ્રથમ વર્ષે ૦.૧૪ અને બીજા વર્ષે ૦.૨૮ પ્રમાણભૂત વિચલનોનો સુધારો નોંધાયો છે, જે શિક્ષણ સંશોધનમાં ખૂબ જ મજબૂત અસર માનવામાં આવે છે. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે પ્રતિ બાળક વાર્ષિક ખર્ચ માત્ર ૪.૫ ડોલર, એટલે કે આશરે ૩૭૫ રૂપિયા જેટલો જ છે. જ્યાં વૈશ્વિક સરેરાશ શિક્ષણ ખર્ચ ૪,૦૦૦ રૂપિયા જેટલો છે, ત્યાં ભારતનું આ મોડેલ બહુ ઓછા ખર્ચે અસરકારક પરિણામ આપે છે.

# દીકરીના આટલાં ભણતરનો શો અર્થ...

**સારું ભણેલી દીકરીને સંજોગો વશાત્ ગામડાના ખેડૂતપુત્ર સાથે લગ્નથી જોડાયા પછી એક સુશીલ,સમજું અને કહ્યાગરી વહુ બનવાની સાથે જે પરિસ્થિતિમાં જીવન ગુજારો કરવો પડે તે કેટલું અઘરું હોય છે ?**

**અલપ ઝલપ** -ડો. મનહર ઠાકર

રાકેશને ચૂપ રહેવા સિવાય કોઈ બીજો માર્ગ હતો નહી. મમ્મીનું મોંઢું તોડી લેવાનું મન થતું પણ એ કશું કરી શકતો નહી અને મનમાં ને મનમાં મૂંઝાયા કરતો. જો કે એને ઊંડે ઊંડે થતું કે, વેવિશાળ નક્કી કરી દીધાં પછી રીટાએ ક્યાંય બહાર પગ મૂક્યો નથી. એ પહેલાં કેટકેટલું ફરી હશે પોતે ? યુથ હોસ્ટેલના છેલ્લા પ્રવાસમાં તો અમે સાવ અજાણ્યા પણ સાથે છેક કૂલુ મનાલી ગયેલાં. ત્યાંના હિમગિરિ શિખરો તો આજે પણ રાત્રે સ્વપ્નમાં પજવે છે. શ્વેત ચાદર બિછાવીને ફરી પાછાં ત્યાં બોલાવે છે. એ બરફમઢ્યા પર્વતોની યાદ તો કદાપિ વિસરાય તેમ નથી. સૌને ખૂબ મજા આવતી હતી. ઘણી વાર મજાકમાં રીટાની ફ્રેન્ડ કહેતીય ખરી, ’ આટલે દૂર ફરવા નીકળી છો તે પરણ્યા પછી એવું ઘર અને વર નહી મળે તો બિચારી દૂબળી થઈ જશે. ’

’ એટલા માટે તો અત્યારે ફરવા આવું છું, કે જેથી કરીને ભવિષ્યમાં આ બાબતનો કોઈ વસવસો ન રહી જાય. ’ રીટા તરતજ આવો પ્રત્યુત્તર આપી દેતી.

એ દૂબળી તો નહોતી થઈ ગઈ. ગામડામાં રહેવાનોય એને અફસોસ નહોતો.પણ મોડી રાતે થાકી-પાકી એ ખાટલે આડી પડતી ત્યારે એને વસવસો ચોક્કસ થતો હતો. આટલા ભણતરનો શો અર્થ ?

વૈચારિક દલીલ કરવાથી હવે કોઈ પરિણામ આવવાનું નથી એવું પોતે જાણતી હતી. વહેલી સવારે તે રાકેશ જોડે વાડીએ ઉપડી ગઈ. એણે ખેતીના ક્યારામાં નીંદામણ શરૂ કર્યું. એમ કરવા જતાં એક કાંટો અંગુઠા પર લાગ્યો. એના મોઢામાંથી હળવી ચીસ સરી પડી. સારું થયું રાકેશનું વળી એ તરફ ધ્યાન નહોતું ગયું. નહી તો વળી એની રામાયણ પાછી ચાલુ થઈ જાત. રીટા અંગુઠો મોંઢામાં મૂકી ચૂસવા લાગી. વાડીનું છીડું પૂરાઈ ગયું ત્યાં સુધી રાકેશ વાડ પર આમતેમ બાવળનાં ડાળખાં ગોઠવતો રહ્યો.



બપોર થયું રીટાને માથે ખડનો ભારો ચડાવી રાકેશ તેની પાછળ ચાલવા લાગ્યો. રીટાના આડાઅવળા પડતા પગ રેતીમાં ખૂંપી જતા હતા. શરીર બરાબરનું થાકયું હતું. અને ઓછામાં પૂરો બે મણનો ભારો. ચાલતાં ચાલતાં એને અચાનક સાંભરી આવ્યું.. હવે ચોમાસું આવશે. ગામને પાદર લીલોતરી ઊગી નીકળશે. ઢોરઢાંખર માટે ચરવાનું થાશે એટલે આ વાડીએથી ખડનો ભારો લાવવાની ઝંઝટમાંથી છૂટકારો..!

ચોમાસું બેસી ગયું. વાવણીનો વખત છે ને મજૂરેય મળતાં નથી. સાસુએ નિર્ણય જાહેર કર્યો, ’ મજૂરની ક્યાં જરૂર છે, રાકેશ અને રીટા, હું અને એના પપ્પા, ચાર જણાં થઈને વાવણીને પહોંચી વળીએ. ’

તેણે રાકેશ કે રીટાને પૂછવાની તસ્દી પણ લીધી નહોતી. બસ, સીધો પોતાનો ફેંસલો સંભળાવી દીધો હતો. દરેક વખતે આમ જ બનતું આવ્યું છે. બીજી કોઈ બાબતની માથાકૂટ નહી પણ ક્યાંય અભિપ્રાય લેવાની કે ચર્ચા કરવાની વાત જ નહી. સૌને શું ગમે છે અને શું નહી તેની દરકાર સુદ્ધાં નહી કરવાની. બસ, બધાં અભણ માણસોની જેમ પોતે નિર્ણય જાતે જ લઈ લેવાનો. પછી એ નિર્ણયમાં રીટાએ તો મૂક સંમતિ જ દર્શાવવાની.

ચારેય જણા વહેલી સવારે વાડીએ પહોંચે. રીટાને ખેતીનું કામ આકરું પડતું. થોડો થાક ખાઈ લેવાની ઈચ્છા થઈ આવતી. પણ એનાથી કામમાં ખાસ્સા આગળ નીકળી ગયેલા ત્રણેયને જોઈને એ વિચાર માંડી વાળતી. સાંજે ઘેર પહોંચતાં-પહોંચતાં તો એ થાકીને લોથ થઈ જતી.આખું શરીર પરસેવે રેબઝેબ થઈ જતું. એક સાંજે વાડીએથી તેના માથે ચડાવેલો ખડનો ભારો આંગણામાં નાખીને તે ઓસરીની કોર પર બેસી પડી. આંગણામાં અંધારું ઊતરી આવ્યું હતું. હજી તો તેણે રાંધવાનું પણ હતું. ફળિયે રાખેલી ડોલમાંથી પાણી લઈ ઝટપટ હાથ-પગ ધોયા. પછી રસોડામાં પ્રવેશી. હજી તો કથરોટમાં લોટ કાઢે ત્યાં તો સાસુ રસોડામાં પહોંચ્યા.રીટાએ માથે ધસી આવેલા વાળ સરખા કરી રોટલાનો લોટ મસળવા માંડ્યો. સાસુની મારકણી આંખો એ લોટના પિંડા પર એવી મંડાણી કે જાણે તેમાંથી તિખારા ઝરતાં હોય ! પણ તિખારા તો તેની જીભેથી વછૂટયા....

’ શું ધૂળ અને ઢેફાં મસળવા બેઠી ? ’

’ કેમ આમ બોલો છે, મમ્મી ? ’

’ મારો રાંધવાનો અનુભવ બોલે છે, હું નહી. ’

’ એટલે મારે રાંધવામાં કાંઈ ફેરફાર કરવાનો છે ? ’

’ એ, હા...! આ ઝંડા ઝુલણ માથાના વાળ સરખા કરતાં જવું ને રાંધતા જવું એ તે કેવું ? કથરોટમાં વાળ પડે એનું ભાન છે ? ’

’ સોરી મમ્મી. ’

’ મને એવું અંગ્રેજી ના આવડે હો ! કામમાં સુધારો કરો. ભણતરમાં કાંઈ ભલીવાર નથી થ્યો તે આ મારે તીખાં લેવા પડે છે.’રીટાએ સાસુનું આ બેહૂદુ વર્તન ખમી ખાધું. તોય જીવ ઉચાટ અનુભવે છે. એમને રાત-દિવસ અનુભવાતાં આવાં બેહૂદા વર્તનો ઘણી વખત અકળાવી દે છે. તેની જોડે બેસી-સુખ-દુ:ખની વાત કરવાનો રાકેશને પણ ટાઈમ નથી મળતો કે તે મમ્મીના કર્કશ સ્વભાવથી ડરે છે !!!આવું થાય ત્યારે રાકેશ તો નમાલો થઈને બાપ સામે લમણે હાથ દઈને બેસી જતો. એને મનમાં થતું કે પપ્પા કાંઈક કહેશે. તેની ધીરજની કસોટી પછી પપ્પા એટલું જ બોલતાં, ’ ટાઢ વાય સૌને, ન વાય વહુંને ; તાવ આવે સૌને, ન આવે વહુંને... ’

# જગપ્રસિદ્ધ મંદિરની તરફ જહાજ કેમ ખેંચાઈ આવતા હતા?

ભારતના પૂર્વ કિનારે આવેલા ઓડિશા રાજયને કયો ભારતવાસી નહીં જાણતો હોય? ઓડિશા જેટલું ભગવાન જગન્નાથ માટે જાણીતું છે, તેટલું જ પુરી જિલ્લામાં આવેલા કોણાર્ક અને ત્યાંના સૂર્યમંદિર માટે જાણીતું છે. આ સૂર્ય મંદિર એ ૧૩મી સદી (૧૨૫૦ સીઈ) નું મંદિર છે જે પૂર્વના ગંગ વંશના રાજા નરસિંહ દેવ પ્રથમ દ્વારા સ્થાપિત મનાય છે.પુરાણો અનુસાર, શ્રીકૃષ્ણના પુત્ર સાંબને તેમના શ્રાપને કારણે કુષ્ઠ રોગ થયો હતો. સાંબે કોણાર્કના મિત્રવનમાં ચંદ્રભાગા નદીના સંગમ પર બાર વર્ષ સુધી તપસ્યા કરી અને સૂર્યદેવને પ્રસન્ન કર્યા. બધા રોગોના નાશ કરનાર સૂર્ય દેવે તેમની બીમારી પણ મટાડી દીધી. તે મુજબ, સાંબે સૂર્યદેવનું મંદિર બનાવવાનું નક્કી કર્યું.

રોગમાંથી સ્વસ્થ થયા પછી, ચંદ્રભાગા નદીમાં સ્નાન કરતી વખતે, તેમને સૂર્ય ભગવાનની મૂર્તિ મળી. આ મૂર્તિ સૂર્યદેવના શરીરના એક ભાગમાંથી દિવ્ય શિલ્પી શ્રી વિશ્વકર્માએ કોતરેલી હતી. સાંબે આ મૂર્તિને મિત્રવનમાં તેમણે બનાવેલા મંદિરમાં સ્થાપિત કરી હતી, અને ત્યારથી, આ સ્થળને પવિત્ર માનવામાં આવે છે.

કોણાર્કના સૂર્યમંદિરની રચના વિશે તો વધુ શું વાત કરવી? તેના વિશે તો બધા જાણે જ છે. પણ આપણે તેની ચમત્કૃતિ વિશે જરૂર વાત કરીશું. કોણાર્ક શબ્દ કોણ અને અર્ક શબ્દો પરથી આવ્યો છે. અર્કનો અર્થ સૂર્ય થાય છે, જ્યારે કોણનો અર્થ ખૂણો અથવા કિનાર હોઈ શકે છે. એવું કહેવાય છે કે કોણાર્ક સૂર્ય મંદિર મૂળરૂપે દરિયા કિનારે બનાવવાનું હતું, પરંતુ દરિયો ધીમે ધીમે ઓછો થતો ગયો અને તેથી મંદિર કિનારાથી થોડું દૂર થઈ ગયું. મંદિરના ઘેરા રંગને કારણે તેને કાળો પેગોડા કહેવામાં આવ્યું.સૂર્ય મંદિર સૂર્યદેવ દ્વારા સંચાલિત સમયના પ્રવાહનું પણ પ્રતિનિધિત્વ કરે છે. રથ આકારના મંદિરમાં પૂર્વ દિશામાં જોડાયેલા સાત ઘોડા, અઠવાડિયાના સાત દિવસોનું પ્રતીક છે. ૧૨ જોડી પૈડા દિવસના ૨૪ કલાકનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે તેમની સાથે જોડાયેલા ૮ આરા દિવસના આઠ પ્રહરનું પ્રતીક છે. કેટલાક લોકો માને છે કે ૧૨ જોડી પૈડા વર્ષના બાર મહિનાનું પ્રતિનિધિત્વ કરે છે. એક માન્યતા એવી પણ છે કે સાત અશ્વો એ સૂર્યના કિરણમાં રહેલા મેઘધનુષના ૭ રંગોનું પણ પ્રતિનિધિત્વ કરે છે.આ મંદિરમાં ભગવાન સૂર્યની ત્રણ મૂર્તિઓ હતી, બાલ્યાવસ્થા એટલે ઉગતા સૂર્ય, જેની ઊંચાઈ ૮ ફૂટ. યુવાની, જેને મધ્યાહન સૂર્ય તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૯.૫ ફૂટ ઊંચી, જ્યારે ત્રીજો તબક્કો પુખ્તાવસ્થા છે, જેને અસ્ત થતા સૂર્ય તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૩.૫ ફૂટ ઊંચી છે.



આ મંદિરની ચમત્કૃતિ એવી છે કે આ મંદિરના શિખરના આધારે સમુદ્રમાં નાવિકો દિશા નક્કી કરતા હતા. પણ આ વિશિષ્ટતા જ નાવિકો માટે જોખમી બની ગઈ. કારણકે એવું કહેવાય છે કે, આ મંદિરના શિખરમાં પર ટન વજનનો વિશાળકાય ચુંબકીય પથ્થર વપરાયો હતો.જોકે, મંદિરના શક્તિશાળી ચુંબકીય ક્ષેત્રો સમસ્યાઓ ઊભી કરવાનું શરૂ કર્યું. ચુંબકીય ક્ષેત્ર એટલું મજબૂત હતું કે જહાજો મંદિર તરફ ખેંચાતા હતા. આ પથ્થરના કારણે નાવિકોનું હોકાયંત્ર ખરોવાઈ પણ જતું હતું અને અનેક જહાજો કિનારા નજીક છીછરા પાણી તરફ આવી જતા અને પથ્થરો સાથે ટકરાઈને તૂટી પડતા હતા.બીજું એ પણ કહેવાય છે કે આ ચુંબકીય પથ્થર સાથે મંદિરમાં અનેક નાના ચુંબકીય પથ્થરો પણ વપરાયા હતા, જે મંદિરના સ્થાપત્યને એકબીજા સાથે જોડી રાખતા હતા. આ ચુંબકીય રચનાના કારણે કહેવાય છે કે, મંદિરની મુખ્ય મૂર્તિ હવામાં તરતી હતી. જોકે આ વાતના પ્રમાણ આજે મળતા નથી.

**વિશેષ**

ચુંબકીય પથ્થરના કારણે જહાજોને થતા નુકસાનને ધ્યાનમાં રાખીને તેને હટાવી લેવામાં આવ્યો (મહદંશે મુસ્લિમ આક્રમણખોરો દ્વારા) તેવી માન્યતા છે પરિણામે મંદિરના સ્થાપત્યને ભારે અસર થઈ અને કાળક્રમે પથ્થરો ખરવા લાગ્યા અને મંદિર તૂટવા લાગ્યું.

આક્રમણખોરોથી બચાવવા આ મંદિરની મૂર્તિને પૂજારીઓએ હટાવી દીધી હતી અને માટીમાં દાટીને છુપાવી દીધી હતી. પછીના કોઈક સમયે તેને બહાર કાઢવામાં આવી હતી એવું કહેવાય છે.

જોકે, આ બાબતે મતાંતરો છે. કેટલાક ઈતિહાસકારોનું કહેવું છે કે આજે પુરીના જગન્નાથ મંદિરના પરિસરમાં જે મૂર્તિ છે તે મૂળ મૂર્તિ છે, તો કેટલાકનું કહેવું છે કે દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં રાખવામાં આવેલી મૂર્તિ મૂળ છે. કેટલાક તો એવું પણ કહે છે કે મૂળ મૂર્તિ દાટી દીધા પછી ફરીથી શોધાઈ નથી. ૧૯૮૪માં યુનેસ્કો દ્વારા તેને વિશ્વ ધરોહર સ્થળ જાહેર કરવામાં આવ્યું હતું.

# મધરાતની ડિજિટલ માયાજાળને સમજવી આવશ્યક

મધરાતે જ્યારે આખું ઘર ઊંઘમાં હોય છે અને બહારની દુનિયા શાંત થઈ જાય છે, ત્યારે મોબાઈલની સ્ક્રીન પર એક અલગ જ રમત શરૂ થાય છે. અડધી ઊંઘમાં સ્ક્રોલ કરતા આપણે એવું માની લઈએ છીએ કે આપણે ફક્ત સમય પસાર કરી રહ્યા છીએ, પરંતુ વાસ્તવમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ આપણને નાજુક માનસિક સ્થિતિમાં ઝડપી લે છે. થાકેલું મગજ, ઘટતી તર્કશક્તિ અને તરત આનંદ મેળવવાની ઈચ્છા – આ ત્રણે મળીને મધરાતે ખરીદી માટે પરફેક્ટ માહોલ બનાવે છે. “માત્ર હવે”, “મિડનાઈટ ડીલ”, “છેલ્લા થોડા મિનિટ” જેવા શબ્દો મનમાં તાકીદ ઊભી કરે છે અને લાગે છે કે જો હવે ક્લિક નહીં કરીએ તો મોટું નુકસાન થઈ જશે. એ ક્ષણે જરૂરિયાત અને લાલચ વચ્ચેની રેખા મટી જાય છે. કાર્ટમાં વસ્તુ ઉમેરવી સહેલી લાગે છે, પરંતુ તેના પરિણામો વિશે વિચારવાનું મન તૈયાર નથી. જ્યારે વહેલી સવારે ઊંઘ પૂરી થાય છે, ત્યારે તર્ક પાછું આવે છે અને સ્ક્રીન પર દેખાતી ઓર્ડર હિસ્ટ્રી એક કડવી હકીકત બનીને સામે આવે છે. ત્યારે સમજાય છે કે આ સસ્તી ખરીદી નહોતી, પરંતુ મધરાતની માયાજાળમાં ફસાઈને કરેલું એક ભાવનાત્મક ખર્ચ હતું, જેનો ભાવ હવે પસ્તાવામાં ચૂકવવો પડે છે.રાત્રે દુનિયા ધીમે ધીમે શાંત થઈ જાય છે. રસ્તાઓ ખાલી થવા લાગે છે, અવાજો ઓસરવા લાગે છે અને શરીર ઊંઘ તરફ સરકતું જાય છે. પરંતુ એ જ સમયે મોબાઈલની સ્ક્રીન પર એક અલગ જ દુનિયા જાગતી હોય છે. અડધી ઊંઘમાં, થાકેલા મગજ સાથે આપણે સોશિયલ મીડિયા કે શોપિંગ એપ્સ સ્ક્રોલ કરતા હોઈએ છીએ. ત્યારે આપણને લાગે છે કે આપણે ફક્ત સમય પસાર કરી રહ્યા છીએ, પરંતુ હકીકતમાં ત્યાંથી એક એવી પ્રક્રિયા શરૂ થાય છે, જે સવારે ઉઠ્યા પછી પસ્તાવામાં ફેરવાય છે. આ સ્થિતિને આજે મનોવૈજ્ઞાનિકો “ડાર્ક શોપિંગ કાર્ટ સિન્ડ્રોમ” તરીકે ઓળખાવે છે.મોડી રાત્રે ખરીદી કરવાનો અનુભવ ઘણાને ઓળખીતો હશે. “માત્ર આજે”, “મિડનાઈટ ડીલ”, “છેલ્લા થોડા મિનિટ”, “માત્ર એક જ પીસ બાકી” જેવા શબ્દો આંખ સામે ઝળહળતા રહે છે. એ ક્ષણે આપણું મગજ એવું માને છે કે આ એક સોનાની તક છે, જો હવે નહીં લીધું તો મોટું નુકસાન થઈ જશે. આ ભાવના એટલી તીવ્ર હોય છે કે જરૂરિયાત અને લાલચ વચ્ચેનો ભેદ જ મટી જાય છે. જે વસ્તુની આપણે આખો દિવસ જરૂર નથી લાગતી, તે જ વસ્તુ રાત્રે એક વાગ્યે અતિઆવશ્યક લાગે છે.આનું મુખ્ય કારણ માનવ મગજની કાર્યપદ્ધતિ છે. દિવસ દરમિયાન આપણો પ્રી-ફ્રન્ટલ કોર્ટેક્સ સક્રિય હોય છે. આ મગજનો એ ભાગ છે જે વિચાર, આયોજન, નિયંત્રણ અને યોગ્ય-અયોગ્યનો ભેદ કરાવવામાં મદદ કરે છે. પરંતુ જેમ જેમ રાત્રે ઊંઘનું દબાણ વધે છે, તેમ આ ભાગ ધીમો પડવા લાગે છે. થાકના કારણે તર્કશક્તિ નબળી પડે છે અને ભાવનાઓ વધુ પ્રબળ બને છે. આવી સ્થિતિમાં મગજ તરત મળતા આનંદ તરફ વધારે આકર્ષાય છે. પરિણામે “હવે જ ખરીદી કરો” જેવી ઓફર આપણને અતિઆકર્ષક લાગે છે.

**થાકેલું મગજ, ઘટતી તર્કશક્તિ અને તરત આનંદ મેળવવાની ઈચ્છા – આ ત્રણે મળીને મધરાતે ખરીદી માટે પરફેક્ટ માહોલ બનાવે છે.**

ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ આ માનસિક સ્થિતિને સારી રીતે સમજે છે. તેઓ જાણે છે કે રાત્રે ગ્રાહક વધુ ભાવનાત્મક અને ઓછો તર્કશીલ હોય છે. એટલે જ મોડી રાત્રે ફોમો આધારિત મેસેજિંગ વધુ તેજ થઈ જાય છે. સ્ક્રીન પર દેખાતી લાઈવ નોટિફિકેશન, “આ પ્રોડક્ટને અત્યારે ૨૦ લોકો જોઈ રહ્યા છે”, “૧૫ મિનિટમાં ઓફર સમાપ્ત” જેવા સંદેશા મગજમાં એક પ્રકારની તાકીદ ઊભી કરે છે. આ તાકીદ આપણને વિચારવાનો સમય આપતી નથી, ફક્ત ક્લિક કરાવવાનું કામ કરે છે.આ પ્રકારની ખરીદી ઘણી વખત આયોજન વગરની હોય છે. લોકો પછી સ્વીકારે છે કે તેમણે ફક્ત ઓફર જોઈને વસ્તુ ખરીદી, વાસ્તવિક જરૂરિયાતને આધારે નહીં. કેટલાકને લાગે છે કે ભાવ બહુ સસ્તો હતો, તો કેટલાકને લાગે છે કે ફરી આવી ઓફર નહીં મળે. પરંતુ જ્યારે સવાર થાય છે, ત્યારે દૃષ્ટિકોણ બદલાઈ જાય છે. ઊંઘ પૂરી થયા પછી તર્કશક્તિ પાછી આવે છે અને ત્યારે પ્રશ્ન ઊભો થાય છે કે “આ મેં શા માટે ખરીદ્યું?” ઘણી વાર વસ્તુની ગુણવત્તા અપેક્ષા કરતાં નબળી નીકળે છે અથવા તે વસ્તુ ખરેખર જરૂરી જ નથી લાગતી.અહેવાલો દર્શાવે છે કે મોડી રાત્રે કરાયેલી ખરીદીમાં પસ્તાવાનું પ્રમાણ વધારે હોય છે. રિટર્ન રિક્વેસ્ટમાં મોટો હિસ્સો એવા ઓર્ડર્સનો હોય છે, જે મધ્યરાત્રિ પછી મૂકવામાં આવ્યા હોય છે. ઘણા ગ્રાહકો માને છે કે તેમણે બજેટ બગાડ્યું, ભાવનામાં આવીને ખર્ચ કર્યો અથવા લાલચમાં આવીને ખોટો નિર્ણય લીધો. આ બધું વ્યક્તિગત નબળાઈ નથી, પરંતુ એક વ્યવસ્થિત રીતે રચાયેલ ડિજિટલ જાળ છે.

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

મનોવૈજ્ઞાનિકો કહે છે કે રાત્રે મગજ વધુ ડોપામાઈન આધારિત થઈ જાય છે. ડોપામાઈન એ એવો રસાયણ છે, જે આપણને ઉત્સાહ અને તરત મળતા આનંદ સાથે જોડે છે. જ્યારે ડોપામાઈનનું પ્રભાવ વધારે હોય છે, ત્યારે આપણે લાંબા ગાળાના પરિણામો વિશે ઓછું વિચારીએ છીએ. ઈ-કોમર્સ કંપનીઓ આ પરિસ્થિતિનો લાભ લે છે. તેઓ જાણે છે કે ગ્રાહક આ સમયે “પુરસ્કાર મેળવવાની સ્થિતિમાં” હોય છે, એટલે તરત આનંદ આપતી ખરીદી સરળ બને છે.આ પરિસ્થિતિનો એક મોટો સામાજિક પાસું પણ છે. ડિજિટલ યુગમાં મોબાઈલ હંમેશા હાથમાં હોય છે. રાત્રે ઊંઘ પહેલાં સ્ક્રીન જોવાની આદત સામાન્ય બની ગઈ છે. એ સમયે મગજ પહેલેથી જ થાકેલું હોય છે, અને તેના પર આવી માર્કેટિંગ રણનીતિઓ વધુ અસર કરે છે. પરિણામે ખર્ચ વધે છે, પસ્તાવો વધે છે અને માનસિક અસંતોષ પણ વધે છે.



ડાર્ક શોપિંગ કાર્ટ સિન્ડ્રોમ આપણને એક મહત્વનો પ્રશ્ન પૂછે છે. શું આપણે ખરેખર સ્વતંત્ર નિર્ણય લઈ રહ્યા છીએ કે પછી ડિજિટલ ડિઝાઈન આપણને ધકેલી રહી છે? જ્યારે ઓફર, સમયમર્યાદા અને સામાજિક દબાણ એક સાથે આવે છે, ત્યારે પસંદગીનો સ્વતંત્રપણો ધીમે ધીમે ઓસરતો જાય છે. આપણે વિચારીએ છીએ કે નિર્ણય આપણો છે, પરંતુ ઘણી વખત તે પૂર્વનિયોજિત માર્ગ પર લઈ જવામાં આવે છે.

આ સમસ્યાનો ઉકેલ સંપૂર્ણપણે ટેક્નોલોજીને દોષ આપવાથી નહી આવે. વ્યક્તિગત જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. જો આપણે જાણીએ કે રાત્રે આપણું મગજ નબળું પડે છે, તો આપણે પોતાને થોડું રોકી શકીએ. ખરીદી કરતાં પહેલાં એક રાત રાહ જોવી, કાર્ટમાં વસ્તુ ઉમેરીને તરત પેમેન્ટ ન કરવું, અથવા મોડી રાત્રે શોપિંગ એપ્સથી દૂર રહેવું, આવા નાના પગલાં મદદરૂપ બની શકે છે. સાથે સાથે પ્લેટફોર્મ્સ માટે પણ નૈતિક જવાબદારીનો પ્રશ્ન ઊભો થાય છે કે શું તેઓ જાણબૂઝીને માનસિક નબળાઈનો લાભ લઈ રહ્યા છે?

અંતે, ડાર્ક શોપિંગ કાર્ટ ફક્ત એક ખરીદીની ઘટના નથી, પરંતુ આપણા સમયની એક પ્રતીકાત્મક સમસ્યા છે. તે બતાવે છે કે કેવી રીતે ડિજિટલ અર્થતંત્ર માનવ મનની નબળાઈઓ સાથે રમે છે. મધ્યરાત્રિની ખરીદીમાં આપણે ઘણી વાર વસ્તુ નથી ખરીદતા, આપણે એક ક્ષણિક ભાવના ખરીદીએ છીએ. અને જ્યારે સવાર થાય છે, ત્યારે એ ભાવના ઓસરતી જાય છે અને હાથમાં ફક્ત પસ્તાવો રહી જાય છે. આ પસ્તાવો આપણને ચેતવે છે કે ટેક્નોલોજી જેટલી સ્માર્ટ બની રહી છે, એટલું જ આપણું સ્વ-જ્ઞાન અને સંયમ પણ સ્માર્ટ બનવું જરૂરી છે.

# પાકિસ્તાનનો નિર્ણય અગમ્ય છે અને ક્રિકેટ કરતાં રાજકારણથી પ્રેરિત લાગે છે, વિરાટ કોહલીના કોચ




નવીદિલ્હી,

વિરાટ કોહલીના બાળપણના કોચ રાજકુમાર શર્માએ આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત સામેની ગ્રુપ સ્ટેજ મેચમાંથી ખસી જવાના પાકિસ્તાન સરકારના નિર્ણય પર કડક પ્રતિક્રિયા આપી છે. તેને દુર્ભાગ્યપૂર્ણ અને આઘાતજનક ગણાવતા તેમણે કહ્યું કે આ નિર્ણયથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ, ત્યાંના ક્રિકેટ ચાહકો અને ખુદ ખેલાડીઓને ભારે નુકસાન થશે.

રાજકુમાર શર્માની પ્રતિક્રિયા ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામેની મેચમાં ન રમવાના પાકિસ્તાનના નિર્ણયની જાહેરાત કર્યા પછી આવી છે. પાકિસ્તાન સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન ટીમ ભારત સામે મેચ નહીં રમે. રાજકુમાર શર્માએ કહ્યું કે આ નિર્ણય અગમ્ય છે અને ક્રિકેટ કરતાં રાજકારણથી પ્રેરિત લાગે છે.

તેમણે કહ્યું કે આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ અને વિચિત્ર નિર્ણય છે. અત્યાર સુધી, પાકિસ્તાન તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. પહેલા, તેઓએ બાંગ્લાદેશને ભારતમાં ન આવવાના પક્ષમાં મતદાન કર્યું હતું, અને હવે તેઓ પોતે ભારત સામે રમવાનું બંધ કરી દીધું છે. આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે.

રાજકુમાર શર્માએ સ્પષ્ટપણે કહ્યું કે આ નિર્ણયથી પાકિસ્તાનને સૌથી મોટું નુકસાન થશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મોટું નુકસાન થશે. તે પાકિસ્તાનના લોકો માટે નુકસાન છે, જેઓ તેમની ટીમને ભારત સામે રમતા જોવા માંગે છે. તે તેમના ખેલાડીઓ માટે પણ નુકસાન છે. મને લાગે છે કે પીસીબીએ આ નિર્ણય પર પુનર્વિચાર કરવો જોઈએ.

તેમણે એ પણ સ્વીકાર્યું કે ભારતીય ટીમ હાલમાં ક્રિકેટમાં પાકિસ્તાનથી ઘણી આગળ છે, પરંતુ આ છતાં, ભારત-પાકિસ્તાન મેચનું પોતાનું મહત્વ છે. તેમણે કહ્યું કે ભારત હાલમાં ક્રિકેટમાં પાકિસ્તાનથી ઘણું આગળ છે, પરંતુ આ એક સંપૂર્ણ રાજકીય નિર્ણય છે. તેમણે આ નિર્ણય પછી આઈસીસી ની કાર્યવાહી પર પણ વિચાર કરવો જોઈએ, કારણ કે તેનાથી પીસીબીને વધુ નુકસાન થઈ શકે છે. તેમને આશા છે કે તેઓ આ નિર્ણય પર પુનર્વિચાર કરશે. ભારત-પાકિસ્તાન મેચને લઈને વિવાદ પહેલાથી જ વધુ ઘેરો બની રહ્યો છે. આ ટુર્નામેન્ટ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે, અને પાકિસ્તાનનું વલણ આઈસીસી માટે એક નવો પડકાર ઉભો કરે છે.

# આપણે કંઈ કરી શકતા નથી, ભારત સામેની મેચનો બહિષ્કાર કરવા પર પાકિસ્તાની કેપ્ટનનું નિવેદન




કરાંચી,

પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ હવે આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત સામે ન રમવાના પાકિસ્તાન સરકારના નિર્ણય પર પોતાનું મૌન તોડ્યું છે. ત્રીજા અને અંતિમ ટી ૨૦ માં ઓસ્ટ્રેલિયા સામે ૧૧૧ રનની જંગી જીત બાદ, સલમાન આગાએ સ્પષ્ટપણે કહ્યું કે આ નિર્ણયમાં ટીમની કોઈ ભૂમિકા નથી.

ખરેખર, પાકિસ્તાન સરકારે ૧ ફેબ્રુઆરીએ સ્પષ્ટ કર્યું હતું કે ટીમને ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેવાની પરવાનગી આપવામાં આવી છે, પરંતુ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાનારી ભારત-પાકિસ્તાન મેચ રમાશે નહીં. આ નિર્ણયથી ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. મેચ પછી મીડિયા સાથે વાત કરતા, પાકિસ્તાનના કેપ્ટન સલમાન આગાએ કહ્યું, "અમે વર્લ્ડ કપ રમવા જઈ રહ્યા છીએ. આ અમારો નિર્ણય નથી, અમે કંઈ કરી શકતા નથી. અમારી સરકાર અને પીસીબી ચેરમેન જે કહે તે અમારે સ્વીકારવું પડશે. ભારત સામે મેચ ન રમવાનો નિર્ણય અમારો નહોતો."

અગાઉ,પીસીબી ચેરમેન અને પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવીએ સંકેત આપ્યો હતો કે વર્લ્ડ કપમાં પાકિસ્તાનની ભાગીદારી અંગે અંતિમ નિર્ણય ૩૦ જાન્યુઆરી અથવા ૨ ફેબ્રુઆરી સુધીમાં આવી શકે છે. ૩૦ જાન્યુઆરીએ કોઈ સત્તાવાર જાહેરાત ન થયા પછી, ૨ ફેબ્રુઆરીએ સ્પષ્ટતા અપેક્ષિત હતી. જો કે, ઘટનાક્રમ અચાનક વેગ પકડ્યો. ૧ ફેબ્રુઆરીની સાંજે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને મોહસીન નકવી વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક થઈ, જેના પછી સત્તાવાર નિર્ણય જાહેર કરવામાં આવ્યો.

# પાકિસ્તાન પહેલા ટી ૨૦ વિશ્વકપનો બહિષ્કાર ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા પણ કરી ચુકયા છે

નવીદિલ્હી,

પાકિસ્તાને આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત સામે ગ્રુપ સ્ટેજ મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરીને ક્રિકેટ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. આ મેચ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં રમાનારી છે. પાકિસ્તાન સરકારે ૧ ફેબ્રુઆરીએ સ્પષ્ટતા કરી હતી કે ટીમ ટુર્નામેન્ટમાં ભાગ લેશે, પરંતુ ભારત સામે મેદાનમાં ઉતરશે નહીં. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ભારતીય ઉપખંડમાં ક્રિકેટ બોર્ડ વચ્ચે તણાવ વધી રહ્યો છે. બાંગ્લાદેશે અગાઉ ભારતમાં સુરક્ષા ચિંતાઓને કારણે ૨૦ વર્લ્ડ કપમાંથી ખસી ગયું હતું, અને તેના બદલે સ્કોટલેન્ડને ટુર્નામેન્ટમાં સામેલ કરવામાં આવ્યું હતું. જોકે, વર્લ્ડ કપના ઈતિહાસમાં આ પહેલી વાર નથી કે કોઈ ટીમ કોઈ ચોક્કસ મેચ અથવા સમગ્ર ટુર્નામેન્ટમાંથી ખસી ગઈ હોય. ભૂતકાળમાં સુરક્ષા ચિંતાઓ અને રાજકીય પરિસ્થિતિઓને કારણે આવા નિર્ણયો ઘણી વખત લેવામાં આવ્યા છે.




૧૯૯૬ વનડે વર્લ્ડ કપ દરમિયાન, શ્રીલંકા ગૃહયુદ્ધમાંથી પસાર થઈ રહ્યું હતું. ટુર્નામેન્ટના માત્ર બે અઠવાડિયા પહેલા, કોલંબોમાં એક બેંક બોમ્બ વિસ્ફોટમાં ૯૧ લોકો માર્યા ગયા હતા. આ ઘટના બાદ, ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડીઝ બંનેએ સુરક્ષા ચિંતાઓને કારણે શ્રીલંકા મેચ રમવાનો ઈનકાર કર્યો હતો. જોકે બંને ટીમોને શ્રીલંકા સામે રમવા સામે કોઈ વાંધો નહોતો, તેઓ સુરક્ષા ચિંતાઓને કારણે મુંબઈમાં રહ્યા. પરિણામે, શ્રીલંકાને બંને મેચમાં વોકઓવર મળ્યા. આ હોવા છતાં, ત્રણેય ટીમો આગળના રાઉન્ડમાં આગળ વધી.

૨૦૦૩ના વનડે વર્લ્ડ કપમાં, ઈંગ્લેન્ડ ઝિમ્બાબ્વેના હરારેમાં રમવાનું હતું. તે સમયે, બ્રિટનની ટોની બ્લેર સરકારે ઝિમ્બાબ્વેના રાષ્ટ્રપતિ રોબર્ટ મુગાબે સામે કડક વલણ અપનાવ્યું હતું.

# પાકિસ્તાન પીછેહઠ કરી ગયું, પરંતુ ટીમ ઈન્ડિયા તેની સંપૂર્ણ જવાબદારી નિભાવશે



નવીદિલ્હી,

આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ૧૫ ફેબ્રુઆરીએ ભારત અને પાકિસ્તાન વચ્ચેના ગ્રુપ સ્ટેજ મેચ અંગે એક નવું અપડેટ સામે આવ્યું છે. પાકિસ્તાન દ્વારા ઈન્ડિયા વિરૂધ્ધ પાકિસ્તાન મેચનો બહિષ્કાર કરવાના નિર્ણય છતાં, ભારતીય ટીમ શેડ્યૂલ મુજબ શ્રીલંકા જશે અને આઈસીસી પ્રોટોકોલનું સંપૂર્ણપણે પાલન કરશે. બીસીસીઆઈ સૂત્રોના જણાવ્યા અનુસાર, ટીમ ઈન્ડિયા કોલંબો પહોંચશે અને મેચ સંબંધિત બધી ઔપચારિકતાઓ પૂર્ણ કરશે અને પછી મેચ રેફરીના સત્તાવાર નિર્ણયની રાહ જોશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ટીમ ઈન્ડિયા શ્રીલંકાની યાત્રા કરશે અને આઈસીસીના તમામ પ્રોટોકોલનું પાલન કરશે. ટીમ સમયપત્રક મુજબ પ્રેક્ટિસ કરશે, પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપશે, સમયસર કોલંબોના એસએસસી ક્રિકેટ ગ્રાઉન્ડ પર પહોંચશે અને મેચ રદ કરવા કે નહીં તે અંગે મેચ રેફરીના નિર્ણયની રાહ જોશે. બીસીસીઆઈ સૂત્રોએ આ માહિતી આપી હતી.

પાકિસ્તાને પહેલાથી જ જાહેરાત કરી દીધી છે કે તે ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામે ગ્રુપ સ્ટેજ મેચમાં નહીં રમે. પાકિસ્તાન સરકારે ઠ પર એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે પાકિસ્તાન ટીમ ભારત સામે મેચ નહીં રમે, જોકે આ માટે કોઈ નક્કર કારણ આપવામાં આવ્યું નથી.

પાકિસ્તાન સરકારે પોતાની પોસ્ટમાં જણાવ્યું છે કે પાકિસ્તાન સરકારે પાકિસ્તાન ક્રિકેટ ટીમને આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભાગ લેવા માટે મંજૂરી આપી દીધી છે, પરંતુ ટીમ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ભારત સામેની મેચમાં મેદાનમાં ઉતરશે નહીં. બધાની નજર હવે આઈસીસી અને ભારત-પાકિસ્તાન મેચ અંગે મેચ રેફરીના અંતિમ નિર્ણય પર છે.

નોંધનીય છે કે પાકિસ્તાને ગયા મહિને ટી ૨૦ વર્લ્ડ કપ માટે પોતાની ટીમની જાહેરાત કરી હતી.

# આલિયાએ રણબીર સાથે વિખવાદની અફવાને હસી કાઢી

### કેટલાક વિડીયોમાં આલિયા અને રણબીરના હાવભાવના આધારે બંને વચ્ચે અણબનાવ હોવાની અટકળો લોકોએ લગાવી હતી



મુંબઈ,

આલિયા ભટ્ટ અને રણબીર કપૂર વચ્ચે વિખવાદ થયો હોવાનો દાવો કેટલાક વાયરલ વિડીયોના આધારે કરાયો હતો. જોકે, આલિયાએ આ તમામ અફવાઓને હસી કાઢી છે. આલિયાએ એક મુલાકાતમાં કહ્યું હતું કે માત્ર સાત સેકન્ડના વિડીયોના આધારે સાત વર્ષનાં સંબંધનું માપ ન કાઢવું જોઈએ. ઉલ્લેખનીય છે કે આલિયા અને રણબીરનાં લગ્ન એપ્રિલ ૨૦૨૨માં થયાં હતાં. તે પહેલાં ત્રણ વર્ષથી તેઓ રિલેશનશિપમાં હતાં. કેટલાક વિડીયોમાં આલિયા અને રણબીરના હાવભાવના આધારે બંને વચ્ચે અણબનાવ હોવાની અટકળો લોકોએ લગાવી હતી. જોકે, આલિયાએ કહ્યું હતું કે ત્રણ સેકન્ડ કે સાત સેકન્ડના વિડીયોના આધારે લોકો કોમેન્ટ કરી રહ્યાં છે પરંતુ અમે તેનાં કરતાં અનેક ગણી ક્ષણોથી સાથે છીએ. આ બધા બકવાસથી અમને કોઈ ફરક પડતો નથી કારણ કે તેમાં કોઈ તથ્ય નથી. રણબીર અને આલિયા તેમના નવા બંગલોમાં થોડા સમય પહેલાં જ શિફ્ટ થઈ ચૂક્યાં છે.

# ધર્મ પરિવર્તન અંગે ઉર્ફી જાવેદે મૌન તોડ્યું, કહ્યું હું નાસ્તિક છું

### ધર્મના નામે થઈ રહેલા વિવાદો વચ્ચે ઉર્ફીની આ સ્પષ્ટતાએ સોશિયલ મીડિયા પર નવી ચર્ચા જગાવી



મુંબઈ,

પોતાની અતરંગી ફેશન સ્ટાઈલ માટે જાણીતી ઉર્ફી જાવેદ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે, પરંતુ આ વખતે વિવાદ કપડાંનો નહીં પણ તેના ધર્મ અને ઓળખનો છે. સોશિયલ મીડિયા પર ઉર્ફીને તેના ધર્મને લઈને સતત ટ્રોલ કરવામાં આવી રહી હતી, જે બાદ એક્ટ્રેસે હવે મૌન તોડ્યું છે. ઉર્ફીએ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે તે કોઈ પણ ધર્મમાં માનતી નથી. ધર્મના નામે થઈ રહેલા વિવાદો વચ્ચે ઉર્ફીની આ સ્પષ્ટતાએ સોશિયલ મીડિયા પર નવી ચર્ચા જગાવી છે.સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ફેઝાન અન્સારીએ એક સનસનાટીભર્યો દાવો કર્યો હતો કે, ઉર્ફીને મુસ્લિમ સમુદાયે ઈસ્લામમાંથી બહાર કરી દીધી છે અને તેનું નામ બદલીને 'ગીતા ભારદ્વાજ' કરી દેવામાં આવ્યું છે. આ દાવાઓ પર પ્રતિક્રિયા આપતા ઉર્ફીએ તેને સદંતર ખોટા ગણાવ્યા છે. તેણે કહ્યું કે, ''મેં વર્ષો પહેલા જ ધર્મ છોડી દીધો છે. હવે આ લોકો શા માટે આવી વાતો બનાવી રહ્યા છે તે સમજાતું નથી. મારું નામ બદલવાના સમાચારમાં કોઈ સત્ય નથી.''પોતાના મંતવ્યો રજૂ કરતા ઉર્ફીએ આગળ જણાવ્યું કે તે અત્યારે કોઈ પણ ધર્મને અનુસરતી નથી અને તે 'નાસ્તિક' છે. તેણે ફેઝાન અન્સારી પર કટાક્ષ કરતા પૂછ્યું કે, ''જો હું કોઈ સમુદાય કે ધર્મનો ભાગ જ નથી, તો તમે મને તેમાંથી બહાર કેવી રીતે કાઢી શકો? જે વ્યક્તિ ક્યાંય જોડાયેલી જ નથી, તેને ક્યાંથી કાઢશો?'' ઉર્ફીએ પોતે ધર્મથી મુક્ત હોવાની વાત પર ભાર મૂક્યો હતો.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઊ | ત | અ | સા | પ્રા | ગ | કા | ણ | ક | તુ | મા | લ |
| રા | દા | લ | ગી | બ | મા | સા | દ | ધ | લ | ક | ભો |
| બા | પ્રા | ઓ | સા | રા | વિ | ણિ | ઓ | પ્ર | જ્ઞા | ર | હા |
| પ્ર | મા | દ | કુ | બ | શિ | ભ | ક | સા | લ | ચા | ર |
| બા | ર | જી | તી | ર | મ | બૂ | ધ | દ | દ | અ | વિ |
| દ | ગી | પ્ર | વિ | રો | મો | વા | ધ | ઓ | ક્રો | ક | આ |
| બા | ણા | રી | ધ | ત | ધ | સા | ણ | ઉ | દ | ળ | લા |
| કી | ચી | અં | ણ | ઊ | કા | ફ | કા | દ | બં | ઔ | લી |
| ભા | દ | બં | ર | લા | જ્ઞા | ર | લ | જી | કા | ત | ન |
| સ | તી | ગં | દ | ઉ | અં | જ | ણિ | અ | બ | તુ | ળ |
| કુ | હા | ગ | ર | બ | ઉ | ક | સા | મ | હિ | મા | ઓ |
| લ | શિ | હા | ળ | બૂ | ર | દ | જ્ઞા | લી | ર | ઓ | કા |

**શબ્દ શોધો:** પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# અભિનેતા રામ ચરણ અને ઉપાસનાના ઘરે ફરી પારણું બંધાયું



મુંબઈ,

ામ ચરણ અને ઉપાસના કામિનેની હવે ત્રણ બાળકોના માતા-પિતા છે. આ દંપતીએ શનિવારે જોડિયા બાળકોનું સ્વાગત કર્યું, એક છોકરો અને એક છોકરી. સુપરસ્ટાર ચિરંજીવી એ ટ્વિટર પર ચાહકો સાથે દાદા બનવાનો આનંદ શેર કર્યો હતો. સુપરસ્ટાર ચિરંજીવીએ ટ્વિટર પર ગુડ ન્યુઝ શેર કરતા લખ્યું, ''અપાર આનંદ અને કૃતજ્ઞતાથી ભરેલા હૃદય સાથે, અમને જાહેરાત કરતા આનંદ થાય છે કે રામ ચરણ અને ઉપાસનાના ઘરે જોડિયા બાળકો આવ્યા છે. એક છોકરો અને એક છોકરી.'' અભિનેતાએ તેની પુત્રવધૂના સ્વાસ્થ્ય વિશે વધુ માહિતી શેર કરતા લખ્યું, ''બાળકો અને માતા બંને સ્વસ્થ છે અને સારી હાલતમાં છે. આ નાના બાળકોનું અમારા પરિવારમાં સ્વાગત કરવું એ દાદા-દાદી તરીકે અમારા માટે ભગવાન તરફથી ખૂબ જ આનંદ અને આશીર્વાદ છે. અમે દરેકની પ્રાર્થના, પ્રેમ, આશીર્વાદ અને શુભેચ્છાઓ માટે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.''ચાહકોએ આ પોસ્ટ પર ઉત્સાહપૂર્વક પ્રતિક્રિયા આપી છે અને સુપરસ્ટારને અભિનંદન આપ્યા છે. જેમને ખબર નથી તેમના માટે, આ દંપતીએ દિવાળી ૨૦૨૫ ના રોજ ચાહકો સાથે તેમની બીજી પ્રેગ્નેન્સીના સારા સમાચાર શેર કર્યા. હકીકતમાં, ઉપાસનાએ બેબી શાવરનો વીડિયો શેર કર્યો, જેમાં કેપ્શન આપ્યું, ''આ દિવાળી ડબલ ઉજવણી, ડબલ પ્રેમ અને ડબલ આશીર્વાદ હતી.'' ત્યારબાદ પરિવારે પ્રેગ્નેન્સીની પુષ્ટિ કરી હતી.રામ ચરણ અને ઉપાસના વર્ષોથી મિત્રો હતા.

# રાજકોટની ધોળકિયા સ્કૂલ્સ દ્વારા આયોજીત બિઝનેસ ફેરને ઈન્ટરનેશનલ બૂક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું

રાજકોટ,
રાજકોટમાં ધોળકિયા સ્કૂલ્સ દ્વારા આયોજીત સૌથી મોટો બિઝનેસ ફેરને ઈન્ટરનેશનલ બૂક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન પ્રાપ્ત કરી ગૌરવમય ઈતિહાસ સર્જાયો. 'ધોળકિયા સ્કૂલ ધ બિગેસ્ટ બિઝનેસ ફેર'માં ધો. ૧૧ (કોમર્સ) ના ૧૫૦૦ થી વધુ વિધાર્થીઓ પોતાના વર્ગખંડના વિચારોને લઈ આત્મવિશ્વાસ અને પોતાની વ્યાવસાયિક પ્રતિભા સાથે આ બિઝનેસ ફેરમાં વેપાર માટે જોડાયા.

૧૧ કોમર્સના ૧૫૦૦ થી વધુ વિધાર્થીઓ દ્વારા આ બિઝનેસ ફેરનું આયોજન કરવામાં આવ્યું. આ વિધાર્થીઓ આ ફેરમાં માર્કેટિંગ, વેચાણ, પ્રોડક્ટ પ્રેઝન્ટેશન, ગ્રાહક સાથે વ્યવહાર-વાર્તાલાપ અને ટીમ મેનેજમેન્ટમાં પોતાની કુશળતા બતાવી. બીઝનેસ ફેરમાં ૩૫૦ થી વધુ સ્ટોલ્સ પર વિધાર્થીઓના



વિચારો વર્ગખંડથી વિશ્વફલક સુધી ગયા અને ગલી ના સપનાને આકાર આપ્યો. દરેક સ્ટોલ પર આત્મનિર્ભર ભારત અને સ્વદેશી વસ્તુનું વેચાણ થાય તે બાબતને ખાસ પ્રાધાન્ય આપ્યું.

આ બિઝનેસ ફેર રાજકોટ ડેરીના ચેરમેન ગોરધનભાઈ ધામેલિયાના વરદહસ્તે ઉદ્દઘાટન કરી ખુલ્લો મૂકવામાં આવ્યો.શાળાની ધો. ૧૧ (કોમર્સ) ની ૭૦૦ થી વધુ દીકરીઓ દ્વારા કરવામાં આવ્યું. જે શક્તિ અને સામર્થ્યની સાથે કુશળતાનો પણ જીવંત ઉદાહરણ બની ગયું. આ દિવસે રાજકોટના લોકલાડીલા ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ દ્વારા ઉદ્દઘાટન કરી સ્ત્રી-સશક્તિકરણના આ પર્વ સમાન બિઝનેસ ફેરને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

૧.૫૫ કરોડનું રેકર્ડ બ્રેકિંગ રોકાણ સાથે ધોળકિયા સ્કૂલના વિધાર્થીઓ ઈતિહાસ સર્જયો હતો. ૧.૫૦ લાખથી વધુ લોકોએ મુલાકાત લઈ વિધાર્થીઓ અને ધોળકિયા સ્કૂલના આયોજનને બિરદાવ્યું હતું. ઈન્ટેરનેશલ બુક ઓફ રેકોર્ડસ્ દ્વારા પણ આ બિઝનેસ ફેરમાં ખાસ પધારેલ જ્યુરી મેમ્બર્સ જેઓ ખ્યાતનામ બોલિવુડ એકટર અરવિંદરસિંઘ ભટ્ટીએ પણ આ બિઝનેસ ફેરને અલૌકિક અને અદ્ભૂત ગણાવ્યો હતો.આ સફળ આયોજન બનાવવા ધોળકિયા સ્કૂલ્સના મેનેજિંગ ટ્રસ્ટી કૃષ્ણકાંત ધોળકિયા, જીતુભાઈ ધોળકિયા, પ્રિન્સિપાલ હિતેશભાઈ રાહુલભાઈ, શાલીનભાઈ, કશ્યપભાઈ, વિદ્યાર્થીઓ ક્રિના , વિભૂતિ, ધ્યાના, મહિએ જહેમત ઉઠાવી હતી.

# વેરાવળ ખાતે અંડર-૧૯ ભાઈઓની 'રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા'માં ગુજરાત ચેમ્પિયન

## રાજસ્થાનને ૩૧-૨૪થી હરાવી 'ચેમ્પિયન'નો ખિતાબ પોતાને નામે કર્યો




મિતેશ પરમાર, વેરાવળ,
રાજ્ય સરકાર અને સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તા. ૨૭ થી ૩૧ જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન સદભાવના મેદાન, બાયપાસ પાસે, સોમનાથ ખાતે અં-૧૯ ભાઈઓની "૬૯ મી રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા" યોજાઈ હતી.

સ્પર્ધાના અંતિમ દિવસે ગુજરાત અને રાજસ્થાન અંડર-૧૯ ભાઈઓની નિર્ણાયક મેચમાં ગુજરાત ચેમ્પિયન બનતાં સ્પર્ધાનો રોમાંચક અંત આવ્યો હતો. રાજસ્થાન સામેની રોમાંચભરી મેચમાં ગુજરાતના ખેલાડીઓએ એટેક અને ડિફેન્સના સમન્વયથી તરવરાટભરી રમત દર્શાવી રાજસ્થાનને ૩૧-૨૪ થી હરાવ્યું હતું.

અંડર-૧૯ ભાઈઓની "રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા"માં પ્રથમ સ્થાને ગુજરાત રહ્યું હતું તો દ્વિતિય સ્થાને રનર્સઅપ રાજસ્થાન અને તૃતિય સ્થાને સેકધડ રનર્સઅપ દિલ્હી રહ્યું હતું.

ઉપસ્થિત સર્વે મહાનુભાવો દ્વારા તમામ ખેલાડીઓને મેડલ અને ટ્રોફી થી સન્માનિત કરાયા હતાં. ધારાસભ્ય ભગવાનભાઈ બારડે વિજેતા ટીમ ગુજરાતને રૂ.૧૦.૦૦૦ અને રનર્સઅપ ટીમ રાજસ્થાન અને સેકધડ રનર્સઅપ ટીમ દિલ્હીને રૂ.૫૦૦૦નો રોકડ પુરસ્કાર આપી ખેલદીલીની ભાવના દાખવી ઉત્કૃષ્ટ રમત બદલ તમામ ખેલાડીઓને બીરદાવ્યાં હતાં.

# રાજકોટના કાલાવડ રોડ પર પેલીએટિવ કેન્સર કેરનું ભૂમિપૂજન સંપન્ન

## માનવ સેવાનું પ્રત્યેક કાર્ય એ પ્રભુની પૂજા છે:દ્વારકાની શારદાપીઠના શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી

રાજકોટ,
રાજકોટમાં કાલાવડ રોડ પર બની રહેલા સૌરાષ્ટ્રના પ્રથમ પેલીએટિવ કેરનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ સેન્ટર કેન્સરના દર્દીઓની સારવારમાં ઉપયોગી થશે. આ તકે દ્વારકાની શારદાપીઠના જગદ્ગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીએ પ્રેરક ઉપસ્થિતિ આપી હતી. અહીં શંકરાચાર્યજીએ ગૌ માતાને રાષ્ટ્રમાતા જાહેર કરવાની વધુ એક માંગણી કરી હતી.

રાજકોટ અને સૌરાષ્ટ્રના કેન્સરગ્રસ્ત દર્દીઓને ઉત્તમ સારવારની સાથે માનસિક, સામાજિક અને આધ્યાત્મિક સપોર્ટ મળે તે માટે કેન્સર કેર ફાઉન્ડેશન દ્વારા પેલીએટિવ કેર બનાવવામાં



આવી રહ્યું છે. આ સેન્ટર માટે દાતા તરફથી એક એકર જેટલી જમીન દાન મળી છે. હાલ રૂ. ૭ કરોડના ફંડ સાથે ૨૫ બેડની બિલ્ડીંગ તૈયાર કરવામાં આવશે. બાદમાં બેડની સંખ્યા વધારીને ૫૦ કરવામાં આવશે. પેલીએટિવ કેરના ભૂમિપૂજન સમારોહમાં દ્વારકાની શારદાપીઠના જગદ્ગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી, જાણીતા કથાકાર જીગ્નેશ દાદા અને આર્ષ વિદ્યા મંદિરના સ્વામી પરમાત્માનંદજી સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીએ જણાવ્યું કે, માનવ સેવાનું પ્રત્યેક કાર્ય એ પ્રભુની પૂજા છે. દર્દી માત્રની સેવા કરવી એ માનવધર્મ છે.

ગૌમાતાને રાષ્ટ્ર માતાનો દરજ્જો આપવાની વાતનો પુનરોચ્ચાર કરતા શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીએ જણાવ્યું હતું કે, ગુજરાત કે દેશમાં નહીં પુરા વિશ્વમાં ગૌમાતાની પૂજા થવી જોઈએ. ગૌહત્યા બંધ થવી જોઈએ. હિન્દુ હોવાનું પ્રથમ લક્ષણ એ છે કે જે ગૌમાતાની પૂજા કરે છે. ગૌમાતાની પૂજા કરે તે જ હિન્દુ છે. ભારતીય શાસ્ત્રોમાં હિંદુની શાસ્ત્રોક્ત વ્યાખ્યા દર્શાવતો શ્ર્લોક બોલી તેમણે ગૌમાતાની પૂજા કરનાર વ્યક્તિ જ હિન્દુ કહી શકાય તેવું પ્રતિપાદિત કર્યું હતું.

# રાજકોટ જિલ્લા પેનશન્સ સમાજની સાધારણ સભા યોજાઈ

## ૭૦ વર્ષથી વધુ ઊંમરના અને દાતાઓનું સન્માન

રાજકોટ,
રાજકોટ જિલ્લા પેન્શનર્સ અને સિનિયર સિટીઝન સમાજની વાર્ષિક સાધારણ સભા શ્રી પ્રમુખસ્વામી ઓડીટોરીયમ ખાતે યોજાય ગઈ. જેમા પ્રાર્થના, દિવ્ય આત્માઓને શ્રધ્ધાંજલી તથા રાજકોટ જિલ્લા મુખ્ય જિલ્લા તિજોરી અધિકારી પી.એમ. જાડેજાના હસ્તે ઉદ્ઘાટન થયું. પ્રમુખ હારિતસિંહ જાડેજા દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ. મુખ્ય મહેમાન પદે જાણીતા કેળવણી કાર ગીજુભાઈ ભરાડ ઉપસ્થિત રહી પ્રેરણાત્મક ઉદબોધન કર્યું.

કાર્યક્રમમાં તિજોરી અધિકારી સી.એમ.વાછાણી, પી.જી. ચૌહાણ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં એકાઉન્ટ ઓફિસર વી.સી. ગઢવીએ ઉદબોધન કર્યુ. બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય, ટ્રાફીક




પી.આઈ. ગામીત, પોસ્ટ વિભાગના કલ્પેશ ભુવા, પત્રકાર પરિષદના હિમાંશુ ક્કકડ, રમેશભાઈ ધકાણ તથા વિવિધ જિલ્લા-તાલુકા તથા વિવિધ પેન્શનર્સ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું સંચાલન પિયુષભાઈ હિન્ડોચા દ્વારા અને આભાર વિધિ લક્ષ્મણભાઈ કાનગડ દ્વારા કરવામાં આવી.

કાર્યક્રમમાં ૧૦૨ વર્ષનાં શ્રી લાભશંકર દવે ''લાભુદાદા''નું અને એઈડ્ઝ પ્રિવેન્શન કલબનાં ચેરમેન ડો. અરૃણ દવેનું વિશેષ બહેમાન રવામાં આવ્યુ. કાર્યક્રમમાં પેન્શનર્સ તથા મયુરભાઈ કારીયાની ટીમ દ્વારા સંગીત કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. ૭૦ વર્ષથી વધુ ઊંમરના તથા દાતાઓનું પુષ્પગુચ્છ-શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું. પી.એમ.મહેતા, નરેન્દ્ર વિઢાણીનું સન્માન થયું.

કાર્યક્રમને સફળ બનાવવામાં તમામ કારોબારી તથા સભ્યોએ જહેમત ઊઠાવી-ચાલુ વર્ષે નવા સભ્ય બનવા માટે ભાવનગરનો ઉતારો, નશાબંધી કચેરી નીચે, ત્રિકોણબાગ ખાતે સંપર્ક કરવા જણાવાયુ છે. અન્ય માહિતી-માર્ગદર્શન માટે પિયુષભાઈ હિન્ડોચાનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને શસક્ત કરતુ બજેટ: રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા

રાજકોટ,
ભારત સરકારના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને રજુ કરેલ સને ૨૦૨૬-૨૭ ના વર્ષના કેન્દ્રિય બજેટ ને આવકારતા રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકારીયાએ જણાવે કે, તેઓએ સતત નવમું બજેટ રજુ કરી વિક્રમ સ્થાપિત કરેલ છે. અને નારી શક્તિનું પ્રતિબિંબ રજુ કરેલ છે. આ બજેટમાં અધ્યતન ટેકનોલોજી એઆઈ માટે જરૂરી માળખાની પુરતી જોગવાઈ કરવામાં આવેલ છે. બાયોફાર્માનું ઉત્પાદન વધારવાની જોગવાઈ કરવામમાં આવેલ છે. જેથી આયુષ્ય વધારનાર અને કેન્સર જેવા રોગોની દવા સસ્તીક બનશે.જેથી લોકોનીરોગ પ્રતિકાર શક્તિમાં વધારો થશે. રેર અર્થ ઉત્પાદનમાં પગભર થવા માટે 'રેર અર્થ કોરીડોર'ની રચના



કરી,આધુનિક ડીજીટલ સાધનો જેવાકે, મોબાઈલન ફોન, ઈલેક્ટ્રિક ગાડીઓ,એલ.ઈ.ડી. લાઈટ, સેટેલાઈટ વિગેરે ઉદ્યોગોને વેગ મળશે અને નિકાસની વધુ તકોનું નિર્માણ થશે. જેથી રોજગારીની તકો વધશે.

ખેતી માટે એઆઈ આધારિત મશીનરી નો ઉપયોગને પ્રાધાન્ય આપી ગ્રામ્ય અર્થતંત્રને મજબુત કરવાનો પ્રયત્ન કરેલ છે.-એમએસએમઈ માટે પુરતી જોગવાઈ કરી મધ્યમ પ્રકારના ઉદ્યોગો વેગ મળે તેવા પ્રયત્નોન કરવામાં આવેલ છે. જેના કારણે રોજગારીમા વધારો થશે. ધોળાવીરા જેવા પુરાતત્વ્ સ્થળોનો સાંસ્કતિક વિકાસ તથા ટુરીઝમ, ડીઝીટલ ઈન્ફાસ્ટક્ચર અને ગ્રામ્ય્ વિકાસને પ્રાધાન્ય આપવામાં આવેલ છે.-વિદેશમાં અભ્યાસ, સ્માર્ટફોન, ઈલે.વાહનો, જીવન નિર્વાહ માટેની અતિ આવશ્યક દવાઓ,વિમાનના પાર્ટ્સ, પરમાણુ પ્રોજેક્ટ માટેના સાધનો વિગેરે સસ્તા થશે.આ બજેટથી ભારતને ત્રીજી આર્થિક મહાસત્તા બનવાના સંકલ્પને વેગ મળશે, તેમ અંતમાં રામભાઈ મોકરીયાએ જણાવ્યું છે.

# રાજકોટના વોર્ડ નં.૨માં સદર બજારના વોંકળામાં બોકસ કલ્વર્ટ કામનો પ્રારંભ



રાજકોટ,
રાજકોટ શહેરના વોર્ડ નં.૨માં સદર બજારમાં આવેલ પશુ દવાખાનાથી ધ ગ્રાન્ડ ઠાકર હોટલ સુધીના વોંકળામાં બોકસ કલ્વર્ટ બનાવવાનુ ખાતમુહુર્ત ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા તેમજ વોર્ડ નં.૨ના કોર્પોરેટર મીનાબા જાડેજાના હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે વોર્ડ નં.૨ના પ્રભારી કુલદીપસિંહ જાડેજા, પ્રમુખ ભાવેશભાઈ ટોયટા, મહામંત્રી ધૈર્યભાઈ પારેખ, મહામંત્રી હર્ષવર્ધનભાઈ કહોર, વિક્રમસિંહ જાડેજા, જે.ડી ઉપાધ્યાય, અજયસિંહ જાડેજા, પુષ્પક જૈન, રાજુભાઈ ખંભાતિયા, ભરતભાઈ વીરડા, ઘનશ્યામભાઈ મકવાણા, જયશુખભાઈ પરમાર, રજણભાઈ સિંધવ, અશ્વિનભાઈ, વિજયભાઈ અગ્રાવત, ગોપાલભાઈ અગ્રાવત, હર્ષદભાઈ ડોડીયા, દીપાબેન કાચા, જસુમતીબેન વસાણી, પલવીબેન ચૌહાણ, અમીબેન પારેખ, હિરલબેન કટારીયા, ભાનુબેન વેકરીયા, વર્ષાબેન રાવલ, નેહાબેન રાજ, જયનાબેન પરમાર તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.

# રાજકોટમાં મનોદિવ્યાંગ બાળકો માટે હોકી પ્રશિક્ષણ શિબિર યોજાઈ

રાજકોટ, ફિલ્ડ હોકી (આઉટડોર) સિલેકશન કેમ્પ ૨૦૨૬ સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત દ્વારા હરિયાણા ખાતે તા. ૨૨ થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન નેશનલ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જીલ્લા. દીઠ સબ જુનિયર (૧૪ વર્ષની નીચે), જુનિયર (૧૪ થી ૧૭ વર્ષ) અને સિનિયર (૧૭ વર્ષથી ઉપર) વય જૂથ મુજબ ૧ ભાઈ અને ૧ બહેન ખેલાડીની પસંદગી કરવાની છે. આ અનુસંધાને સ્પવશિયલ ઓલિમ્પિક્સ ભારત (રાજકોટ) અને રાજકોટ ડિસ્ટ્રિક્ટિ હોકી એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે બૌદ્ધિક અક્ષમતા (ઈન્ટલેક્ચુઅલ ડિસેબિલીટી) ધરાવતા બાળકો માટે તાજેતરમાં એક પ્રશંસનીય અને પ્રેરણાદાયક પહેલ રૂપે વિશેષ ફિલ્ડ હોકી પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે સ્પેશિયલ ઓલિમ્પિક્સ રાજકોટના પ્રતિનિધિઓ, રાજકોટ ડિસ્ટ્રિંક્ટ હોકી એસોસિએશનના પ્રમુખ મહેશ સર તેમજ રાજકોટના જાડેજા સઅને અન્ય, સભ્યોએ હાજરી આપી આયોજકોએ રાજકોટ જીલ્લાશના સિલેકશન કેમ્પમાં સબ જુનિયર જૂથમાં મનસ્વીએ મે, જુનિયર જૂથમાં અરહાન નોળીયાર અને લીમ્બાસીયા શ્રેયા તથા સિનિયર કેટેગરામાં રોનક વોરા અને હેન્સી પસંદગી પામ્યા છે. આ ઉમદા હેતુ માટે આર્થિક સહયોગ ઓમ્નિટેક એન્જીનિયરીંગ લિમિટેડ (મેટોડા)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી ઉદયભાઈ પારેખ તરફથી સાંપડેલ છે. તેમ હોકી રાજકોટના કુ. કિન્નરીબેન પટેલ એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વેરાવળમાં દેશી જેકની ટેકનીકનો ઉપયોગ કરી આખા બંગલાને જમીનથી ચાર ફુટ ઉંચો લીધો

## ચોમાસામાં ભરાતા પાણીની સમસ્યાને હલ કરવા સિવિલ એન્જી.નું સાહસ

વેરાવળ, વેરાવળ શહેરમાં સતત ઊંચા આવતાં રોડ લેવલ અને તેના કારણે ચોમાસાના સમયે ભરાતા ઘરોમાં વરસાદી પાણીની સમસ્યા હવે સામાન્ય બની ગયેલ હોય અને લોકો આ સમસ્યા થી બચવા માટે મકાન તોડી ને નવેસરથી બનાવતા હોય છે પરંતુ વેરાવળ ના એક સિવિલ એન્જિનિયર આનો 'જુગાડ' નહીં પણ 'ટેકનિકલ' ઉકેલ શોધી કાઢ્યો છે. તેમણે દેશી જેક ની ટેકનિકનો ઉપયોગ કરી પોતાના આખા બંગલા ને જ જમીનથી ચારેક ફૂટ ઊંચુ કરવાનું સાહસ ખેડ્યું છે. દેશી જેક ની ટેકનિકનો ઉપયોગ કરી આખા બંગલા ને જમીનથી ચાર ફૂટ ઊંચો કરવાની કામગીરી શરૂ કરી છે જેથી વરસાદી પાણીની આફતથી નિવારણ લાવી શકાય છે. વેરાવળ માં રહેતા સિવિલ એન્જિનિયર સાજીદભાઈ અન્સારી છેલ્લા સાત વર્ષથી વરસાદી પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા હતા.

દર વર્ષે સોસાયટી માં પાણી ભરાતા અને ઘરનો કિંમતી સામાન



બગડતો હતો. શરૂઆતમાં તેમણે મકાન તોડી ને નવું બનાવવાનો વિચાર કર્યો હતો, પરંતુ આર્થિક અને સમયનો વ્યય ને ટાળવા તેના 'જેકિંગ ટેકનિક' પર પસંદગી ઉતારી. નવું મકાન બનાવવામાં જે ખર્ચ થાય, તેના માત્ર ૨૦ થી ૨૫ ટકા ખર્ચમાં આ પદ્ધતિથી મકાન ઊંચું લાવી શકાય છે. આ ટેકનિક મધ્યમ વર્ગ માટે વરદાન સમાન હોવાનું સિવિલ એન્જિનિયર સાજીદભાઈ અન્સારી દ્વારા જણાવેલ છે. આ કામગીરી કેવી રીતે ચાલી રહી છે ? જેમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી સાજીદભાઈ ના ચાર બીએચકે સુવિધા ધરાવતો અંદાજે ૨૨૦૦ સ્કવેર ફૂટ નો વિશાળ બંગલો ઊંચો કરવામાં આવી રહ્યો છે. નિષ્ણાત ટીમ દ્વારા અંદાજે ૧૫૦ જેટલા દેશી જેક મકાનના પાયામાં ગોઠવવામાં આવ્યા છે. હાલમાં આખું મકાન કોઈ પણ નુકસાન વગર સફળતા પૂર્વક બે ફૂટ ઊંચું કરી દેવામાં આવ્યું છે, જ્યારે હજુ વધુ બે ફૂટ ઊંચું કરવાની કામગીરી ચાલુ છે. મકાનમાં ક્યાંય તિરાડ ન પડે તે માટે અત્યંત સાવચેતી પૂર્વક દરેક જેક ને એક સાથે સંચાલિત કરવામાં આવે છે. નિષ્ણાત ટીમ દ્વારા અંદાજે ૧૫૦ જેટલા દેશી જેક મકાનના પાયામાં ગોઠવવામાં આવ્યા છે. આ પદ્ધતિથી ૧ થી ૫ ફૂટ સુધી મકાન ઊંચું લાવી શકાય છે. આર્થિક રીતે ખૂબ જ ફાયદાકારક છે. સાજીદભાઈ અન્સારી ના જણાવ્યા અનુસાર આ ટેકનિક મધ્યમ વર્ગ માટે વરદાન સમાન છે.

# રાજકોટ સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડી ગાયબ : જનજીવનને આંશીક રાહત

## બર્ફીલા પવનનું જોર પણ ઘટયું: વાતાવરણમાં ભેજના પ્રમાણમાં વધારો

રાજકોટ, રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં આજે સતત ત્રીજા દિવસે પણ વાદળીયુ વાતાવરણ છવાયેલું રહ્યું હતું અને ઠંડી સાવ નહિવત થઈ ગઈ હતી. સવારે રાજકોટ શહેરમાં ૬૬ ટકા ભેજ વચ્ચે ૧૭ ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું હતું.

જયારે પોરબંદરમાં ૧૬.૨ વેરાવળમાં ૨૦.૫, સુરતમાં ૧૯.૬, અમદાવાદમાં ૧૯.૫ અને અમરેલીમાં ૧૮.૬, વડોદરામાં ૨૦.૪, ભુજમાં ૧૫.૬, દમણમાં ૧૯.૮, ડિસામાં ૧૭, દિવમાં ૨૦.૬, દ્વારકામાં ૧૭.૮, ગાંધીનગરમાં ૧૯.૨, કંડલામાં ૧૮, તથા નલીયા ખાતે ૧૨.૫ અને ઓખામાં ૧૯.૮, ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

જયારે જામનગર શહેરમાં સપ્તાહના પ્રારંભે કડકડતી ઠંડીનો દૌર રહ્યા બાદ છેલ્લા ચાર દિવસથી લઘુતમ તાપમાન ક્રમશઃ ઉચકાતા જનજીવનને આંશીક રાહત અનુભવી છે. શહેરમાં છેલ્લા ૪૮ કલાકમાં પારો દોઢ ડીગ્રી વધીને ૧૬ ડીગ્રી પર સ્થિર થયો છે જે સાથે મહતમ તાપમાન પણ ઉંચકાતા હાડ ધ્રુજાવતી ઠંડીથી જનજીવનને રાહત અનુભવી છે.

બર્ફીલા પવનનું જોર પણ ઘટયું છે. કલેકટર કંટ્રોલ રૂમમાંથી મળતી માહિતી મુજબ લઘુતમ તાપમાન ૧૬ ડીગ્રી નોંધાયો હતો. જયારે મહતમ તાપમાન ૨૮.૫ ડીગ્રી રહ્યું હતું. તો શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૪ કી.મી. નોંધાઈ હતી.

# નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે H-1B વિઝા નોંધણી ૪ માર્ચથી નવા નિયમો સાથે શરૂ થશે

વોશિંગ્ટન,
યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) એ નાણાકીય વર્ષ 2027 H-1B વિઝા કેપ માટે પ્રારંભિક નોંધણી અવધિ શરૂ થવાની જાહેરાત કરી છે. નોંધણી વિન્ડો ૪ માર્ચના રોજ બપોર પૂર્વીય સમયે ખુલશે અને ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ બપોર પૂર્વીય સમયે બંધ થશે.

નોકરીદાતાઓએ લાભાર્થીઓની ઓનલાઈન નોંધણી કરાવવાની અને દરેક પ્રવેશ માટે $215 ફી ભરવાની રહેશે. પસંદગી સૂચનાઓ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં અપેક્ષિત છે.

H-1B કાર્યક્રમ યુએસ નોકરીદાતાઓને વિશિષ્ટ વ્યવસાયોમાં વિદેશી કામદારોને રોજગારી આપવાની મંજૂરી આપે છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે, ફક્ત તે નોકરીદાતાઓ જેમની નોંધણી પસંદ કરવામાં આવી છે તેઓ કેપ-વિષય H-1B અરજીઓ સબમિટ કરી શકશે, જેમાં એડવાન્સ્ડ ડિગ્રી મુક્તિ હેઠળ લાયક ઠરનારાઓનો પણ સમાવેશ થાય છે.

USCIS અનુસાર, બધી નોંધણીઓ USCIS ઓનલાઈન એકાઉન્ટ દ્વારા સબમિટ કરવી જરૂરી છે. જે નોકરીદાતાઓ પાસે હાલમાં ખાતું નથી તેમની પાસે સંગઠનાત્મક ખાતું સ્થાપિત કરવું આવશ્યક છે. કાનૂની પ્રતિનિધિઓ પાસે કોઈપણ સમયે કંપનીના ગ્રાહકો ઉમેરવાની ક્ષમતા હોય છે; જોકે, લાભાર્થીઓની માહિતી અને ચુકવણીઓ ફક્ત ૪ માર્ચે નોંધણીનો સમયગાળો શરૂ થયા પછી જ સબમિટ કરી શકાય છે.

એકવાર નોંધણી વિન્ડો બંધ થઈ જાય પછી, USCIS પસંદગી પ્રક્રિયા શરૂ કરશે. ઓછામાં ઓછી એક પસંદ કરેલી નોંધણી ધરાવતા નોકરીદાતાઓ અને પ્રતિનિધિઓને ઓનલાઈન એકાઉન્ટ્સ દ્વારા સૂચનાઓ મોકલવામાં આવશે. ફક્ત તે નોંધણીઓ જે પસંદ કરવામાં આવી છે તેઓ જ અરજી ફાઈલિંગ તબક્કામાં આગળ વધવા માટે લાયક ઠરશે.

પસંદગી પછીની પ્રક્રિયાઓ: ફક્ત પસંદ કરેલા ઉમેદવારોના નોકરીદાતાઓને અરજી ફાઈલિંગ તબક્કામાં આગળ વધવાની મંજૂરી છે. H-1B વિઝા: કેટલાક ઉચ્ચ-કુશળ પદો માટે નવી $100,000 ફી હોમલેન્ડ સિક્યુરિટી વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૭ કેપ સીઝન માટે વર્તમાન નિયમોમાં સુધારો કર્યો છે. અપડેટ કરેલા માર્ગદર્શિકા અનુસાર, જો નોંધણીઓની કુલ સંખ્યા વાર્ષિક કેપ કરતાં વધી જાય, તો ેજીઐંજી એક અલગ ભારિત પસંદગી પ્રક્રિયા લાગુ કરશે. તેનાથી વિપરીત, જો કુલ નોંધણીઓ વાર્ષિક મર્યાદામાં રહે છે, તો બધી સબમિશનનું મૂલ્યાંકન કરવામાં આવશે. વધુમાં, ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ જારી કરાયેલ USCIS ના ચોક્કસ બિન-ઈમિગ્રન્ટ કામદારોના પ્રવેશ પર પ્રતિબંધ અનુસાર, અરજી સબમિટ કરતા પહેલા પસંદગીના નોંધણીઓ ધરાવતા નોકરીદાતાઓ પર $100,000 ની વધારાની ફી લાદવામાં આવશે. યુએસમાં રોજગાર માટે H-1B વિઝા નોંધણી માટેના અપડેટ કરેલા નિયમો અંગે વધુ માહિતી સત્તાવાર અરજી અવધિ શરૂ થાય તે પહેલાં પ્રદાન કરવામાં આવશે.

# બિહારમાં દારૂની તસ્કરી કરતી ગેંગનો પર્દાફાશ :૧૧ મહિલાઓની ધરપકડ

## ટ્રેન દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ દારૂ પહોંચાડવા માટે યુવતિઓ અને મહિલાઓનો ઉપયોગ કરવામાં આવતો હતો

પટણા,
બિહારમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં, દારૂના તસ્કરો મહિલાઓનો ઉપયોગ કવર તરીકે કરી રહ્યા છે. પોલીસે એક આંતર-જિલ્લા દારૂની તસ્કરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે જેમાં છોકરીઓ અને મહિલાઓનો ઉપયોગ ટ્રેન દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ દારૂ પહોંચાડવા માટે કરવામાં આવતો હતો. દારૂના દાણચોરોએ ટ્રેન કોચ એટેન્ડન્ટ્સને પણ તેમની ગતિવિધિઓમાં સામેલ કર્યા હતા. પટણા રેલ્વે પોલીસે ગેંગના કુલ ૧૪ સભ્યોની ધરપકડ કરી છે, જેમાં ૧૧ મહિલાઓનો પણ સમાવેશ થાય છે.

હકીકતમાં, આ લોકોને પટણાના પાટલીપુત્ર સ્ટેશન પર સીમાંચલ એક્સપ્રેસમાંથી પકડવામાં આવ્યા હતા. સીમાંચલ એક્સપ્રેસ કોચ એટેન્ડન્ટ, નિખિલ કુમાર ઉપરાંત, તે જ ટ્રેનમાં સવાર ૧૧ મહિલાઓ અને ૩ પુરુષ તસ્કરોની ધરપકડ કરવામાં આવી હતી. રેલ્વે પોલીસ અધિક્ષક અનંત કુમાર રાયના આદેશ પર, દાનાપુર રેલ્વે ડીએસપી કંચન રાજે ટ્રેનમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ૯૫ લિટર વિદેશી દારૂ, ૪૦,૦૦૦ રૂપિયા રોકડા, ૬ સ્માર્ટફોન અને ૫ કીપેડ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. તેમની સામે પાટલીપુત્ર જંકશન રેલ્વે પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. આજે કોર્ટમાં રજૂ કર્યા બાદ તેમને જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. આ તસ્કરો પાસેથી જપ્ત કરાયેલા મોબાઈલ ફોનના સીડીઆરનો ઉપયોગ કરીને હવે તેમના નેટવર્કની તપાસ કરવામાં આવી રહી છે.

# બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને ભ્રષ્ટાચારના કેસમાં૧૦ વર્ષની જેલની સજા



ઢાકા,
બાંગ્લાદેશની એક કોર્ટે સરકારી આવાસ પ્રોજેક્ટમાં જમીન ફાળવણીમાં કથિત અનિયમિતતાઓ સંબંધિત બે અલગ અલગ ભ્રષ્ટાચારના કેસમાં ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને ૧૦ વર્ષની જેલની સજા ફટકારી છે.અહેવાલ મુજબ, ઢાકાની સ્પેશિયલ જજ કોર્ટ-૪ ના ન્યાયાધીશ રબીઉલ આલમે હસીનાને કુલ ૧૦ વર્ષની જેલની સજા ફટકારી છે, દરેક ગુના પર પાંચ વર્ષ.

પૂર્બાચલમાં રાજુક ન્યુ ટાઉન પ્રોજેક્ટ હેઠળ પ્લોટ ફાળવણીમાં કથિત ગેરરીતિઓ સંબંધિત કેસોમાં કોર્ટે ૭૮ વર્ષીય હસીના, તેમના ભત્રીજા રદવાન મુજીબ સિદ્દીક અને તેમની ભત્રીજીઓ, ટ્યૂલિપ રિઝવાના સિદ્દીક અને આઝમીના સિદ્દીક અને અન્ય લોકોને સજા ફટકારી હતી. ટ્યૂલિપ સિદ્દીકને ચાર વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી, દરેક ગુનામાં બે વર્ષ. રદવાન મુજીબ સિદ્દીક અને આઝમીના સિદ્દીકને બંને ગુનામાં સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

# ઝારખંડના ૧૪ સ્થળાંતરિત કામદારો દુબઈમાં ફસાયા : સલામત વાપસી માટે અપીલ કરી

## ગિરિડીહ, હજારીબાગ અને બોકારો જિલ્લાના કામદારો એક વિડિઓ દ્વારા પોતાની દુર્દશા શેર કરી

રાંચી,
ઝારખંડના વિવિધ જિલ્લાઓમાંથી દુબઈ ગયેલા ચૌદ સ્થળાંતરિત કામદારો વેતન ન ચૂકવવાના અને ઓવરટાઈમ કામના દબાણને કારણે ગંભીર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હોવાનું કહેવાય છે. આ કામદારોએ રાજ્ય સરકારને સલામત વાપસી માટે અપીલ કરી છે. આ માહિતી રાજ્ય સ્થળાંતર નિયંત્રણ સેલના ટીમ લીડર શિખા લાકરાએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કામદારો ગિરિડીહ, હજારીબાગ અને બોકારો જિલ્લાના રહેવાસી છે. તેમણે એક વિડિઓ દ્વારા પોતાની દુર્દશા શેર કરી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે સંબંધિત ખાનગી કંપનીએ તેમને ત્રણ મહિનાથી પગાર આપ્યો નથી અને તેમને ઓવરટાઈમ કામ કરવા માટે દબાણ કરી રહી છે. આના કારણે તેમને રહેઠાણ અને ખોરાકની સમસ્યા થઈ રહી છે.

શિખા લાકરાએ અહેવાલ આપ્યો હતો કે ફસાયેલા કામદારોએ તેમની દુર્દશાનો એક વિડિઓ સામાજિક કાર્યકર્તા સિકંદર અલીને મોકલ્યો હતો, જે સ્થળાંતર કામદારોના કલ્યાણ માટે કામ કરે છે. વિડિઓમાં, કામદારોએ સરકારને મદદ માટે અપીલ કરી હતી. રાજ્ય સ્થળાંતર નિયંત્રણ સેલ હવે કામદારોનો સંપર્ક કરી રહ્યું છે અને તેમના અધિકારીએ જણાવ્યું હતું કે ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થયા પછી, કામદારોના સુરક્ષિત પરત ફરવાની ખાતરી કરવા માટે ભારતીય દૂતાવાસ અને યુએઈ સરકારના અધિકારીઓ સાથે વાતચીત શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકાર આ દિશામાં જરૂરી પગલાં લેવાની તૈયારી કરી રહી છે.

સામાજિક કાર્યકર્તા સિકંદર અલીએ કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી નક્કર રાજદ્વારી કાર્યવાહીની માંગ કરી છે. તેમણે કહ્યું કે વિદેશમાં સ્થળાંતરિત કામદારોને હેરાન કરવાના કિસ્સાઓ ભૂતકાળમાં નોંધાયા છે, અને ઘણા પ્રયત્નો પછી, તેમને પાછા લાવવામાં આવ્યા છે, પરંતુ રોજીરોટી કમાવવાની મજબૂરી કામદારોને વિદેશ જવાનું ચાલુ રાખવા મજબૂર કરે છે.

દુબઈમાં ફસાયેલા કામદારોમાં રોશન કુમાર અને અજય કુમાર (બંને ગિરિડીહના સરિયાના રહેવાસી), ગિરિડીહના બગોદરના રાજેશ મહતો અને અજય કુમાર, બોકારોના પેંક નારાયણપુરના દલેશ્વર મહતો, ખેદૈડીહના જાગેશ્વર મહતો અને ફલેન્દ્ર મહતો, બૈજનાથ મહતો, દિલીપ મહતો, ગંગાધર મહતો, સિરિયાના ત્રિલોકી મહતો, બસરિયાના દીપક કુમાર, ગોરહરના રોહિત મહતો અને સેવા મહતો (બધા હજારીબાગ જિલ્લાના)નો સમાવેશ થાય છે.

# હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા વચ્ચે ૯,૦૦૦ ફૂટની ઊંચાઈથી લકવાગ્રસ્ત વૃદ્ધ મહિલાને IAFએ બચાવી

શિમલા,
હિમાચલ પ્રદેશના ધાંડેરવાડીમાં, ભારે હિમવર્ષાને કારણે પ્રવેશ માર્ગો સંપૂર્ણપણે બંધ થઈ ગયા હતા, જેના કારણે ૮૫ વર્ષીય લકવાગ્રસ્ત મહિલા ગંભીર હાલતમાં હતી અને તેમને કોઈ તબીબી સહાય મળી ન હતી. માર્ગ સંપર્ક તૂટી જતાં, ભારતીય વાયુસેના (IAF) એ એક ચિતા હેલિકોપ્ટર તૈનાત કર્યું જે લગભગ શૂન્ય દૃશ્યતા અને અવિરત બરફવર્ષા છતાં ઉડાન ભરી હતી. મહિલાને ૯,૦૦૦ ફૂટની ઊંચાઈથી સુરક્ષિત રીતે એરલિફ્ટ કરવામાં આવી હતી અને ચંદીગઢ લઈ જવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, સમયસર તબીબી સહાયથી તેની સ્થિતિ સ્થિર થઈ ગઈ હતી. વાયુસેના દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં કર્મચારીઓ દર્દીને હેલિકોપ્ટરમાં લોડ કરતા પહેલા સ્ટ્રેચર પર બરફથી ઢંકાયેલા હેલિપેડ પર ખસેડતા જોવા મળે છે.

ભારતીય વાયુસેનાએ ઠ પર તેના સત્તાવાર હેન્ડલ પર પોસ્ટ કર્યું, જેમાં કહેવામાં આવ્યું છે કે, "IAF ના ચિત્તા હેલિકોપ્ટરે ૯,૦૦૦ ફૂટ પર સ્થિત હિમાચલ પ્રદેશના ધંદરવારીથી ૮૫ વર્ષીય લકવાગ્રસ્ત મહિલાનું કટોકટી તબીબી સ્થળાંતર સફળતાપૂર્વક હાથ ધર્યું."

અગાઉ, ભારતીય વાયુસેનાએ મણિપુરમાં અગ્નિશામક કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ત્રણ દિવસના સમયગાળામાં, IAF હેલિકોપ્ટરોએ વિશાળ આગને ઓલવવામાં મદદ કરવા માટે લગભગ ૪૦,૦૦૦ લિટર પાણી પૂરું પાડ્યું હતું. વાયુસેનાના જણાવ્યા અનુસાર, તેના Mi-17 ફ૫ હેલિકોપ્ટરોએ આગ, જોરદાર પવન અને ઓછી દૃશ્યતાનો સામનો કરતી વખતે આશરે ૯,૫૦૦ ફૂટ પર પાણી છોડવાના મિશન હાથ ધર્યા હતા.

# સંરક્ષણ મંત્રીએ યંત્ર ઈન્ડિયાને 'મિનિરત્ન' શ્રેણી-૧નો દરજ્જો આપવા મંજૂરી આપી

નવી દિલ્હી,
સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે યંત્ર ઈન્ડિયા લિમિટેડને 'મિનિરત્ન' કેટેગરી-૧ દરજ્જો આપવાને મંજૂરી આપી છે, જે આત્મનિર્ભર ભારતના વિઝન પ્રત્યે સરકારની સતત પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

તેમણે જણાવ્યું હતું કે આ વ્યાપક સંરક્ષણ સુધારાઓ સાથે સુસંગત છે જેનો ઉદ્દેશ્ય આયાત પર નિર્ભરતા ઘટાડવા, સ્થાનિક સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા, ભારતીય ઉદ્યોગની ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને ભારતને વૈશ્વિક સંરક્ષણ ઉત્પાદન કેન્દ્ર તરીકે સ્થાન આપવાનો છે.

અધિકારીઓએ ઉમેર્યું હતું કે તે સંરક્ષણ ઉત્પાદન, સંશોધન અને વ્યૂહાત્મક તકનીકોમાં સ્વદેશી ક્ષમતાઓના નિર્માણ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરે છે.

"મિનિરત્ન દરજ્જો YIL ના બોર્ડને સરકારની મંજૂરી વિના ૫૦૦ કરોડ સુધીના નવા પ્રોજેક્ટ્સ, આધુનિકીકરણ, સાધનોની ખરીદી વગેરે પર મૂડી ખર્ચ કરવા માટે સશક્ત બનાવે છે. આ કંપનીને ઝડપી વૃદ્ધિ માર્ગ અને સંરક્ષણ ઉત્પાદન અને નિકાસમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરવા માટે વધુ સશક્ત બનાવશે," સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું.

આ નિર્ણય આત્મનિર્ભર ભારતના વિઝન પ્રત્યે સરકારની સતત પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે, "સંરક્ષણ ઉત્પાદન, સંશોધન અને વ્યૂહાત્મક તકનીકોમાં સ્વદેશી ક્ષમતાઓના નિર્માણ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરીને".

લગભગ ચાર વર્ષના ટૂંકા ગાળામાં સરકારી સંગઠનમાંથી નફાકારક કોર્પોરેટ એન્ટિટીમાં રૂપાંતરિત થવા બદલ સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમને અભિનંદન આપતા, સિંહે રૈંન્ના મેનેજમેન્ટ દ્વારા કંપનીના ટર્નઓવરમાં વધારો કરવા, સ્વદેશીકરણને મહત્તમ કરવા અને 'મિનિરત્ન' દરજ્જો આપવા માટે અન્ય કામગીરી પરિમાણોને પૂર્ણ કરવા માટે લેવામાં આવેલી પહેલ પર સંતોષ વ્યક્ત કર્યો.

"YIL એ તેની સ્થાપના પછી નોંધપાત્ર સીમાચિહ્નો હાંસલ કર્યા છે, જેમાં ૨૦૨૧-૨૨ માં ?૯૫૬.૩૨ કરોડથી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૩,૧૦૮.૭૯ કરોડના વેચાણમાં શાનદાર વૃદ્ધિનો સમાવેશ થાય છે. નિકાસ મોરચે, તેણે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં NIL થી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૩૨૧.૭૭ કરોડનો વધારો હાંસલ કર્યો છે," નિવેદનમાં જણાવાયું છે.

# યુક્રેન-રશિયા-અમેરિકા ત્રિપક્ષીય વાટાઘાટોના બીજા રાઉન્ડ પહેલા ડિનિપ્રોમાં રશિયન ડ્રોન હુમલામાં ૧૫ લોકોના મોત

ડિનિપ્રો,
યુક્રેનના ડિનિપ્રોમાં ખાણકામ કરનારાઓને લઈ જતી બસ પર રશિયન ડ્રોન અથડાયા બાદ ૧૫ જેટલા લોકો માર્યા ગયા હતા, એમ યુક્રેનના કટોકટી અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. બસ તેમની શિફ્ટના અંતે કામદારોને લઈ જઈ રહી હતી ત્યારે તેને ટક્કર મારી હતી. કટોકટી સેવાઓ અનુસાર, આ હુમલામાં સાત અન્ય લોકો ઘાયલ થયા હતા. ઘટનાસ્થળે આગ લાગી હતી પરંતુ બાદમાં તેને કાબૂમાં લેવામાં આવી હતી.

યુક્રેન, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે અશાંતિગ્રસ્ત પ્રદેશમાં શાંતિ માટે વાટાઘાટોનો બીજો રાઉન્ડ શરૂ કરવા માટે ચર્ચાઓ વચ્ચે આ વાત સામે આવી છે.

યુક્રેનની સૌથી મોટી ખાનગી ઊર્જા કંપની, DTEK એ પુષ્ટિ આપી છે કે બસ કંપનીની છે. તેણે કહ્યું કે હડતાલ ડિનિપ્રોપેટ્રોવસ્ક પ્રદેશમાં તેના ખાણકામ કામગીરી પર "મોટા આતંકવાદી હુમલા" તરીકે વર્ણવવામાં આવેલા હડતાલનો એક ભાગ હતો.

ટેલિગ્રામ પર શેર કરાયેલા એક નિવેદનમાં, DTEK એ જણાવ્યું હતું કે મુખ્ય લક્ષ્યોમાંનું એક કંપનીની બસ હતી જે ખાણકામ કરનારાઓને કાર્યસ્થળથી દૂર લઈ જતી હતી. પ્રદેશની રાજધાની, ડિનિપ્રોને સંઘર્ષ દરમિયાન વારંવાર હુમલાઓનો સામનો કરવો પડ્યો છે.

અધિકારીઓ હડતાલ અને તેની અસર વિશે વધુ વિગતો એકત્રિત કરતી વખતે કટોકટી ટીમો સ્થળ પર કામ કરી રહી છે.

૪-૫ ફેબ્રુઆરીએ ત્રિપક્ષીય વાટાઘાટોનો આગામી રાઉન્ડ

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રવિવારે જણાવ્યું હતું કે યુક્રેન, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે લગભગ ચાર વર્ષ જૂના સંઘર્ષનો અંત લાવવાના હેતુથી ત્રિપક્ષીય વાટાઘાટોનો આગામી રાઉન્ડ ૪ અને ૫ ફેબ્રુઆરીએ યોજાવાનો છે.

"અમારી વાટાઘાટ ટીમ તરફથી અમને હમણાં જ એક અહેવાલ મળ્યો છે. આગામી ત્રિપક્ષીય બેઠકોની તારીખો નક્કી કરવામાં આવી છે: ૪ અને ૫ ફેબ્રુઆરીએ અબુ ધાબીમાં. યુક્રેન નોંધપાત્ર વાટાઘાટો માટે તૈયાર છે, અને અમને એવા પરિણામમાં રસ છે જે અમને યુદ્ધના વાસ્તવિક અને ગૌરવપૂર્ણ અંતની નજીક લાવશે," ઝેલેન્સકીએ ટેલિગ્રામ પોસ્ટમાં જણાવ્યું હતું.

# ભારત આવતા પ્રવાસીઓ હવે ૭૫૦૦૦ સુધીનો ડ્યુટી ફ્રી સામાન લાવી શકશે

**ભારતમાં આવતા પ્રવાસીઓ માટે બેગેજ નિયમોમાં ફેરફાર**



નવી દિલ્હી,
ભારતમાં આવતા પ્રવાસીઓ માટે સરકારે બેગેજ નિયમોમાં મોટા ફેરફારો કર્યા છે. આ બેગેજ નિયમો ૨૦૨૬ ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ થી અમલમાં આવે છે. જેમાં હવાઈ અથવા સમુદ્ર માર્ગે ભારતમાં આવતા મુસાફરોને ઉચ્ચ-મૂલ્યની વ્યક્તિગત વસ્તુઓ ડ્યુટી-ફ્રી લાવવાની મંજૂરી આપે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ એ ૧ ફેબ્રુઆરીના રોજ જાહેર કરેલી એક સૂચનામાં આ ફેરફારોની જાહેરાત કરી છે.

જેમાં ભારતીય રહેવાસીઓ, ભારતીય મૂળના પ્રવાસીઓ અથવા માન્ય વિઝા ધરાવતા વિદેશી નાગરિકો (ટૂરિસ્ટ વિઝા સિવાય) હવે રૂપિયા ૭૫,૦૦૦ સુધીની કિંમતની વસ્તુઓ ડ્યુટી-ફ્રી આયાત કરી શકે છે. આ મર્યાદા પહેલા રૂપિયા ૫૦,૦૦૦ હતી. વિદેશી પ્રવાસીઓ (ટૂરિસ્ટ વિઝા પર આવતા લોકો) માટે ડ્યુટી-ફ્રી મર્યાદા વધારીને રૂપિયા ૨૫,૦૦૦ કરવામાં આવી છે. જે પહેલા રૂપિયા ૧૫,૦૦૦ હતી.

ભારતીય રહેવાસીઓ અથવા ભારતીય મૂળના વ્યક્તિઓ કે જેઓ એક વર્ષથી વધુ સમયથી વિદેશમાં છે તેઓ પરત ફરતી વખતે મર્યાદિત માત્રામાં સોનાના દાગીના (અથવા અન્ય કિંમતી ધાતુઓથી બનેલા દાગીના) ડ્યુટી ચૂકવ્યા વિના ભારત લાવી શકે છે, જો કે તે વ્યક્તિગત ઉપયોગ માટે હોય અને વેચાણ માટે ન હોય તો મહિલા મુસાફરો મહત્તમ ૪૦ ગ્રામ સુધી અને પુરુષ મુસાફરો મહત્તમ ૨૦ ગ્રામ સુધી લાવી શકશે.

૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના કોઈપણ મુસાફર (ક્રૂ સભ્યો સિવાય) તેમના સામાનમાં ડ્યુટી ફ્રી નવું લેપટોપ અથવા નોટપેડ લાવી શકે છે. આ સુવિધા પ્રવાસીઓ માટે, ખાસ કરીને જેઓ વિદેશથી ઈલેક્ટ્રોનિક્સ લાવે છે તેમના માટે નોંધપાત્ર રાહત છે.

ઉલ્લેખનીય છે કે, ડ્યુટી-ફ્રી સામાનની મર્યાદા મુસાફરો વચ્ચે વહેંચી અથવા ભેગી કરી શકાતી નથી. દરેક મુસાફરનો પોતાની અલગ રાહત મળશે.આ સામાનમાંથી અમુક વસ્તુઓ (જેમ કે વધારાની સિગારેટ/તમાકુ/દારૂ, સોના અને ચાંદીના બાર, ટેલિવિઝન, વગેરે) બાકાત રાખવામાં આવશે.જયારે ક્ષ્ઈસ્છ હેઠળ ચલણ પરિવહન નિયમો સમાન રહેશે.

# ચૂંટણીના ૩ મહિના પહેલાં જ પશ્ચિમ બંગાળમાં કેમ SIR પ્રક્રિયા શરૂ કરવામાં આવી?

**બંગાળમાં મતદાર યાદી સુધારણા મામલે મમતા બેનરજીના ભાજપ અને ચૂંટણી પંચ પર પ્રહાર**



નવી દિલ્હી,
વિધાનસભા ચૂંટણી પહેલાં પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા વોટર લિસ્ટ મામલે રાજકારણ ગરમાયું છે. ખાસ કરી સીએમ મમતા બેનર્જી પણ આ મામલે મેદાને ઉતર્યા છે. આ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બંનેર્જીએ દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત પછી મમતાએ ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર પર ગંભીર પ્રહારો પણ કર્યા છે. મમતા બેનર્જીએ ચૂંટણી આયોગ પર ભાજપના ઈશારા પર કામ કરવાનો આરોપ લગાવ્યો છે. જેના કારણે મામલો વધારે ઉગ્ર બન્યો છે.

મળતી વિગતો પ્રમાણે ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને મળવા મમતા બેનર્જી સાથે ટીએમસીના નેશનલ જનરલ સેક્રેટરી અભિષેક બેનર્જી, પાર્ટીના ધારાસભ્ય કલ્યાણ બેનર્જી અને અન્ય લોકો ઓફિસ પહોંચ્યા હતા. આ લોકોએ ઓફિસ બહાર હોબાળો મચાવ્યો હતો. ચૂંટણી કમિશનરને મળ્યા પછી મમતા બેનર્જીએ કહ્યું કે ચૂંટણીના ૩ મહિના પહેલાં જ પશ્ચિમ બંગાળમાં કેમ જીૈંઇ પ્રક્રિયા શરૂ કરવામાં આવી? ચૂંટણીવાળા રાજ્યોને છોડી શકાય? આસામમાં ભાજપ સરકાર છે, ત્યાં SIRની પ્રક્રિયા કેમ શરૂ કરવામાં આવી નથી.

# ગોંડલમાં પોલીસ ભરતીની શારીરિક કસોટી પાસ કર્યા બાદ યુવાનનું હદય થંભી ગયું!

## યુવાનનું પોલીસ બનવાનું સ્વપ્ન અધુરૂ રહ્યું ૫ કિ.મી.ની દોડ ૨૩ મિનિટમાં પૂર્ણ કરી મિત્રના રૂમ તરફ જતી વખતે હાર્ટએટેક આવતા મોત



ગોંડલઃ ગોંડલના એસઆરપી ગ્રાઉન્ડમાં પોલીસ ભરતીની શારીરિક કસોટી દરમિયાન અત્યંત કરૂણ ઘટના બની હતી. કોડીનારના વડનગર ગામના ૨૭ વર્ષીય યુવાન નીતિન ચૌહાણ નામના યુવાનનું દોડ પૂર્ણ કર્યા બાદ હાર્ટએટેક આવવાથી મોત નીપજ્યું હતું.

મૃતક નીતિન ચૌહાણ છેલ્લા ત્રણ વર્ષથી પોલીસમાં ભરતી થવાનું સપનું સેવી રહ્યા હતા. સવારે ગોંડલના એસ.આર.પી. ગ્રાઉન્ડ ખાતે તેઓ શારીરિક કસોટી માટે હાજર રહ્યા હતા. ૫ કિમીની દોડ ૨૫ મિનીટનાં બદલે ૨૩ મિનીટમાં પૂર્ણ કરી પરીક્ષા પાસ કરી પરીક્ષા સ્થળ પરથી બહાર નીકળી મિત્રના રૂમ તરફ જતી વખતે અચાનક તેમનાં છાતીમાં અસહ્ય દુખાવો ઉપડયો હતો. તેમની સાથે આવેલા અન્ય ૬-૭ મિત્રો તત્કાલ તેમને બાઈક પર સિવિલ હોસ્પિટલ લઇ ગયા હતા. જયાં ટુંકી સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા હતા. ઘટનાની જાણ થતા જ એ.ડીવીઝન પી.આઇ. એલ.આર.ગોહિલ સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલ દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.મૃતક યુવાને એમએસસી જેવી માસ્ટર ડિગ્રી મેળવી હતી. પિતા ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. નીતિન બે ભાઇઓમાં નાનો હતો. હજુ એક વર્ષ પહેલાં જ તેમના લગ્ન થયા હતા, ત્યાં જ આ વજપાત થયો છે. બનાવનાં પગલે પરીવાર શોકમગ્ન બન્યો હતો.

# સેલ્ફી લેવાના ચક્કરમાં ૩ યુવકને વંદે ભારત ટ્રેને ઉડાવ્યા, ૨ નાં મોતઃ એક યુવાન ઉછળતા ગંભીર, રાજકોટની ગોંડલ ચોકડી પાસેનો બનાવ







રાજકોટઃ રાજકોટમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનની હડફેટે ત્રણ વ્યક્તિઓ આવી ગયા હતાં. ભક્તિનગર અને રિબડા રેલવે સ્ટેશન વચ્ચે આવેલા માલધારી ફાટક નજીક આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યુંછે, જ્યારે અન્ય એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે એન એકને ગંભીર ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે રેલવે તંત્ર અને સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયાં હતાં.પ્રત્યક્ષદર્શી કુલદીપ કોહરીએ જણાવ્યું હતું કે, સેલ્ફી લેવાના ચક્કરમાં અકસ્માત સર્જાયો હતો. અમે સાંજે ૪ વાગ્યે રૂમ પરથી નીકળ્યા હતા. મારી સાથે અન્ય મિત્રો સંદીપ કોહરી, સંદીપ પટેલ અને કપિલ પટેલ પણ હતા. તેઓ એક મિત્રને મૂકવા માટે જઈ રહ્યા હતા ત્યારે રેલવે લાઈન પાસે ફોટા અને સેલ્ફી લેવાનું નક્કી કર્યું હતું. જ્યારે તેઓ ટ્રેક પાસે સેલ્ફી લઈ રહ્યા હતા, ત્યારે અચાનક સામેથી ટ્રેન આવી ગઈ હતી.

ટ્રેન આવતી હોય તેવી રીલ અને સેલ્ફી લેવામાં આવી રહી હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. ત્રણેય યુવકો ઉત્તરપ્રદેશનાં રહેવાસી, અને રાજકોટના કારખાનામાં મજૂરી કામ કરતા હતાં. સમગ્ર મામલે રેલવે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ આજે ૨ ફેબ્રુઆરી બપોરના સમયે વંદે ભારત ટ્રેન પોતાના નિર્ધારિત રૂટ પર પસાર થઈ રહી હતી. ત્યારે અચાનક ૩ વ્યક્તિઓ ટ્રેનની અડફેટે આવી ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રેનને તાત્કાલિક ઉભી રાખવાની ફરજ પડી હતી. સ્થાનિકો દ્વારા આ અંગેની જાણ કરવામાં આવતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

મૃતકોઃસંદીપ પટેલ,સંદીપ કોહરી.ઈજાગ્રસ્તઃકપિલ પટેલ (૧૯ વર્ષ)યુવકના ફોનમાંથી રેલવે ટ્રેક ઉપર સેલ્ફી લેતા હોય તે પ્રકારના ફોટા મળ્યા,સ્થળ પરથી પોલીસને મોબાઈલ ફોન પણ મળી આવ્યો છે. જેમાં રેલવે ટ્રેક ઉપર સેલ્ફી લેતા હોય તે પ્રકારના અગાઉના ફોટા પણ મળી આવ્યા છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં ત્રણેય મિત્રો માલધારી ફાટક નજીક આવેલા એક કારખાનામાં મજૂરી કામકાજ કરતા હોવાનું તેમજ ઉત્તરપ્રદેશના રહેવાસી હોવાનું જાણવા મળી રહ્યું છે.પોલીસ દ્વારા મૃતકોના આધાર કાર્ડ સહિતના દસ્તાવેજો મેળવવા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. બંને મૃતકોની લાશને પોસ્ટ મોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી છે.

રાજકોટ ૧૦૮ના અધિકારી કીર્તનભાઈ પરમારે ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, બપોરે વંદે ભારત ટ્રેન હડફેટે ત્રણ વ્યક્તિઓ આવ્યા હોવાનો કોલ મળતા જ અમારી ટીમ લોકેશન પર પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં જ એક વ્યક્તિ મૃત જાહેર કરવામાં આવી હતી, જ્યારે અન્ય ૨ ઈજાગ્રસ્તોને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યારે અન્ય એક યુવકનો સારવાર

# હિરેન છાંટબાર હત્યા કેસના સાક્ષીએ પીધું ફિનાઈલ

## 'ભાઈને તારા લીધે સજા પડી, હવે તું જોઇ લેજે' ધમકી મળતાં યુવકે ફિનાઈલ પીધું

ગોંડલઃગોંડલના ચકચારી એવા હિરેન છાંટબાર હત્યા કેસમાં સાક્ષી રહેલા યુવાનને રસ્તામાં આંતરી, તારા લીધે જ મારા ભાઈને આજીવન કેદની સજા થઈ છે તેમ કહી હત્યારાના પિતરાઈ ભાઈ અને સાગરિતોએ જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવકે ફિનાઈલ ગટગટાવી લેતા હોસ્પિટલ ખસેડવામાં આવતા જે બનાવમાં ગોંડલ સીટી પોલીસે ગુનો નોંધ્યો હતો.ગોંડલની મોટી બજાર બાવાવાળા શેરીમાં રહેતા ૩૦ વર્ષીય યુવાન અર્જુન મહેન્દ્રભાઈ ચૌહાણે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મોઈન મકસુદ શેખ અને મોહસીનનું નામ આપતાં જણાવ્યું હતુ કે, બે દિવસ પહેલાં પોતે ઘરે હાજર હતો અને પત્ની દિપાલીને બહાર દુધ લેવા જવું હોય સાથે આવો તેમ કહેતા પત્ની અને દીકરા સાથે દૂધ લેવા જવા નીકળ્યા હતા.તે દરમ્યાન ઘરની સામે રહેતા મોઈન મકસુદભાઈ શેખ જેણે મારા મિત્ર હિરેન છાંટબારનું સાતેક વર્ષ પહેલાં મર્ડર કર્યું હતું અને પોતે આ મર્ડરમાં સાક્ષી હતો અને તે મર્ડર કેસમાં ૧૦ દિવસ પહેલા મોઈનના સગા મોટા ભાઈ હુસેન મકસુદભાઈ શેખને આજીવન કેદની સજા પડી હતી.જેનો ખાર રાખી ફરિયાદીને મોઈનએ ઉભા રાખી કહ્યું હતું કે તેં કેમ મારા ભાઈને તે સજા પડાવી તેમ કહી ગાળો આપી હતી. જેથી મેં તેને ગાળ દેવાની ના પાડતા તે એકદમ ઉશ્કેરાઈ ગયો અને કહેવા લાગ્યો હતો કે, તું જ આ મર્ડરના કેસમાં મુખ્ય સાક્ષી હતો અને તારા લીધે જ મારા ભાઈને સજા પડી છે, હવે તું જોઈ લે જે..તેમ કહી મને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.બાદમાં મોઈન સાથે હાજર તેના માસીના દીકરા મોહસીનએ પણ ગાળો દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમયે પત્ની અને પુત્ર સાથે હોય જેથી ત્યાંથી નીકળી ગયા હતા પરંતુ લાગી આવતાં ઘરમાં રહેલું ફિનાઈલ ગટગટાવી લીધુ હતું.

# જંગલેશ્વરના અસરગ્રસ્તોને હાઈકોર્ટની મોટી રાહત : કલમ-૨૦૨ હેઠળની નોટીસો રદ : ૯૦ દિવસની મુદત

## અસરગ્રસ્તોના પુર્નવસન વિશે વિચારવા પણ સરકારને સલાહ : સંભવિત ડિમોલીશનને હાલ તુર્ત બ્રેક



રાજકોટ:રાજકોટના જંગલેશ્વરમાં ગેરકાયદે દબાણો પર મેગા ડિમોલીશનની તૈયારી વચ્ચે હાઈકોર્ટે અસરગ્રસ્તોની તરફેણમાં હુકમ કર્યો છે કે કલમ ૨૦૨ હેઠળ અપાયેલી રેવન્યુ નોટીસ રદ કરવા ઉપરાંત કલેકટર-મહેસુલી તંત્રમાં ૯૦ દિવસમાં નવેસરથી અરજી કરવા આદેશ કર્યો છે ઉપરાંત અસરગ્રસ્તો માટે વૈકલ્પિક વ્યવસ્થા વિશે પણ સલાહ આપી છે.રાજકોટમાં ૧૬૦૦ પરિવારોની વસ્તી ધરાવતા જંગલેશ્વરમાં જંગી ગેરકાયદે દબાણ હોવાના ગેરકાયદે દબાણ હોવા સાથે રાજકોટનું કલેકટર તંત્ર એકશનમાં આવ્યું હતું. સરકારી જમીનમાં ખડકાયેલા દબાણો ખાલી કરવા નોટીસો આપી હતી.તમામ પરિવારોના લેખીત નિવેદનો અને વાંધા સુચનો પણ લેવામાં આવ્યા હતા અને છેવટે આ પ્રક્રિયા બાદ તમામને કલમ ૨૦૨ હેઠળ નોટીસો ફટકારીને ગેરકાયદે દબાણ ખાલી કરવા અને મેગા ડિમોલીશન હાથ ધરવાનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. ગત સપ્તાહે જિલ્લા કલેકટર દ્વારા પણ જંગલેશ્વરમાં પણ ડિમોલીશન થવાની સ્પષ્ટ જાહેરાત કરી લીધી હતી.

ડિમોલીશનના ખતરા વચ્ચે અસરગ્રસ્તોએ હાઈકોર્ટના દ્વારા ખખડાવ્યા હતા. ગત સપ્તાહમાં સુનાવણી દરમ્યાન કલેકટર તંત્ર વતી સરકારી વકીલ હાજર રહ્યા ન હતા. ત્યારે હાઈકોર્ટે ત્રણ દિવસનો સમય આપ્યો હતો. આજે આ કેસમાં સુનાવણી થઇ હતી. બંને પક્ષો દ્વારા આધાર પુરાવા સહિતની વિગતો સાથે દલીલો રજુ કરવામાં આવી હતી. હાઈકોર્ટે એક તબકકે અસરગ્રસ્તોના પુનઃવસન વિશે સવાલ પૂછયો હતો. સરકારી વકીલ દ્વારા પણ ધારદાર દલીલો રજુ કરવામાં આવી હતી જયારે અસરગ્રસ્તોના વકીલ તરફથી સુપ્રીમ કોર્ટના જુદા જુદા ચુકાદાઓ ટાંકવાની સાથોસાથ આ સ્થળે વર્ષોથી પરિવારોનો વસવાટ હોવા સહિતની દલીલો કરવામાં આવી હતી.સામસામી દલીલો બાદ હાઈકોર્ટે જંગલેશ્વરના અસરગ્રસ્તો રાહત આપતો ચુકાદો આપ્યો હતો જે અંતર્ગત કલમ ૨૦૨ હેઠળની નોટીસ રદ કરવાનો હુકમ કર્યો હતો. ઉપરાંત ૯૦ દિવસમાં અસરગ્રસ્ત લોકોને નવેસરથી કલેકટર-રેવન્યુ વિભાગ સમક્ષ અરજીઓ કરવા જણાવવામાં આવ્યું હતું.આમ ડિમોલીશન પ્રક્રિયામાં હાલ તુર્ત ૯૦ દિવસની રાહત મળી હતી. અસરગ્રસ્તો પુનઃવસન મામલે હાલ તુર્ત કોઈ આદેશ જારી કરવાનું હાઈકોર્ટે ટાળ્યું હતું અને જીઆરટીનો નિકાલ આવ્યા બાદ તેની સુનાવણી હાથ ધરાશે.

# ગોંડલ પાસેના લીલાખા ડેમના સુપરવાઈઝર ઉપર હુમલો કરનાર ઝડપાયા

ગોંડલ:લીલાખા ગામે ભાદર નદીની ડેમ સાઈટ પર રહેતા મૂળ જામ કલ્યાણપુરના જામરાવલ ગામના વતની પ્રભાતભાઈ અરજણભાઈ ઓડેદરા (ઉ.વ. ૬૨) દ્વારા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ત્રણ અજાણ્યા શખસોના નામ આપ્યા હતાં.વૃધ્ધે ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તેઓ ભાદર નદીમાં સુપરવાઈઝર તરીકે છેલ્લા બે વર્ષથી નોકરી કરે છે. પ્રભાતભાઈ તથા અંજુમભાઈ (રહે. ભાડલા) બંને ભાદર ડેમના કાંઠે માછીમારી કરતાં લોકોને રોકવા માટે પેટ્રોલિંગ કરતા હતાદરમિયાન બપોરના એકાદ વાગ્યા આસપાસ વોરાકોટડા ગામ પાસે આવેલા બિલેશ્વર મહાદેવના મંદિરથી ડેમના ગેટ બાજુ ભાદર નદીના કાંઠે જતા ત્યાં કેટલાક લોકો માછીમારી કરતા હોય જેથી તેમને માછીમારી કરવાની ના પાડતા આ ત્રણે શખ્સ ઉશ્કેરાયા હતા અને હાથમાં પથ્થરો લઈ છુટા ઘા કરવા લાગ્યા હતા. જેથી આ પથ્થર ફરિયાદીને વાગતા તેમને લોહી નીકળવા લાગ્યું હતું.બાદમાં આ ત્રણેય ત્યાંથી ભાગી ગયા હતા.ત્યારબાદ તેમણે આ અંગે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.બનાવને લઈ ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ગોંડલ તાલુકા પોલીસ મથકના પીઆઈ વી.એમ.ડોડીયા તથા ટીમે તપાસ હાથ ધરી પથ્થરમારો કરનાર વોરા કોટડા રોડ પર પંચપીરની ધાર પાસે રહેતી ત્રિપુટીને ઝડપી લીધી હતી. ઝડપાયેલા શખસોમાં ચંદુ કેશુભાઈ વાઘેલા, ધીરૂ ભીખાભાઈ વાઘેલા અને રોનિત ઉર્ફે ભગો કેશુભાઈ વાઘેલાનો સમાવેશ થાય છે. આ શખ્સોની સઘન પુછતાછ કરતા તેમણે ગુનાની કબુલાત આપી હતી.આ કામગીરીમાં પીઆઈ વી.એમ.ડોડીયાની રાહબરીમાં હેડ કોન્સ. કિશનભાઈ ચાવડા, રમેશભાઈ વાવડીયા અને કોન્સ. અશ્વીનભાઈ તાવીયા સાથે રહ્યા હતાં.

# મોડીરાતે રેસકોર્સ રિંગ રોડ પર આવેલી યસ બેંકમાં ભીષણ આગ

## ત્રણ ફાયર ફાઈટરની ટીમે કલાકની જહેમત બાદ કાબૂ મેળવ્યો, શોટ સર્કિટથી આગ લાગ્યું અનુમાન




રાજકોટ:રાજકોટ શહેરના રેસકોર્સ રિંગ રોડ પર આવેલ યસ બેંકમાં સોમવારે રાત્રિના ૧૧.૩૫ વાગ્યા આસપાસ આગ લાગી હતી. ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં અવતા તાત્કાલિક સ્થળ પર ૩ ફાયર ફાઈટરની મદદથી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આગ શોટ સર્કિટના કારણે લાગી હોવાનું સામે આવ્યું છે. આગથી બેંકમાં મોટા પ્રમાણમાં નુકસાન થયાનો પણ અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.રાજકોટ શહેરના જિલ્લા પંચાયત ચોક ખાતે બિલ્ડિંગના પહેલા માળે આવેલ યસ બેંકમાં ૨ ફેબ્રુઆરીની રાતે ૧૧.૩૫ વાગ્યા આસપાસ આગ લાગી હતી. જે બાદ ધીમે-ધીમે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ લાગવાના કારણે વધુ ગરમ થવાથી બેંકની બારીના કાચ ફૂટી નીચે રોડ પર ફૂટી રહ્યા હતા. આગ લાગવાની જાણ તાત્કાલિક પોલીસ અને ફાયર વિભાગને કરવામાં આવતા પોલીસ ટ્રાફિક ક્લિયર કરાવતા ત્રણ જેટલા ફાયર ફાઈટરની મદદથી આગ પર પાણી મારો ચલાવી કાબૂ મેળવવા પ્રયાસ શરૂ કરવામાં આવ્યા હતા.પ્રથમ બેંકના આગળના ભાગમાં પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. જો કે થોડી મિનિટો બાદ ફરી આગ શરૂ થતા બાદમાં કટરની મદદથી બેંકનું શટર લોક તોડી બેંકમાં અંદર પ્રવેશ કરી અંદરની બાજુથી પણ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આગ લાગવાના કારણે બેંકમાં મોટા પ્રમાણમાં નુકસાન થયા હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.આગ લાગવાની જાણ બેંકના અધિકારીઓને પણ કરવામાં આવતા રાત્રિ દરમિયાન અધિકારીઓ પણ બેંક ખાતે દોડી આવ્યા હતા અને હેડ ઓફિસ ખાતે અકસ્માતની જાણ કરવામાં આવી હતી. બનાવના પગલે પોલીસના પીઆઈ તેમજ એસીપી કક્ષાના અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતાં. લગભગ ૧૨.૩૫ વાગ્યા આસપાસ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

# ભાયાવદરમાં કોન્ટ્રાકટરના રોડના કામમાં પાલિકાના વાહનોનો ખુલ્લેઆમ દુરૂપયોગ



ભાયાવદરઃ ભાયાવદરમાં તાજેતરમાં જ ૨૬ જાન્યુઆરીના દિવસે સ્વણમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુજબ ૨૫ જેટલા વિવિધ વિસ્તારોમાં નવા સીસીરોડ બનાવવા માટે રૂા. ૨.૫૧ કરોડ જેટલી રકમની સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવામાં આવી હતી અને ધારાસભ્યના હસ્તે ખાતમહુર્ત કર્યું હતું. પરંતુ એ કામગીરીમાં નગરપાલિકાની સાધન-સામગ્રીનો ઉપયોગ કરવા સહિતની શંકાસ્પદ બાબતો પ્રકાશમાં આવતા ઉહાપોહ મચી ગયો છે અને વિપક્ષ દ્વારા તટસ્થ તપાસ કરીને જવાબદારો સામે પગલા ભરવાની માંગણી કરવામાં આવી છે.ભાયાવદરમાં હાલમાં નગરપાલિકાના મહિલા પ્રમુખના વોર્ડ નં. ૪ ના કારડીયાવાસ વિસ્તારમાં જૂનો બ્લોક રોડ તોડીને નવો સીસી રોડ બનાવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ આશ્ચર્યજનક રીતે આ કામમાં કોન્ટ્રાક્ટરના ટ્રેકટરના બદલે નગરપાલિકાના બે-બે વાહનો ચલાવામાં આવે છે. જેમાં તે જગ્યા ઉપરથી નીકળતા જૂના સિમેન્ટ બ્લોકને સરકારી ટ્રેકટરમાં ભરીને અંદાજે દોઢ કિલોમીટર દૂર ખાખીજાળીયા રોડ ઉપર ખાનગી જગ્યામાં ઠાલવવામાં આવી રહ્યા હોવાનો વીડિયો પણ વાયરલ થયો છે. આથી નગરપાલિકાની તિજોરીમાં નુકસાની આવશે. કારણ કે, આખરે તો નગરપાલિકાના વાહનોના ડીઝલ, ટાયર, ટ્રેકટર એન્જીન,પાવર બેટરી જેવાના બિલો મૂકી મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આદરવાની પેરવી થઈ રહ્યાનું ચર્ચાઈ રહ્યું છે.ચીફ ઓફિસરે જણાવ્યું કે, 'વિવાદિત સ્થળે જુના બ્લોક નગરપાલિકાને ઉપાડવાના હોય છે. મને એમ કે નવા પેવર બ્લોક નગરપાલિકાનું ટ્રેકટર ભરે છે..' એવો ગોળ ગોળ જવાબ આપી દીધો હતો. ખરેખર તો જ્યાં રોડ બની રહ્યો છે તે સીસીરોડ બને છે, તેથી નગરપાલિકાના ટ્રેક્ટરોમાં નવા પેવર બ્લોક ક્યાંથી આવે ? જો નવા પેવર બ્લોક કોન્ટ્રાકટરના ટ્રેકટર દ્વારા નાખવામાં આવતા હોય તો પણ જુના કાઢેલા બ્લોકને નગરપાલિકાના ટ્રેકટરમાં કેમ ભરવામાં આવે છે ? આવા વિચિત્ર સવાલ ઉભા થઈ રહ્યા છે.

# યુવતી પર પૂર્વ પ્રેમી અને તેના ભાઈનો હુમલો

રાજકોટઃમવડી વિસ્તારમાં આવેલ નહેરુનગરમાં પૂર્વ પ્રેમીએ યુવતિના ઘરે ધસી જઈ હુમલો કરી યુવતી અને તેની મામીને માર માર્યો હતો. બાદમાં યુવતી તેના પરિજનો સાથે ઘરમાં પુરાઈ જતાં પૂર્વ પ્રેમી અને તેના ભાઈએ ઘરમાં ઈંટના છૂટા ઘા કર્યા હતા. મામલામાં માલવિયાનગર પોલીસની ટીમે ગુનો નોંધી બંને શખ્સોની શોધખોળ શરુ કરી હતી. બનાવ અંગે નહેરુનગર શેરી નંબર-૪ માં રહેતી ૨૩ વર્ષીય યુવતી રાધીકાબેન ધરમશીભાઈ ડાભીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અહીં નહેરુનગર શેરી નં.-૫ માં રહેતા પ્રતાપસિંહ ઉર્ફે પતિયો સુખદેવસિંહ જાડેજા અને હેમાંગ પ્રતાપસિંહ જાડેજાનું નામ આપતાં જણાવ્યું હતું કે, અમારા ઘરની નજીકમાં રહેતા પ્રતાપસિંહ ઉર્ફે પતીયો સુખદેવસિંહ જાડેજાને હું આશરે સાતેક વર્ષથી ઓળખુ છુ અને તેની સાથે મારે મિત્રતાના સબંધો હતા. આશરે ૧ વર્ષ પહેલા મારે પ્રતાપસિંહ સુખદેવસિંહ જાડેજા સાથે અણબનાવ બનતા અમારે મિત્રતાના સંબંધ પુર્ણ થઇ ગયેલ છે. ગત તા.૦૧/૦૨/૨૦૨૬ ના સાંજના આશરે પાંચેક વાગ્યાની આસપાસ હું ઘરે હતી. ત્યારે પ્રતાપસિંહ અમારા ઘરની બહાર ઉભો રહીને કોઇ કારણ વગર મને તથા મારા પરીવારના સભ્યોને ગાળો આપવા લાગેલ હતો. જેથી અમે ઘરની બહાર નિકળીને તેને કહેલ કે કેમ કારણ વગર અમને ગાળો આપે છે. ત્યારે પ્રતાપસિંહે મને કહેલ કે, તુ કેમ હવે મારી સાથે વાત કરતી નથી. જેથી મે તેની સાથે હવે કોઈપણ જાતના સંબંધ રાખવાની ના પાડતા પ્રતાપસિંહ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મારી સાથે મારામારી કરી મને શરીરે મુંઢમાર મારવા લાગેલ હતો. દરમિયાન પ્રતાપસિંહનો ભાઈ હેમાંગ પણ ત્યા આવી ગયેલ અને તે પણ મારી સાથે મારામારી કરવા લાગેલ હતો. જેથી મારા ઘરે આવેલ મારા મામી અંજુબેન મને છોડાવવા માટે વચ્ચે પડતા પ્રતાપસિંહે તેમને પણ માર મારેલ હતો. બાદ તે કહેવા લાગેલ કે, આજે તો તમને મારી જ નાખવા છે. જેથી હુ તથા મારા પરીવારના સભ્યો ઘરમા જતા રહેલ હતા. બાદ પ્રતાપસિંહે અમારા ઘરમાં ઇંટોના ઘા કરેલ હતા.બનાવને પગલે યુવતીએ ફરિયાદ આપતાં માલવિયાનગર પોલીસની ટીમે બંને શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ આદરી હતી.

# પોલિસના નાઈટ કોમ્બિંગમાં છરી સાથે છ અને ૧૯ પીધેલા ઝપટે ચડ્યા

રાજકોટઃશહેર પોલીસ દ્વારા રવિવારે કોમ્બિંગ નાઈટ દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારમાંથી છરી સાથે છ શખસોને ઝડપી લીધા હતા. જ્યારે દારૂ પી નીકળેલા ૧૯ શખસો પોલીસની ઝપટે ચડી ગયા હતા જેની સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવા અને ગુનેગારો પર લગામ કસવા માટે શહેર પોલીસ દ્વારા સમયાંતરે કોમ્બિંગ નાઈટ કરવામાં આવે છે. દરમિયાન ગઈકાલ રાત્રિના પોલીસ દ્વારા કોમ્બિંગ નાઈટ કરવામાં આવી હતી જેમાં ૨૫ શખસો પોલીસની ઝપટે ચડી ગયા હતા. પોલીસે છરી સાથે છ શખસો અને દારૂ પી નીકળેલા ૧૯ શખસોને ઝડપી લીધા હતા. ત્રિવેણી ગેટ સંત કબીર રોડ પરથી રાજેશ વઢરૂકીયાને, કુવાડવા રોડ પરથી નવઘણ બોડા અને નવાગામ આણંદ પર ટ્રાન્સપોર્ટ નગરથી મહેશ સાગઠીયાને નશાની હાલતમાં ઝડપી લીધા હતા.

ભાવનગર રોડ ચુનારાવાડ ચોક પાસેથી જીતેન્દ્ર ગોહિલ અને લાખાજીરાજ ઉદ્યોગ નગર ભરવાડવાળી શેરીમાંથી હરીશ ઘૂમડેને, દેવપરા મેઈન રોડ પરથી પરવેજ બાભવાણીને અને સહકાર મેઈન રોડ ત્રિશુલ ચોક પરથી નિકુંજ ડોબરીયાને, માલવીયાનગર પોલીસે કે.કે.વી હોલની પાછળ આવેલ મફતીયા પરામાંથી યશપાલગીરી ગોસ્વામી અને નાનામવા રોડ અતિથિ ચોક પાસેથી નારુભા ચુડાસમાને, ૧૫૦ ફૂટ રીંગ રોડ ઠાકર ચોક બાજુમાં જેન્તી ગોહિલને અને વાવડી મેન રોડ પુનિત ટાંકાની સામેથી વિશાલ સરધારા અને પ્રતીક સરધારાને,ન્યૂ ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી ભરત બહાદુર બુઢાને,વાવડી મેન રોડ પરથી કમલેશ ચાંડેગરા, જામનગર રોડ પરથી લખમણ ખુંટીને, ગાયકવાડીમાંથી જયદીપ મલસાતરને , જંગલેશ્વર એકતા કોલોનીમાંથી અશોક રાઠોડ અને પવનપુત્ર ચોક સુલભ શોચાલય પાસેથી કિશોર ચાવડાને, રૈયાધાર મફતિયા પરા દશામાના મંદિર પાસેથી કિરીટ મકવાણાને પકડી પાડ્યા હતા.જ્યારેબી ડિવિઝન પોલીસે અમરધામ સ્મશાન પાસેથી ખેંગાર સભાડને,થોરાળા પોલીસે રાજકોટ ભાવનગર રોડ આઈ.ટી.આઈ સામેથી વિશાલ મકવાણાને અને ચુનારાવાડ ચોક, ભાવનગર રોડ પરથી પ્રભાત મકવાણાને, આજી ડેમ પોલીસે આજી ડેમ પોલીસ સ્ટેશનની અંદર ઈન્વેન્શન રૂમ ખાતેથી વિજય સોલંકી, ગાંધીગ્રામ પોલીસે રૈયા રોડ હનુમાન મઢી પાસેથી મનોજ રાઠોડ, યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મફતિયા પરા દશામાના મંદિર પાસેથી વિજય વાજેલીયાને છરી સાથે ઝડપી લઇ તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# પાણીની ડોલમાં ડૂબી જતાં બે વર્ષની બાળકીનું મોત

રાજકોટ:આણંદપર બાઘી ગામે સાસરૂ ધરાવતી પૂજા અનિલ સોલંકી હાલ બે મહિનાથી રાજકોટ ગ્રીનલેન્ડ ચોક પાસે પિતાને ત્યાં રિસામણે આવી છે. ગઈકાલે સાંજે તેની દીકરી ધર્મિષ્ઠા અનિલ સોલંકી (ઉ.વ.૨) રમતી રમતી ઘરના બીજા માળે બાથરૂમમાં જતી રહેતાં ત્યાં પાણીની ડોલ ભરેલી હતી તેમાં પડી ગઇ હતી. આ વખતે નળ પણ ચાલુ થઇ ગયો હતો અને ધર્મિષ?ઠા ઉંધે માથે પડતા પાણી પી ગઇ હતી. થોડીવાર પછી તેની માતાને ખબર પડતાં તે બાળકીને શોધવા નીકળી ત?યારે બાથરૂમમાં ભરેલી ડોલમાંથી તેણી મળી આવતાં બેભાન હાલતમાં રાજકોટ ઝનાના હોસ્પિટલમાં બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન બાળકીને તબીબે મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો.